દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૨ ■ Volume 66 ■ Issue 265 ■ વિક્રમ સંવત ૨૦૭૯

■ આશ્વિન વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 November 2023, Saturday ■ REGD.No. MCS/058/2018-20

શનિવાર, ૧૧ નવેમ્બર ૨૦૨૩, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૬ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ધનતેરસે દેશભરમાં ₹ ૫૦ હજાર કરોડથી વધુનો વેપાર

નવી દિલ્હી: પાંચ દિવસીય દિવાળી પર્વનો શુક્રવારથી (૧૦ નવેમ્બર) પ્રારંભ થયો હતો. શુક્રવારે ધનતેરસ હતી. ધનતેરસના અવસર પર દેશભરના બજારોમાં અદ્ભુત ખરીદી જોવા મળી હતી. ધનતેરસથી શરૂ થયેલા પાંચ દિવસીય દીપોત્સવને લઈને બજારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તો ટ્રેડર્સ ફેડરેશનના જણાવ્યા અનુસાર ધનતેરસ પર દેશભરમાં પચાસ હજાર કરોડથી વધુનો બિઝનેસ થયો હતો. જેમાં ૩૦ હજાર કરોડ રૂપિયાનું સોનું અને ચાંદી અને ૨૦ હજાર કરોડ રૂપિયાના સામાનનું વેચાણ થયું હતું. બજારમાં ખરીદીનો એટલો ધમધમાટ હતો કે મુંબઈ અને દિલ્હીમાં ગુરુવાર રાતે પડેલા વરસાદની પણ ગ્રાહકો પર કોઈ અસર થઈ ન હતી.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ અનુસાર દેશભરમાં પચાસ હજાર કરોડ રૂપિયાથી વધુનો વેપાર થયો હતો, જેમાંથી ૩૦ હજાર કરોડનો વેપાર માત્ર સોના ચાંદીમાં જ થયો હતો. દિલ્હીના બુલિયન માર્કેટમાં સવારથી જ ભારે ભીડ જોવા મળી રહે છે. ગયા વર્ષ કરતાં આ વર્ષે દોઢ ગણા વધુ ગ્રાહકો છે. તેથી વેચાણ પણ જબરદસ્ત થઇ રહ્યું છે. સામાન્ય દિવસોમાં બુલિયન માર્કેટ સાંજે સાત વાગ્યે બંધ થાય છે, પરંતુ ધનતેરસની મધરાત સુધી ધંધો ચાલુ રહ્યો હતો. ૪૧ ટન સોનાનું વેચાણ: વર્ષ ૨૦૨૨માં સોનાની કિંમત ૫૨૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી, જ્યારે તે સમયે તે ૬૨૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામમાં ઉપલબ્ધ હતી. ગત દિવાળી પર ચાંદી ૬૭,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ હતી, જે આ વર્ષે ૭૨,૦૦૦ રૂપિયા પ્રતિ કિલો છે. એક અનુમાન મુજબ ધનતેરસ પર દેશમાં લગભગ ૪૧ ટન સોનું અને લગભગ ૪૦૦ ટન ચાંદીના ઘરેણા અને સિક્કાનું વેચાણ થયું હતું. દેશભરમાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડનો બિઝનેસ: ટ્રેડર્સ ફેડરેશન કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના અંદાજ મુજબ ધનતેરસના અવસર પર દેશભરમાં રૂપિયા પચાસ હજાર કરોડથી વધુનો વેપાર થયો હતો, જેમાંથી એકલા દિલ્હીમાં પાંચ હજાર કરોડ રૂપિયાનો બિઝનેસ થયો હતો. ધનતેરસના દિવસે ગણેશ, લક્ષ્મી, કુબેરની મૂર્તિઓ કે ચિત્રો ખરીદવામાં આવે છે. આ ઉપરાંત વાસણો, રસોડાના ઉપકરણો, ઈલેક્ટ્રોનિક વસ્તુઓની સાથે સાવરણી ખરીદવી શુભ માનવામાં આવે છે અને તેથી તેની ખૂબ માંગ છે. દિવાળી માટે માટીના દીવા, કંદીલ, ઘર અને ઓફિસ ડેકોરેશનની વસ્તુઓ, ફર્નિશિંગ ફેબ્રિક, દિવાળી પૂજા સામગ્રી પણ બહુ વેચાઈ રહી છે.

## રાજસ્થાનમાં ભૂકંપના આંચકા

જયપુર: રાજસ્થાનના ટોંક અને આસપાસના વિસ્તારોમાં શનિવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સિસ્મોલોજી સેન્ટર અનુસાર, ટોંકમાં લગભગ ૧૦.૩૦ વાગ્યે ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જો કે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. ગત સપ્તાહની શરૂઆતમાં સમગ્ર ઉત્તર ભારત જોરદાર ભૂકંપથી હચમચી ગયું હતું. આ ભૂકંપનું કેન્દ્ર નેપાળમાં હતું અને અહીં મોટી તબાહી સર્જાઈ હતી, જેમાં ૧૫૦ થી વધુ લોકોના મોત થયા હતા. આપણી પૃથ્વી મુખ્યત્વે ચાર સ્તરોથી બનેલી છે, જેને આંતરિક કોર, આઉટર કોર, મેન્ટલ અને ક્રસ્ટ કહેવામાં આવે છે. પોપડા અને ઉપરના આવરણને લિથોસ્ફિયર કહેવામાં આવે છે. આ ૫૦ કિલોમીટર જાડો સ્તર છે, જેને ટેક્ટોનિક પ્લેટ્સ કહેવામાં આવે છે. આ ટેકટોનિક પ્લેટો તેમની જગ્યાએથી ફરતી અને સરકતી રહે છે. આ પ્લેટો સામાન્ય રીતે દર વર્ષે તેમના સ્થાનેથી લગભગ ૪-૫ મીમી ખસી જાય છે. તેઓ તેમના સ્થાનેથી આડા અને ઊભા બંને રીતે ખસી શકે છે. આ ક્રમમાં, ક્યારેક એક પ્લેટ બીજી પ્લેટની નજીક જાય છે અને ક્યારેક તે દૂર ખસી જાય છે. આ દરમિયાન ક્યારેક આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે. આવા સંજોગોમાં જ ધરતીકંપ આવે છે અને ધરતી ધ્રૂજે છે. આ પ્લેટ્સ પૃથ્વીની સપાટીથી લગભગ ૩૦-૫૦ કિમી નીચે છે.

## ગુજરાતમાં ઠંડીનો ચમકારો

### ગાંધીનગરમાં ૧૯ ડિગ્રી, નલિયામાં ૧૮ ડિગ્રીની આસપાસ લઘુત્તમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીમાં વધારો થઇ રહ્યો છે. લોકો રાત્રીના સમયે અને સવારે ઠંડીનો અનુભવ કરી રહ્યાં છે. જોકે હજી પણ બપોરના સમયે આછી ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. શુક્રવારે ગાંધીનગરમાં ૧૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન, નલિયામાં ૧૮ ડિગ્રીની આસપાસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં ગુરુવારે કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં અન્ય શહેરોમાં લઘુત્તમ તાપમાન અમદાવાદમાં ૨૦.૩ ડિગ્રી, ડીસામાં ૨૧.૨ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૯ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૨૨.૮ ડિગ્રી, વડોદરામાં ૨૧.૨ ડિગ્રી, સુરતમાં ૨૪.૮ ડિગ્રી, વલસાડમાં ૨૦.૨ ડિગ્રી, ભુજમાં ૨૨.૬ ડિગ્રી, નલિયામાં ૧૮.૮ ડિગ્રી, કંડલા પોર્ટમાં ૨૪ ડિગ્રી, અમરેલીમાં ૨૧.૧ ડિગ્રી, ભાવનગરમાં ૨૪.૬ ડિગ્રી, દ્વારકામાં ૨૪.૨ ડિગ્રી, ઓખામાં ૨૬.૬ ડિગ્રી, પોરબંદરમાં ૨૨ ડિગ્રી, રાજકોટમાં ૨૨.૨ ડિગ્રી, વેરાવળમાં ૨૪.૮ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૨૧ ડિગ્રી, મહુવામાં ૨૧.૩ ડિગ્રી અને કેશોદમાં ૨૧.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

## પેટ્રોલ, ડીઝલને જીએસટી હેઠળ લાવવાની કેન્દ્રની ઈચ્છા: નાણાં પ્રધાન

ઇન્દોર: કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શુક્રવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પેટ્રોલ અને ડીઝલને ગુડ્સ એન્ડ સર્વિસીસ ટૅક્સ (જીએસટી - માલ અને સેવા કર) હેઠળ લાવવા માગે છે, પરંતુ આ મુદ્દે કૉંગ્રેસ પક્ષ બેવડું ધોરણ અપનાવી રહ્યો છે.

તેમણે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે ભાજપ અને તેના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર જનતાના લાભાર્થે પેટ્રોલિયમ ઉત્પાદનોને જીએસટી હેઠળ લાવવાની તરફેણમાં શરૂઆતથી જ છે. જો પ્રિયંકા (ગાંધી વડરા) પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ લાવવાની તરફેણમાં હોય તો તેણે કૉંગ્રેસ દ્વારા શાસિત બધી રાજ્ય સરકારોને

જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ માટે સંમતિ આપવા સૂચના આપવી જોઇએ. પ્રસારમાધ્યમોએ કૉંગ્રેસને આ મુદ્દે અપનાવવામાં આવતા બેવડાં વલણ અંગે સવાલ પૂછવો જોઇએ.

કૉંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધી વડરા ચૂંટણીપ્રચારમાં કેન્દ્ર અને મધ્ય પ્રદેશની સરકારોને મોંઘવારી બદલ દોષ દઇ રહી છે. મધ્ય પ્રદેશમાં ૧૭ નવેમ્બરે વિધાનસભાની ચૂંટણીનું મતદાન થવાનું છે.

નિર્મલા સીતારમણને ઇઝરાયલદ્ધ - હમાસ વચ્ચેના યુદ્ધની દેશના અર્થતંત્ર પરની માઠી અસર અંગે પુછાયેલા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે રશિયા અને યુક્રેન વચ્ચે લડાઇ શરૂ થઇ ત્યારથી ખનિજ તેલના ભાવ વધવાની ધારણા કરાઇ રહી છે, પરંતુ અમે ખનિજ તેલમાંનો ભાવ વધારો રોકવા બનતા પ્રયાસ કરી રહ્યા છીએ. અમે ઇઝરાયલ અને પેલેસ્ટાઇન વચ્ચેની લડાઇ અને તેની ખનિજ તેલના પુરવઠા અને ભાવ પર થતી અસર પર સતત નજર રાખી રહ્યા છીએ.

કેન્દ્રનાં નાણાં પ્રધાને જણાવ્યું હતું કે અમારી સરકાર ટમેટાં, લોટ, કઠોળ અને દૈનિક વપરાશની અન્ય ચીજોના ભાવ નિયંત્રણમાં રાખવા માટે ઘણાં લાંબા સમયથી અસરકારક પગલાં લઇ રહી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસના શાસન વખતે ૨૨ મહિના સુધી ફુગાવાનો દર ૧૦ ટકાથી વધુ રહ્યો હતો, પરંતુ તેની સરકાર તેને નિયંત્રણમાં લાવી નહોતી શકી. (એજન્સી)

## યુપીમાં ટ્રકે બસને ટક્કર મારતાં છનાં મોત

ગોરખપુર: જગદીશપુર નજીક હાઇવે પર એક ઝડપી ટ્રક રોડવેઝ બસ સાથે અથડાતાં છ જણના મોત થયા હતા અને પચીસથી વધુ ઘાયલ થયા હતા. પોલીસ અધિક્ષક (શહેર) કૃષ્ણ કુમારે શુક્રવારે જણાવ્યું હતું કે, ગોરખપુરથી કુશીનગરના પદ્રૌના જઈ રહેલી બસમાં ૩૦થી વધુ મુસાફરો સવાર હતા. ગોરખપુર-કુશીનગર હાઈવે પર ગુરુવારે રાત્રે અકસ્માત થયો હતો.

બસમાં ખરાબી આવતા તે રોડને કિનારે ઊભી હતી. કેટલાક મુસાફરો બસમાંથી ઉતરી ગયા હતા, જ્યારે અન્ય લોકો અંદર બેઠા હતા.

અચાનક એક ટ્રકે આવીને બસને પાછળથી ટકકર મારી હતી, જેમાં બે જણના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અકસ્માત બાદ ટ્રક ડ્રાઈવર નાસી ગયો હતો. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન અન્ય ચારના મોત થયા હતાં.

એમણે વધુમાં જણાવ્યું હતું કે ટ્રકને જપ્ત કરવામાં આવી છે અને પોલીસ ડ્રાઇવરની શોધ કરી રહી છે.

મૃતકોમાંથી ચારની ઓળખ શૈલેષ પટેલ (૨૫), સુરેશ ચૌહાણ (૩૫), નિતેશ સિંહ (૨૫) અને હિમાંશુ યાદવ (૨૪) તરીકે કરવામાં આવી હતી.

તેઓ બધા જ કુશીનગરના રહેવાસી હતાં.

## કાશ્મીરમાં ₹ ૮૫ કરોડના ટેરર ફંડિંગ કેસ રેકેટનો પર્દાફાશ: વરિષ્ઠ પોલીસ અધિકારીના ઘરે દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

નવી દિલ્હી: કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની મુખ્ય તપાસ એજન્સી સ્ટેટ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એસઆઈએ) દ્વારા બુધવાર અને શુક્રવારની વચ્ચે ટેરર ફંડિંગ રેકેટની તપાસ માટે દરોડા પાડવામાં આવ્યા હતા. સુત્રોના જણાવ્યા મુજબ કથિત ૮૫ કરોડ રૂપિયાના ટેરર ફંડિંગ રેકેટમાં સંડોવાયેલા શંકાસ્પદોમાં એક વરિષ્ઠ પોલીસ અધિકારી અને શ્રીનગરના એક અગ્રણી ઉદ્યોગપતિ પણ સામેલ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ મામલો તાજેતરમાં દેશમાં સામે આવેલો સૌથી મોટો ટેરર ફંડિંગ કેસ હોઈ શકે છે.

તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, આ ટેરર ફંડિંગ કેસમાં ૮૫ કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું અને ગુપ્ત ચેનલો દ્વારા લોન્ડરિંગ કરવામાં આવ્યું હતું. એવી શંકા છે કે આ નાણાંનો ઉપયોગ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ અને અલગાવવાદને પોષવા માટે કરવામાં આવ્યો હતો.

જમ્મુ અને કાશ્મીર પોલીસની રાજ્ય તપાસ એજન્સી એસઆઈએએ શુક્રવારે આતંકવાદી પ્રવૃત્તિઓને નાણાં પૂરા પાડવાના કેસમાં ત્રણ જિલ્લામાં દરોડા પાડ્યા હતા. એસઆઈએએ જણાવ્યું કે ખીણના શ્રીનગર, અનંતનાગ અને પુલવામા જિલ્લામાં દરોડા પાડવામાં આવ્યા હતા. એજન્સીની વિશેષ ટીમે ત્રણ જિલ્લામાં ૧૦ સ્થળોએ સર્ચ કર્યું હતું. ટીમે મોબાઈલ, લેપટોપ, સિમ કાર્ડ, પાસપોર્ટ, ચેક, પાસબુક અને ક્રેડિટ/ડેબિટ કાર્ડ સહિત અન્ય વસ્તુઓ જપ્ત કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ કથિત મની-લોન્ડરિંગ નેટવર્ક દુબઈ સાથે જોડાયેલો હોઈ શકે છે. જે સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા તેમાં એક વરિષ્ઠ પોલીસ અધિકારી અને એક અગ્રણી ઉદ્યોગપતિના પરિસરનો પણ સમાવેશ થાય છે.

## કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા પર્વતીય વિસ્તારોમાં માઈનસ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

નવી દિલ્હી: હિમાચલ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીર રાજ્યોમાં શુક્રવારે હિમવર્ષા અને વરસાદ થતા તાપમાનનો પારો ગગડીને માઈનસમાં પહોંચી ગયો હતો. ભૂસ્ખલનને કારણે કાશ્મીરના મુખ્ય માર્ગો બંધ કરવાની ફરજ પડી હતી, જ્યારે હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા પછી, અટલ ટનલ, રોહતાંગ પાસ, શિકારી દેવી અને કમરુનાગની આસપાસ પ્રવાસીઓની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન માઈનસ થઈ ગયું હતું. દિલ્હી-એનસીઆરમાં પણ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ હતી. આગામી દિવસોમાં દેશના અન્ય ભાગોમાં ઠંડીનો ચમકારો જોવા મળે એવી શક્યતા છે.

કાશ્મીરના ઊંચાઈ પર આવેલા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ હતી. ખરાબ હવામાનને કારણે કટરા-સાંજીછટ હેલિકોપ્ટર સેવા પ્રભાવિત થઇ હતી. રાજ્યમાં તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો હતો. ટ્રાફિક પોલીસે જ્યાં સુધી જમ્મુ-શ્રીનગર હાઈવે પુન શરુ ન થાય ત્યાં સુધી મુસાફરી ન કરવાની સલાહ આપી હતી. રાજોરી, પૂંચ, રિયાસી, ડોડા, કિશ્તવાડ, રામબન, કઠુઆના ઉપરના વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી. વિશ્વ પ્રસિદ્ધ પર્યટન સ્થળ ગુલમર્ગમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ હતી. શ્રીનગરના હવામાન કેન્દ્ર જણાવ્યા અનુસાર હવે ૧૪ નવેમ્બર સુધી હવામાન સ્વચ્છ રહેશે.

હિમાચલ પ્રદેશમાંમાં યલો એલર્ટ વચ્ચે હિમવર્ષા અને વરસાદને કારણે સોલંગનાલા અને માઢી પાસે જ પ્રવાસીઓ રોકી દેવામાં આવ્યા હતા. હવામાનમાં આવેલા પલટાને કારણે રાજ્યમાં મહત્તમ તાપમાનમાં છ ડિગ્રીનો ઘટાડો થયો હતો. મંડી જિલ્લાના ચૌહરઘાટીની બારાગાંવ પંચાયતમાં વીજળી પડવાથી પાંચ પશુઓના મોત થયા હતા.

કુલ્લુ અને લાહૌલ અને સ્પિતિ જિલ્લાના ઉપરના વિસ્તારોમાં હિમવર્ષા પછી મહત્વપૂર્ણ લેહ-મનાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનોની અવરજવર બંધ કરવામાં આવી હતી. અટલ ટનલ, સિસુ, કોક્સર અને રોહતાંગ પાસ પાસે હળવાથી મધ્યમ હિમવર્ષા થઈ હતી.

ઉત્તરાખંડના બદ્રીનાથ ધામમાં હવામાનમાં અચાનક પલટો આવતા તાપમાનનો પારો ૧ ડિગ્રી સુધી ગગડી ગયો હતો. જેના કારણે ધામમાં કડકડતી ઠંડી પડી રહી છે. યાત્રિકોએ કડકડતી ઠંડી વચ્ચે બદ્રીનાથના દર્શન કર્યા હતા.

## એક સમયનું સુરક્ષિત આશ્રયસ્થાન ગણાતુ પાકિસ્તાન બન્યું ભારતના દુશ્મનોનું કબ્રસ્તાન

### લશ્કર કમાન્ડર અકરમ ગાઝીની થઈ ગોળી મારીને હત્યા

ઇસ્લામાબાદ: પાકિસ્તાનમાં ભારતના દુશ્મન અને અકરમ ગાઝી તરીકે ઓળખાતા લશ્કર-એ-તૈયબાના પૂર્વ કમાન્ડર અકરમ ખાનને ઠાર કરવામાં આવ્યો છે. અકરમે ૨૦૧૮ થી ૨૦૨૦ દરમિયાન લશ્કરમાં ભરતીનું અને ભારત વિરુદ્ધ ઝેર ઓકવાનું જ કામ કર્યું હતું. બાજૌરમાં કથિત રીતે અજાણ્યા હુમલાખોરો દ્વારા તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. અકરમ લશ્કરના ટોચના કમાન્ડરોમાંનો એક હતો અને તે લાંબા સમયથી આતંકવાદી ગતિવિધિઓમાં પણ સામેલ હતો.

પાકિસ્તાનમાં આતંકીઓની હત્યાનો આ પહેલો કિસ્સો નથી, જ્યારે પાકિસ્તાનમાં આતંકીઓને નિશાન બનાવવામાં આવ્યા હોય. અગાઉ પણ મુફ્તી કૈસર ફારુક, ખાલિસ્તાની આતંકવાદી પરમજીત સિંહ પંજવાડ, એજાઝ અહેમદ અહંગર, બશીર અહેમદ પીર, શાહિદ લતીફ અને સૈયદ ખાલિદ રઝા જેવા આતંકવાદીઓ અજાણ્યા હુમલાખોરો દ્વારા માર્યા ગયા હતા. અજાણ્યા લોકો દ્વારા કરવામાં આવેલા આ હુમલાઓએ આતંકવાદીઓની સાથે સાથે પાકિસ્તાની પ્રશાસનની પણ ઉંઘ હરામ કરી દીધી છે.

આ વર્ષે વર્ષે ઓક્ટોબરમાં પઠાણકોટ હુમલાના માસ્ટરમાઇન્ડ શાહિદ લતીફને પાકિસ્તાનના સિયાલકોટમાં ઠાર કરવામાં આવ્યો હતો. લતીફ ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓમાંનો એક હતો અને ૨૦૧૬માં પઠાણકોટ એરફોર્સ સ્ટેશનમાં ઘૂસેલા ચાર આતંકવાદીઓનો હેન્ડલર હતો. તેના મૃત્યુ પહેલા, એજાઝ અહેમદ અહંગર અને સૈયદ ખાલિદ રઝાની પણ અજાણ્યા હુમલાખોરો દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ ઉપરાંત ભારતના વોન્ટેડ આતંકીઓની યાદીમાં રહેલા સૈયદ નૂર શાલોબરની પણ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા વિસ્તારમાં અજાણ્યા બંદૂકધારી દ્વારા હત્યા કરવામાં આવી હતી. તેણે કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવા માટે સેના અને ગુપ્તચર એજન્સીઓ સાથે મળીને કામ કર્યું હતું અને નવા આતંકવાદીઓની સેનાને તાલીમ આપી હતી.

સપ્ટેમ્બરની શરૂઆતમાં, પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરના રાવલકોટમાં અલ-કુદુસ મસ્જિદની અંદર અજાણ્યા બંદૂકધારીઓએ લશ્કર-એ-તૈયબાના ટોચના આતંકવાદી કમાન્ડરની ગોળી મારીને હત્યા કરી હતી. આતંકીની ઓળખ રિયાઝ અહેમદ ઉર્ફે અબુ કાસિમ તરીકે થઈ હતી. રિયાઝ અહેમદ કોટલીથી નમાઝ અદા કરવા આવ્યો હતો ત્યારે તેને નજીકથી માથામાં ગોળી મારવામાં આવી હતી. રિયાઝ આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતો અને રેડિયો પાકિસ્તાન પર ભારત સરકાર વિરુદ્ધ હળાહળ ઝેર ઓકતો હતો અને અલગતાવાદી કાર્યક્રમોનું પ્રસારણ કરતો હતો. તે ડ્રગની દાણચોરીમાં પણ સામેલ હતો.

## PM મોદી દ્વારા લખાયેલ ગીત 'એબન્ડન્સ ઇન મિલેટ્સ' ગ્રેમી એવોર્ડ માટે થયું નોમિનેટ

નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગ્રેમી એવોર્ડ વિજેતા ફાલ્ગુની શાહ અને તેના પતિ ગૌરવ શાહ સાથે મળીને લખવામાં આવેલું ગીત 'એબન્ડન્સ ઇન મિલેટ્સ'ને ગ્રેમી એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યું છે. આ ગીતને બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પર્ફોર્મન્સ કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. આ પહેલી વાર છે જ્યારે કોઇ રાજકારણીના ગીતને ગ્રેમી નોમિનેશન મળ્યું હોય. મોદીની પહેલ પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૨૩માં જાહેર કરાયેલ ઈન્ટરનેશનલ મિલેટ યર એટલે કે મિલેટ્સના વર્ષના અભિયાનને સમર્પિત આ ગીતને ફાલ્ગુની શાહ અને ગૌરવ શાહે સ્વર આપ્યો છે. મિલેટ યર અભિયાનને વેગ આપવા માટે લખાયેલ અને ગાયેલું ગીત 'એબન્ડન્સ ઇન મિલેટ્સ' આ વર્ષે ૧૬ જૂને રિલીઝ કરવામાં આવ્યું હતું. હાલમાં તેનો અન્ય ભાષાઓમાં અનુવાદ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. વિશ્વભરમાં ફાલુ તરીકે જાણીતી સિંગર ફાલ્ગુની શાહ સંગીતના ક્ષેત્રમાં અગાઉ ગ્રેમી એવોર્ડ જીતી ચૂકી છે. હવે તેણે બાજરી માટે જાગૃતિ લાવવાના હેતુથી આ ગીત લખ્યું છે.

ફાલ્ગુની જણાવે છે કે જ્યારે તે ગ્રેમી એવોર્ડ જીત્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી હતી, ત્યારે તેણે પીએમ મોદી સાથે સંગીતની ચર્ચા કરી હતી. વડા પ્રધાને તેને બરછટ અનાજ પર ગીત લખવાનું સૂચન કર્યું, ત્યારે તેની વિનંતી પર વડા પ્રધાન પોતે આ ગીત રચવામાં સામેલ થયા હતા. આ ગીતમાં લોકો ફાલ્ગુની શાહ, તેના પતિ ગૌરવ શાહ ઉપરાંત વડાપ્રધાન મોદીનો અવાજ પણ સાંભળી શકે છે.

## જાતિ આધારિત જનગણના ક્રાન્તિકારી પગલું: રાહુલ

સતના (મધ્ય પ્રદેશ): જાતિ આધારિત જનગણના ક્રાન્તિકારી પગલું છે અને તે લોકોનું જીવન બદલી નાખશે, એમ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કહ્યું હતું. જો અમે સત્તામાં આવીશું તો અમારો પક્ષ મધ્ય પ્રદેશમાં તેમ જ રાષ્ટ્રીય સ્તરે જાતિ આધારિત સર્વેક્ષણ હાથ ધરશે, એમ તેમણે ભારપૂર્વક કહ્યું હતું. મધ્ય પ્રદેશમાં ૧૭ નવેમ્બરે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. મધ્ય પ્રદેશના સતના ખાતે એક જાહેરસભાને સંબોધન કરતાં રાહુલ ગાંધીએ વધતી બેરોજગારીને મામલે ભાજપના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે રાજ્યમાં સત્તામાં આવ્યા બાદ અમે પહેલું કામ જાતિ આધારિત જનગણના કરીશું જેથી કરીને રાજ્યમાં ઓબીસીની સંખ્યાનો ચોક્કસ આંકડો મેળવી શકાય.

## સરહદી વિસ્તારના ગામડાંઓનો વિકાસ સરકારની પ્રાથમિકતા: શાહ

નવી દિલ્હી: સરહદી વિસ્તારમાં આવેલા ગામડાંઓમાં લોકોની વસતિ માત્ર ટકી રહે એટલું જ નહિ, પરંતુ તેમાં વધારો થાય તે માટે વાઈબ્રન્ટ વિલેજના વિચારને મૂર્તિમંત કરવા કેન્દ્ર સરકાર આ ગામડાંઓમાં શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવાના લક્ષ્યને પ્રાથમિકતા આપી રહી હોવાનું કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું હતું. ઈન્ડો-તિબેટન બૉર્ડ ફૉર્સ (આઈટીબીપી)ના ૬૨મા સ્થાપના દિન નિમિત્તે સંબોધન કરતા શાહે કહ્યું હતું કે સરહદી વિસ્તારમાં આવેલાં ગામડાંઓ ખાલી થઈ જશે તો તેની સુરક્ષા કરવાનું મુશ્કેલ બની જશે. કેન્દ્ર સરકાર સરહદી વિસ્તારમાં આવેલા ગામડાંઓને માત્ર ભૌગોલિક રીતે જ નહિ, પરંતુ સુવિધાની દૃષ્ટિએ પણ પ્રથમ ગામડું બનાવવા માગે છે.

સરહદી વિસ્તારમાં આવેલા ગામડાંઓમાં વસતા લોકોને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વાઈબ્રન્ટ વિલેજનો વિચાર વહેતો મૂક્યો છે જેથી કરીને આ વિસ્તારમાં આવેલા ગામડાંઓમાં લોકોની વસતિ માત્ર ટકી રહે એટલું જ નહિ, પરંતુ તેમાં વધારો પણ થાય, એમ શાહે કહ્યું હતું.

સરહદી વિસ્તારમાં ૧૬ જિલ્લાના ૬૬૨ ગામડાંઓમાં પૂરતી માળખાકીય, આરોગ્ય અને શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવા રૂ. ૪,૮૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. સરહદી વિસ્તારમાં આવેલાં ગામડાંઓમાં વિકાસનું કામ હાથ ધરવાની જવાબદારી આઈટીબીપીને સોંપવામાં આવે એવી શક્યતા છે, એમ તેમણે કહ્યું હતું. અગાઉ ૨૦૧૪માં ભારત-ચીન સરહદ માટે રૂ. ૪,૦૦૦ કરોડ ખર્ચવામાં આવ્યા હતા જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધારીને ત્રણગણુ એટલે કે રૂ. ૧૨,૩૪૦ કરોડ કરી દેવામાં આવ્યું છે, એમ શાહે કહ્યું હતું. પહોંચવું મુશ્કેલ હોય તેવા ભૌગોલિક પ્રદેશમાં માઈનસ તાપમાનમાં હિંમત અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા આઈટીબીપીના હિમવીરોને દેશ સલામ કરે છે, એમ તેમણે કહ્યું હતું. આઈટીબીપી દેશની સરહદોની રક્ષા કરી રહ્યું હોવાને કારણે કોઈપણ દેશ ભારતની એક ઈંચ જમીન કબજે કરવાનો વિચાર પણ ન કરી શકે, એમ તેમણે કહ્યું હતું.

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજ્યપાલોની ટીકા મુદ્દે સુપ્રીમનું વલણ ના બદલાય તો સારું

**હમણાં** પાંચ રાજ્યોની ચૂંટણીનો માહોલ છે અને ઈઝરાયલ-હમાસ યુદ્ધ પણ ચાલે છે તેથી તેના સમાચારો છવાયેલા છે. આ કારણે એક મહત્ત્વના સમાચારને બહુ મહત્ત્વ ના મળ્યું. આપણે ત્યાં લાંબા સમયથી ભાજપ વિરોધી પક્ષોની રાજ્ય સરકારો અને રાજ્યપાલો વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરે છે. રાજ્યપાલો પોતાના કામમાં દખલ કરે છે અને કેન્દ્ર સરકારના ઈશારે પોતાને પરેશાન કરે છે એવી ફરિયાદ ભાજપ વિરોધી પક્ષોના મુખ્ય પ્રધાનો વારંવાર કરે છે.

વાત માત્ર પરેશાની કે કનડગતની ફરિયાદ પૂરતી હોત તો વાંધો નહોતો પણ ભાજપ વિરોધી પક્ષોના મુખ્ય પ્રધાનોનું એવું પણ કહેવું છે કે, રાજ્યપાલો વિધાનસભામાં પસાર કરાયેલા ખરડાઓને પણ રોકી રાખે છે અને તેમને કાયદા બનવા દેતા નથી. આ ફરિયાદ અત્યંત ગંભીર છે અને ભાજપ વિરોધી પક્ષોના મુખ્ય પ્રધાનોમાંથી કોઈ એક રાજ્યના મુખ્ય પ્રધાનની આ ફરિયાદ નથી પણ ઘણા મુખ્ય પ્રધાનોની આ ફરિયાદ છે. બલ્કે આ મુખ્ય પ્રધાનો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. પંજાબ, તમિલનાડુ, કેરળ અને તેલંગણા સરકારોએ આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં રાજ્યપાલો વિરુદ્ધ અરજી કરી છે.

આ પૈકી પંજાબ સરકારે કરેલી અરજીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ બનવારી લાલ પુરોહિતને ખખડાવી નાંખ્યા. પંજાબની આમ આદમી પાર્ટીની સરકારનો આક્ષેપ છે કે, પંજાબના રાજ્યપાલ બનવારી લાલ પુરોહિતે વિધાનસભામાં પસાર કરાયેલાં સાત વિધેયકને રોકી રાખ્યાં છે. રાજ્યપાલ દ્વારા મંજૂરીમાં વિલંબ અંગે રાજ્ય સરકારે અરજી કરી છે.

આ અરજી પર સુનાવણી કરતી વખતે ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની બેંચ બરાબર ભડકી અને સવાલ કર્યો કે, રાજ્ય સરકારોએ ગૃહમાં પસાર કરેલા ખરડા રાજ્યપાલ શા માટે અટકાવે છે? સુપ્રીમ કોર્ટે આકરા શબ્દોમાં કહ્યું કે, રાજ્યપાલોએ યાદ રાખવું જોઈએ અને આત્મચિંતન કરવું જોઈએ કે તેમને પ્રજાએ નથી ચૂંટ્યા. રાજ્યપાલોએ કેબિનેટની સલાહ પ્રમાણે જ કામ કરવાનું હોય છે એ સમજી લેવાની જરૂર છે અને રાજ્ય સરકારો કોર્ટનાં દ્વાર ખખડાવે પછી જ રાજ્યપાલો કાર્યવાહી કરે છે એ પ્રથા બંધ થવી જોઈએ.

પંજાબ સરકાર વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ રજૂઆત કરેલી કે, પંજાબના વિધાનસભા સત્રમાં પસાર થઈ ગયેલા ખરડાને રાજ્યપાલે મંજૂરી આપવી જોઈએ અથવા રાજ્ય સરકારને પાછા મોકલવા જોઈએ પણ બીજી વાર સત્ર બોલાવાયું એવો મુદ્દો ઉપસ્થિત કરીને તેના પર સહી કરવાનો ઇનકાર ન કરી શકે. સુપ્રીમ કોર્ટે આ દલીલને માન્ય. રાખીને પુરોહિતને ખખડાવી નાંખ્યા.

સુપ્રીમ કોર્ટે પંજાબના સંદર્ભમાં આ ટીકા કરી પણ વાસ્તવમાં આ ટીકા તમામ રાજ્યપાલોને લાગુ પડે છે કેમ કે બીજાં રાજ્યોના રાજ્યપાલો પણ આ રીતે જ વર્તી રહ્યા છે. તમિલનાડુમાં ડીએમકે-કૉંગ્રેસ સરકારે રાજ્યપાલ આર.એન. રવિ સામે લાંબા સમયથી ૧૨ ખરડા રોકી રાખવાનો આક્ષેપ કરીને અરજી કરી છે. કેરળમાં ડાબેરી સરકારે રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને બે વર્ષથી ત્રણ વિધેયક અને ત્રણ વિધેયકને એક વર્ષથી અટકાવા રાખવાનો આરોપ મૂકીને અરજી કરી છે.

તેલંગણાની બીઆરએસ સરકારે આરોપ મૂક્યો છે કે, રાજ્યપાલ તમિલિસાઈ સુંદરરાજને એક વર્ષથી ૧૦ ખરડા રોક્યા છે. રાજ્યપાલે દાવો કરેલો કે રાજ્ય સરકારે મોકલેલાં ત્રણ વિધેયક પર સહી કરી છે, બે રાષ્ટ્રપતિને મોકલ્યાં છે જ્યારે બાકીનાં રાજ્ય સરકારને પરત કરાયાં છે. રાજ્ય સરકાર આ દાવાનો ખોટો ગણાવી રહી છે. ટૂંકમાં ભાજપ વિરોધી પક્ષોની સરકારો છે એવાં બધાં રાજ્યોમાં રાજ્યપાલો મનમાની કરીને બંધારણની ઐસીતૈસી કરી જ રહ્યા છે.

સુપ્રીમ કોર્ટની ટીકા ગંભીર છે પણ કમનસીબે તેના કારણે સુપ્રીમ કોર્ટ ચૂંટાયેલી સરકારની તરફેણ કરશે કે લોકશાહીની રક્ષા કરશે એવું માનવાની ભૂલ કરવાની જરૂર નથી. સુપ્રીમ કોર્ટનાં આ મૌખિક અવલોકનો છે અને તેના અંતિમ ચુકાદામાં ચિત્ર બદલાઈ શકે છે. ભૂતકાળમાં ઘણી વાર એવું બન્યું છે કે, સુપ્રીમ કોર્ટ બહુ ગરજી હોય ને પછી વરસે જ નહીં એવું ઘણી વાર બન્યું છે.

હમણાં દિલ્હીના નાયબ મુખ્ય પ્રધાન મનિષ સિસોદિયાની જામીન અરજી વખતે જ એવું બનેલું. સુપ્રીમ કોર્ટે સવાલ કરેલો કે, સિસોદિયાએ પૈસા લીધા છે તેના પુરાવા જ ક્યાં છે? ઈડી ૩૨૭ કરોડ રૂપિયાની લાંચ અપાઈ હોવાનું કહે છે પણ આ રૂપિયા ક્યાંથી ક્યાં ગયા ને છેવટે સિસોદિયા પાસે પહોંચ્યા તેના પુરાવા જ નથી. ઈડી એક બિઝનેસમેનના નિવેદનના આધારે સિસોદિયાને જેલમાં રાખી રહી છે.

સુપ્રીમ કોર્ટના તેવર જોતાં લાગતું હતું કે, સિસોદિયાને જામીન મળી જશે પણ અચાનક ચિત્ર બદલાઈ ગયું. સુપ્રીમ કોર્ટને અચાનક લાગ્યું કે, લિકર કૌભાંડમાં પૈસાની લેતીદેતી કઈ રીતે થઈ તેના પુરાવા છે ને તેના આધારે સિસોદિયાની જામીન અરજી નકારી કઢાઈ. સિસોદિયાને બીજા છ મહિના માટે ફિટ કરી દેવાયા.

સુપ્રીમ કોર્ટનું વલણ અચાનક કેમ બદલાઈ ગયું તેની તેમને જ ખબર પણ ચૂંટાયેલી સરકારોની સત્તાના કેસમાં પણ એવું બની શકે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દાવો કર્યો છે કે, પંજાબ સરકારના સાત બિલ પર રાજ્યપાલ બનવારી લાલ પુરોહિતે યોગ્ય કાર્યવાહી કરી છે અને આગામી સુનાવણીમાં અમે કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ રજૂ કરીશું.

સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીને પણ ખખડાવી છે. આમ આદમી પાર્ટીની સરકારે પંજાબ વિધાનસભાનું સત્ર માર્ચમાં પૂરું થયા પછી જૂનમાં ફરી સત્ર બોલાવ્યું હતું, સુપ્રીમ કોર્ટે આ સત્રને ગેરબંધારણીય ગણાવીને સવાલ કર્યો જ છે કે, સત્ર મોકૂફ રખાયા પછી છ મહિના પછી ફરી બોલાવવાનું હોય ત્યારે જૂનમાં શા માટે બોલાવાયું? આ ગેરબંધારણીય છે. ને એ બદલ પંજાબ સરકારે પણ આત્મમંથ કરવું જોઈએ. વિધાનસભામાં પસાર કરાયેલા ખરડાઓ પર સહી કરવાના મુદ્દાને આ વાત સાથે કોઈ લેવાદેવા નથી પણ સુપ્રીમ કોર્ટને લાગે તો આ દલીલ પણ માન્ય ઠરી શકે છે.

સુપ્રીમ કોર્ટને પુરોહિતે કરેલી યોગ્ય કાર્યવાહી એકદમ યોગ્ય લાગે અને સ્ટેટસ રિપોર્ટને માન્ય રખાય એવું બને. આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટનો અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી રાહ જોઈએ. આશા રાખીએ કે સુપ્રીમ કોર્ટનું આ વલણ ટકે કેમ કે લોકશાહીની રક્ષા માટે એ જરૂરી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
(દક્ષિણાયન સૌર હેમંતઋતુ), શનિવાર, તા. ૧૧-૧૧-૨૦૨૩,
કાળીચૌદસ, શિવરાત્રિ

- ભારતીય દિનાંક ૨૦, માહે કાર્તિક, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૭૯, શા. શકે ૧૯૪૫, આશ્વિન વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૪૯, માહે આશ્વિન, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૪થો તીર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૮મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રે ક. ૨૫-૪૬ સુધી, સ્વાતિ.
- ચંદ્ર કન્યામાં બપોરે ક. ૧૩-૦૧ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૨ સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૬ સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૧૦-૨૫, રાત્રે ક. ૨૩-૧૦
- ઓટઃ સાંજે ક. ૧૬-૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૮ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૯, ''આનંદ'' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૫, ''શોભન'' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ- ત્રયોદશી. કાળીચૌદસ, શિવરાત્રિ, બુધ પશ્ચિમમાં અસ્ત, ભદ્રા બપોરે ક. ૧૩-૫૮ થી મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૭ (તા. ૧૨). કાળીચૌદસ, શિવરાત્રિ, બુધ પશ્ચિમમાં અસ્ત, ભદ્રા બપોરે ક. ૧૩-૫૮ થી મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૭ (તા. ૧૨).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ હનુમાન ચાલીસા પાઠ વાંચન, સુંદરકાંડ પાઠ વાંચન, રામચરિત માનસ, વાંચન, પૂજા, બિલીનું વૃક્ષ વાવવું, પર્વ નિમિત્તે નવા વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, વાહન, યંત્ર, નૌકા, નિત્ય થતાં દુકાન-વેપારના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, દીપદાન, ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, મહાકાલી માતાની, હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન. કાળીચૌદસની પૂજા પરંપરા અનુસાર યોગ્ય મુહૂર્તમાં કરવી. આચમનઃ ચંદ્ર - રાહુ પ્રતિયુતિ શંકાશીલ, ચંદ્ર-શનિ ત્રિકોણ કાળજીવાળા, મંગળ-હર્ષલ પ્રતિયુતિ સમતોલપણા વિનાના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર - રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, મંગળ-હર્ષલ પ્રતિયુતિ (તા. ૧૨)
- ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-તુલા, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-મેષ, શુક્ર-કન્યા, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# સાઉથ આફ્રિકાનો પાંચ વિકેટે વિજય

### હાર સાથે અફઘાનિસ્તાન વન-ડે વર્લ્ડ કપમાંથી બહાર

અમદાવાદઃ આઇસીસી વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩ની ૪૨મી મેચમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને પાંચ વિકેટે હરાવ્યું હતું. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને ૨૪૪ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં દક્ષિણ આફ્રિકાએ પાંચ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ હાર સાથે જ વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩માં અફઘાનિસ્તાનની સફર સમાપ્ત થઈ ગઈ. જો કે અફઘાન ટીમે આ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

દક્ષિણ આફ્રિકા તરફથી રાસી વાન ડેર ડુસેન અને એન્ડીલે ફેહલુકવાયોએ શાનદાર ઇનિંગ રમી હતી. રાસી વાન ડેર ડુસેને અણનમ ૭૬ રનની ઇનિંગ રમી હતી. તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

લક્ષ્યનો પીછો કરવા ઊતરેલી દક્ષિણ આફ્રિકાને ક્વિન્ટન ડી કોક અને કેપ્ટન ટેમ્બા બાવુમાએ સારી શરૂઆત અપાવી હતી, જેમણે પ્રથમ વિકેટ માટે ૬૪ રનની ભાગીદારી કરી હતી. કેપ્ટન બાવુમા ૨૩ રન કરી આઉટ થયો હતો. બાદમાં ૧૪મી ઓવરના પહેલા બોલ પર ક્વિન્ટન ડી કોક પણ આઉટ થયો હતો. ડી કોકે ૪૭ બોલમાં ૪૧ રન કર્યા હતા.

ત્યારબાદ ત્રીજી વિકેટ માટે રાસી વાન ડેર ડુસેન અને માર્કરામે ૫૦ રનની ભાગીદારી કરી હતી. માર્કરામ ૨૫, હેનરિક ક્લાસેન ૧૦ રન આઉટ થયા હતા. ક્લાસેનના આઉટ થયા બાદ રાસી વાન ડેર ડુસેનએ ડેવિડ મિલર સાથે પાંચમી વિકેટ માટે ૪૩ રનની ભાગીદારી કરી હતી. જો કે, આ ભાગીદારી લાંબો સમય ટકી શકી ન હતી અને નબીએ ૩૮મી ઓવરમાં ડેવિડ મિલરને આઉટ કર્યો હતો. મિલર ૨૪ રન કરીને આઉટ થયો હતો.

પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને ૫૦ ઓવરમાં ૨૪૪ રન કર્યા હતા. અઝમતુલ્લા ઉમરઝાઈએ અણનમ ૯૭ રન કર્યા હતા. ઉમરઝાઈ સિવાય અફઘાનિસ્તાનના અન્ય તમામ બેટ્સમેન નિષ્ફળ રહ્યા હતા. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ અફઘાનિસ્તાને સારી શરૂઆત કરી હતી. રહેમાનુલ્લા ગુરબાઝ ૨૨ બોલમાં ૨૫ રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો.

ત્યારબાદ થોડા સમય બાદ એટલે કે ૧૦મી ઓવરમાં ઈબ્રાહિમ ઝદરાન ૧૫ રન પર કરી આઉટ થયો હતો. કેપ્ટન હશમતુલ્લાહ શાહિદી ૦૨ રન પર પેવેલિયન પરત ફર્યો હતો. જો કે, આ પછી રહેમત શાહ ૨૬ રન કરી આઉટ થયો હતો. મોહમ્મદ નબી ૦૨ , રાશિદ ખાન ૧૪, નૂર અહેમદ ૨૬ રન કરીને આઉટ થયો હતો. દક્ષિણ આફ્રિકા તરફથી ગેરાલ્ડ કોએત્ઝીએ સૌથી વધુ ૪ વિકેટ લીધી હતી. આ સિવાય લેંગી એનગિડી અને કેશવ મહારાજે ૨-૨ વિકેટ લીધી હતી.

# આજે ઈંગ્લેન્ડ સામે ટકરાશે પાકિસ્તાન, સેમિફાઈનલમાં પહોંચવાની બાબરને આશા

કોલકાતાઃ પાકિસ્તાન વર્લ્ડ કપ ૨૦૨૩માંથી બહાર થઈ જશે તે લગભગ નિશ્ચિત છે, પરંતુ આ દરમિયાન ટીમના કેપ્ટન બાબર આઝમે સેમિફાઈનલમાં પહોંચવા માટે એક ખાસ પ્લાન જાહેર કર્યો છે. પાકિસ્તાનના કેપ્ટને જણાવ્યું હતું કે તે કેવી રીતે નેટ રન રેટની કોયડો ઉકેલશે અને શનિવારે ઇંગ્લેન્ડ સામેની તેની છેલ્લી લીગ મેચમાં ન્યૂઝીલેન્ડને હરાવશે. બાબરે ટીમને સેમીફાઈનલમાં લઈ જવાનો દાવો કર્યો હતો.

ન્યૂઝીલેન્ડે શ્રીલંકાને હરાવીને પાકિસ્તાન માટે પહેલેથી જ મુશ્કેલ સેમિફાઇનલનો રસ્તો વધુ મુશ્કેલ બનાવી દીધો હતો પાકિસ્તાનનું સેમિફાઇનલમાં પહોંચવુ લગભગ અશક્ય છે.

મેચ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં ઈંગ્લેન્ડ સામે નેટ રન રેટના મુદ્દાને ઉકેલવાની વાત કરતી વખતે બાબરે કહ્યું હતું કે ક્રિકેટમાં કંઈ પણ થઈ શકે છે. અમે ટૂર્નામેન્ટને ઉચ્ચ સ્તરે સમાપ્ત કરવાનો પ્રયાસ કરીશું. અમારી પાસે નેટ રન રેટની યોજના છે અને તેનો ઉપયોગ કરીશું. અમે પ્રથમ ૧૦ ઓવર કેવી રીતે રમીશું અને તે પછી શું કરવું તેની યોજના છે.

બાબરે કહ્યું હતું કે જો ફખર ઝમાન ૨૦-૩૦ ઓવર રમશે તો અમે જે ઈચ્છીએ છીએ તે હાંસલ કરી શકીશું. આ મેચમાં મોહમ્મદ રિઝવાન અને ઈફ્તિખાર અહેમદની ભૂમિકા પણ મહત્ત્વની રહેશે. મારા પર કોઈ દબાણ નથી. હું ત્રણ વર્ષથી પ્રદર્શન અને કેપ્ટનશિપ કરી રહ્યો હતો. ટીવી પર બેસીને વાતો કરવી સરળ છે. જે કોઈ મને સલાહ આપવા માગતા હોય તે મારા નંબર પર સંપર્ક કરી શકે છે. હું કેપ્ટનશિપના ભવિષ્ય વિશે પછીથી વિચારીશ.

# શ્રીલંકાના નિરાશાજનક પ્રદર્શન માટે સતત ખરાબ બેટિંગ જવાબદારઃ કોચ સિલ્વરવૂડ

બેંગલુરુઃ શ્રીલંકાના મુખ્ય કોચ ક્રિસ સિલ્વરવુડે ગુરુવારે અહીં ન્યૂઝીલેન્ડ સામે પાંચ વિકેટથી હાર્યા બાદ વર્લ્ડ કપમાં શ્રીલંકાના ખરાબ પ્રદર્શન માટે બેટિંગમાં નિરાશાજનક પ્રદર્શનને જવાબદાર ઠેરવી હતી. લીગ તબક્કાની નવ મેચોમાં શ્રીલંકાની આ સાતમી હાર હતી, જેના કારણે તે પોઈન્ટ ટેબલમાં નવમા સ્થાને પહોંચી ગઇ હતી. ટોચની આઠ ટીમો ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી માટે સીધી ક્વોલિફાય થશે.

સિલ્વરવુડે મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે મને લાગે છે કે શ્રીલંકાના ખરાબ પ્રદર્શનનું કારણ નિરાશાજનક બેટિંગ છે.

આ કહેવું યોગ્ય રહેશે. અમે છેલ્લી કેટલીક મેચો પર ધ્યાન આપીશું જેમાં અમે તક ગુમાવી હતી. એવી મેચો હતી જેમાં જો અમને તક મળી હોત તો તે ખૂબ જ અલગ રહી હોત. તેમણે કહ્યું હતું કે પરંતુ હકીકત એ છે કે અમે અસંગત છીએ અને અમે લાંબા સમયથી તેને સુધારવા પર કામ કરી રહ્યા છીએ. બેટ્સમેનોએ વધુ સાતત્યપૂર્ણ દેખાવ કરવાની જરૂર છે.

# ચિકનગુનિયાની રસીને અમેરિકામાં મંજૂરી

નવી દિલ્હીઃ અમેરિકાના ફૂડ ઍન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા ચિકનગુનિયાની સૌપ્રથમ રસી - 'ઇક્સચિક'ને મંજૂરી આપી હતી. આ રસી ૧૮ વર્ષના અને તેનાથી મોટી વયના લોકોને આપી શકાશે.

મચ્છર દ્વારા ફેલાવાતા આ બીમારીના વાઇરસને નબળા પાડીને તેનો એક જ ડૉઝ સ્નાયુમાં આપવામાં આવશે.

અમેરિકાના ફૂડ ઍન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના સેન્ટર ફોર બાયોલોજિક્સ ઇવેલ્યુશન ઍન્ડ રિસર્ચના ડિરેક્ટર પીટર માર્ક્સએ જણાવ્યું હતું કે ચિકનગુનિયાના વાઇરસથી અસરગ્રસ્ત લોકોને, ખાસ કરીને મોટી ઉંમરના લોકોમાં લાંબા સમય સુધી અનેક શારીરિક સમસ્યા રહે છે.

તેમણે જણાવ્યું હતું કે આ બીમારીના વાઇરસની રસીની ક્લિનિકલ ટ્રાયલ ૧૮ વર્ષ અને તેનાથી મોટી વયના લોકો પર કરાઇ હતી. રસી શરૂઆતમાં ૨૬૬ લોકોને અપાઇ હતી અને તેઓના લોહીમાંની એન્ટિબોડીની માત્રાને માપવામાં આવી હતી. ઉત્તર અમેરિકામાં પણ બે ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરાઇ હતી અને તેમાંના એકમાં પુખ્તવયના અંદાજે ૩,૫૦૦ લોકોને આવરી લેવાયા હતા.

# દહેરાદૂનના ઝવેરીના શૉરૂમમાંથી ફિલ્મી ઢબે ₹ ૧૫ કરોડના દાગીનાની લૂંટ

દહેરાદૂનઃ અહીંના રાજપુર રોડ પર એક શૉરૂમમાંથી ત્રણ સશસ્ત્ર લૂંટારાએ ૧૫ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના દાગીનાની લૂંટ કરી હતી. આ બનાવ ગુરુવારે સવારે બન્યો હતો. લૂંટારાઓ શૉરૂમમાં પ્રવેશ્યા હતા અને સ્ટાફને રિવોલ્વર બતાવી ઊભા રાખ્યા હતા અને દાગીનાઓ લઈ ભાગી ગયા હતા તેવી માહિતી દહેરાદૂનના એસપી અજયસિંહે આપી હતી. બે લૂંટારું શૉરૂમની બહાર ઊભા રહ્યા હતા તેવું એસપીએ કહ્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મૂ અહીંની પોલીસલાઈનમાં રાજ્યનો ૨૩મો સ્થાપના દિવસ ઉજવવા આવ્યા હતા આથી શહેરમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. થોડા કલાક પછી શહેરના સહાસપુર વિસ્તારમાંથી ગુનામાં વપરાયેલી બે મોટરસાયકલ મળી આવી હતી. પોલીસે લૂંટારાઓને પકડી પાડવા ચાર ટીમની રચના કરી હતી. ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ બનાવની ગંભીર નોંધ લીધી હતી.



**સ્થાપના દિનઃ**
દેહરાદૂનમાં શુક્રવારે આઈટીબીપીના ૬૨માં સ્થાપના દિનની પરેડ દરમિયાન ગાર્ડ ઑફ ઑનરનું નીરિક્ષણ કરી રહેલા કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહ. (એજન્સી)

# દિલ્હીમાં વરસાદઃ હવાની ગુણવત્તા સુધરતા રાહત

નવી દિલ્હીઃ દિલ્હીમાં ગુરુવારે રાત્રે પડેલા વરસાદને કારણે શુક્રવારે સવારે હવાની ગુણવત્તામાં સુધારો થયેલો જોવા મળ્યો હતો. વરસાદને કારણે છેલ્લાં દસ દિવસથી છવાયેલું ધુમ્મસ દૂર થતાં લોકોને રાહત થઈ હતી.

ગુરુવારે સવારે ૧૧ વાગે દિલ્હીમાં ઍર ક્વૉલિટી ઈન્ડેક્સ ૪૬૦ હતો જે શુક્રવારે સવારે સાત વાગે ઘટીને ૪૦૮ અને નવ વાગે ૩૭૬ થઈ ગયો હતો.

હવામાંનાં પ્રદૂષિત કણોને દૂર કરવા હવાની ઝડપ યોગ્ય હોવાને કારણે દિલ્હીમાં ઍર ક્વૉલિટી ઈન્ડેક્સમાં વધુ સુધારો થવાની શક્યતા છે. કોઈ પણ સમયે ઍર ક્વૉલિટી ઈન્ડેક્સનું સ્તર ૨૪ કલાકમાં લેવામાં આવેલા રિડિંગની સરેરાશ જેટલું હોય છે. શુક્રવારે સવારે સાડાઆઠ વાગે પૂરા થયેલા ૨૪ કલાકમાં દિલ્હીમાં ૭ મી.મી. વરસાદ પડ્યો હોવાનું હવામાન ખાતાએ કહ્યું હતું. દિલ્હીના મોટાભાગના વિસ્તારમાં હળવો વરસાદ થયો હોવાનું હવામાન ખાતાએ કહ્યું હતું. (એજન્સી)■

## ડૉક્ટરની કરતૂત

# ૬૦૦ દર્દીને નકલી પેસમેકર લગાવ્યા, અત્યાર સુધીમાં ૨૦૦નાં મોત

લખનઊઃ ઉત્તર પ્રદેશના ઈટાવા સ્થિત સૈફાઈ મેડિકલ યુનિવર્સિટીના કાર્ડિયોલોજિસ્ટ ડૉ. સમીર સરાફની ધરપકડ બાદ પૂછપરછ દરમિયાન એક મોટો ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે ૬૦૦ જેટલા હૃદયરોગના દર્દીઓને નકલી પેસમેકર ફીટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૨૦૦ જેટલા દર્દીનાં મોત થયા છે. મૃત્યુ પામેલા દર્દીના પરિવારજનો ડૉ.સમીર સરાફને હત્યારો જાહેર કરી કડક કાર્યવાહીની માગ કરી રહ્યા છે.

નકલી પેસમેકર લગાવવા અંગે ડૉક્ટર વિરુદ્ધ ફરિયાદ મળતાં પોલીસે ડૉ. સમીર સરાફની ધરપકડ કરી છે. આરોપ છે કે સમીર સરાફે દર્દીઓમાં નકલી પેસમેકર ફીટ કરવા માટે કંપનીઓ સાથે સાઠગાંઠ કરી હતી. બ્રાન્ડેડ કંપનીઓના નામે દર્દીઓને નકલી પેસમેકર ફીટ કરીને તગડી કમાણી કરતા હતા. આટલું જ નહીં, આ કામના બદલામાં આ કંપનીઓએ ડૉક્ટરને આઠ વિદેશ પ્રવાસ કરાવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ યુનિવર્સિટીમાં મેડિકલ સાધનો ખરીદવાના નામે આ તબીબે અંદાજે ૨.૫ કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું.

આ સમગ્ર મામલો ફેબ્રુઆરી ૨૦૨૨થી શરૂ થયો હતો. કેટલાક દર્દીઓએ પોલીસ પાસે ડૉ. સમીર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, હાર્ટ સર્જરી કરાવ્યા બાદ તેના પર નકલી પેસમેકર લગાવવામાં આવ્યું હતું, જેના કારણે તે ઘણી મુશ્કેલી થઇ રહી છે. તપાસ સમિતિએ શોધી કાઢ્યું હતું કે સરાફે પેસમેકર લગાવવા માટે દર્દી પાસેથી રૂ. ૧.૮૫ લાખ લીધા હતા, જે રૂ. ૯૬,૮૪૪ની નિશ્ચિત રકમ કરતાં લગભગ બમણી છે. ડૉ.સમીર સરાફ લાંચ લેતો હોવાનો સીસીટીવી વીડિયો પણ વાયરલ થયો હતો. હવે ડૉક્ટરની ધરપકડ બાદ વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે વર્ષ ૨૦૨૨માં કેસ નોંધ્યા બાદ ગેઝેટેડ ઓફિસર અને પોલીસ દ્વારા મામલાની તપાસ કરવામાં આવી રહી છે. તેમની ધરપકડને બાબતે સરકારને પત્ર લખવામાં આવ્યો હતો, ત્યારબાદ ત્યાંથી પરવાનગી મળતાં ડોક્ટરની ધરપકડ કરવામાં આવી હતી. ■

# ઈઝરાયલે હૉસ્પિટલોની નજીક ગાઝામાં હુમલા કર્યાનો હમાસનો દાવો

ખાન યુનિસ (ગાઝા પટ્ટી)ઃ ઈઝરાયલે શુક્રવારે વહેલી સવારે ગાઝા શહેરની ઘણી હૉસ્પિટલો નજીક હૂમલો કર્યો હોવાનો દાવો હમાસે કર્યો હતો.

ઈઝરાયલના સૈન્યએ હમાસના આતંકવાદીઓને વધુ ઊંડે ધકેલ્યું હતું, જેનાથી દક્ષિણ તરફ પલાયન કરનાર લોકોની સંખ્યામા વધારો થયો હતો.

ઇઝરાયલે હમાસ લડવૈયાઓ પર હૉસ્પિટલોમાં છુપાયેલા હોવાનો અને શિફા હૉસ્પિટલ સંકુલનો તેના મુખ્ય કમાન્ડ સેન્ટર તરીકે ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો છે, જેને આતંકવાદી જૂથ અને હૉસ્પિટલ સ્ટાફ નકારી કાઢે છે, કહે છે કે ઇઝરાયલ તેના પર હુમલો કરવા માટે બહાનું બનાવી રહ્યું છે. જોકે, અઠવાડિયાની શરૂઆતથી જ, ઇઝરાયલી સૈન્યએ ઉત્તર ગાઝાના લડાઇ ઝોનમાંથી નાગરિકોને દક્ષિણ તરફ ભાગી જવા માટે દિવસમાં કેટલાક કલાકો અલગ રાખ્યા છે.

ગાઝામાં હમાસ દ્વારા સંચાલિત મીડિયા ઓફિસના વડા, સલામા મારૌફના જણાવ્યા અનુસાર, શુક્રવારે વહેલી સવારે, ઇઝરાયલે શિફા કોર્ટયાર્ડ અને પ્રસૂતિ વિભાગ પર હુમલો કર્યો હતો. હમાસ સંચાલિત ગાઝામાં આરોગ્ય મંત્રાલયે પાછળથી જણાવ્યું હતું કે શિફા હૉસ્પિટલમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને ઘણા ઘાયલ થયા હતા.

ગાઝાની સૌથી મોટી શિફા હૉસ્પિટલમાં અને તેની આસપાસના લોકોની વધતી જતી સંખ્યા, આશા રાખી રહી છે કે તે ઉત્તરમાં તેમના ઘરો અથવા સંયુક્ત રાષ્ટ્રના આશ્રયસ્થાનો કરતાં વધુ સુરક્ષિત રહેશે. ■

# રાજકોટની ભાગોળે ચાર કરોડની સરકારી જમીન પરનું દબાણ હટાવાયું: ભૂમાફિયા સામે કડક કાર્યવાહી

અમદાવાદઃ રાજકોટ શહેરની ભાગોળે આવેલી કિંમતી સરકારી જમીન ઉપર ભૂમાફીયાઓએ કબજો જમાવી દબાણ કરી લીધાનું જિલ્લા તંત્રના ધ્યાન પર આવતાં આવા ભૂમાફીયાઓ સામે શરૂ કરેલી કડક કાર્યવાહીના ભાગરૂપે આજે દિવાળી પહેલા જ કાલાવડ રોડ પર રામનગરમાં આવેલ સરકારી જમીન પર થયેલા દબાણ પર તાલુકા મામલતદારે બુલડોઝર ફેરવી દઈ ચાર કરોડની જમીન ખુલ્લી કરાવી હતી. રાજકોટ શહેરની ભાગોળે આવેલી સરકારી કિંમતી જમીનો પર ઠેકઠેકાણે દબાણ થઈ ગયા હતા. જે દબાણો હટાવવા માટે જિલ્લા કલેકટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીઓ અને તાલુકા મામલતદાર, દક્ષિણ મામલતદાર, સહિતના સ્ટાફે સર્વે કરાવી સરકારી જમીન પર થયેલ દબાણ હટાવવા માટેની આખરી નોટિસો ઈસ્યૂ કરી હતી. રાજકોટનાં કાલાવડ રોડ પર આવેલ રામનગર ખાતે સર્વે નંબર ૩૪૨ ચાર કરોડની કિંમતની ૧૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન પર વંડા, દુકાન બનાવી કબજા કરી લીધા હોવાનું તાલુકા મામલતદાર મકવાણાના ધ્યાન પર આવતાં દબાણકર્તાઓને આખરી નોટિસ ઈસ્યૂ કરી સ્વેચ્છાએ ખાલી કરવાનો આદેશ આપ્યો હતો. આખરી નોટિસની પણ દબાણ-કર્તાઓએ તમા ન રાખતાં દિવાળી પહેલા જ તાલુકા મામલતદાર મકવાણા અને સર્કલ ઑફિસર કથીરીયા સહિતના સ્ટાફે શુક્રવારે સવારે જ જેસીબી સાથે જ રામનગર ખાતે ધસી જઈ સરકારી જમીન પર થયેલ દબાણ દૂર કર્યું હતું. ઓપરેશન દરમિયાન પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

# દિવાળીના તહેવારના સમયે જ ૧૮૬૩ કિલો ઘી-તેલનો શંકાસ્પદ જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત અને વલસાડ ખાતેથી ખોરાક-ઔષધ નિયમન તંત્રના અધિકારીઓએ રૂા. ૬.૨૪ લાખથી વધુનો ૧૮૬૩ કિલોગ્રામ ઘી અને તેલનો શંકાસ્પદ જથ્થો જપ્ત કર્યો હતો જેના વિવિધ નવ નમૂના લઈને તેની તપાસ કરાઈ રહી છે.

ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ.જી. કોશિયાએ જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લાના વાપી તાલુકા સ્થિત મે. શ્રી શિવશક્તિ ઓઈલ મિલના માલિક નિમેષકુમાર કિશોરભાઈ અગ્રવાલની હાજરીમાં તપાસ કરતા ત્યાં શંકાસ્પદ જણાતા રાઈના તેલના અને રાઈસ બ્રાન્ડ તેલના પણ નમૂના લેવાયા હતા. રૂા. ૨,૮૯,૦૩૮નો ૧૦૨૪ કિગ્રા તેલનો જથ્થો જપ્ત કરાયો હતો. વલસાડના વાપીની જ મે. સન એગ્રો ફૂડસમાં પણ તપાસ કરતા રાયડા તેલ અને રાઈસ તેલનો ૧,૫૩,૦૦૦ની કિંમતનો ૫૨૪.૩૮ કિગ્રા શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો હતો. આ ઉપરાંત સુરતમાં મે. ૨૪ કેરેટ મીઠાઈ મેજિક ખાતે તપાસ કરતા વીઆરસી ટેસ્ટ બેસ્ટ દેશી ઘી બ્રાન્ડનો શંકાસ્પદ ઘીનો નમૂનો લેવાયો હતો. આ ઘી બાબતે માલિક બ્રિજ કિશોરભાઈ મીઠાઈવાલાને વધુ પૂછપરછ કરતા તેમણે હોલસેલરનું સરનામું આપ્યું હતું આ પેઢી ઉપર આખી રાત ફૂડ સેફટી ઓફિસરે વોચ રાખીને પેઢીના જવાબદાર વેપારી કપિલ પાસેથી વહેલી સવારે ટેસ્ટ બેસ્ટ દેશી ઘીનો નમૂનો તેઓની હાજરીમાં લઈ બાકીનો આશરે ૩૧૪.૨ કિગ્રા. જથ્થો કે જેની કિ. રૂા. ૧,૮૨,૨૩૬ થવા જાય છે તે જપ્ત કરવામાં આવ્યો હતો.

### ૧૪મી નવેમ્બરે વર્લ્ડ ડાયાબિટીસ ડે, જાગૃતિ જરૂરી

# ગુજરાતમાં 30 હજાર બાળક ટાઈપ-૧ ડાયાબિટીક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૩૦ હજાર જેટલાં બાળક ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડિત હોવાનું જાણવા મળ્યું છે. બાળકનું વજન ઘટવા લાગે, ભૂખ લાગે, ખૂબ પાણી માગે તો ડૉક્ટરને બતાવો , કેમ કે બાળકોમાં આવાં લક્ષણો દેખાય તો દુર્લક્ષ્ય સેવવા જેવું નથી. આગામી ૧૪મી નવેમ્બરે વર્લ્ડ ડાયાબિટીસ ડે મનાવાશે ત્યારે બાળકોમાં જોવા મળતા ટાઈપ-૧ ડાયાબિટીસ વિશે લોકોમાં ખાસ જાગૃતિ નથી. દેશમાં અંદાજે ૮.૬ લાખ જેટલા બાળકો ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાય છે. દર વર્ષે દેશમાં અંદાજે ૨૪ હજાર જેટલા નવા કેસ નોંધાય છે. ગુજરાતમાં અંદાજે ૩૦ હજાર જેટલા બાળક ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાય છે અને દર વર્ષે ૭૦૦થી ૮૦૦ જેટલા બાળકમાં આ રોગ હોવાનું સામે આવે છે. દેશમાં ૯૫% લોકોને ટાઈપ-૨ અને ૫% જેટલાને ટાઈપ-૧ ડાયાબિટિસ જોવા મળે છે. ટાઈપ-૧ એ વારસાગત નથી, પણ કુદરતી છે. નિષ્ણાત તબીબના કહેવા પ્રમાણે, ટી-૧ ડાયાબિટિસમાં ઈન્સ્યુલિન અને યોગ્ય સારવારથી તંદુરસ્ત જીવન જીવી શકાય છે. જોકે, સારવાર ન મળે તો બાળકનું મોત થઈ શકે છે. મોટે ભાગે ૮થી ૧૨ વર્ષની ઉંમરના બાળકોમાં આ કેસ જોવા મળતાં હોય છે. બાળકનું વજન ઘટવા લાગે, વધારે ભૂખ લાગે, વારંવાર પાણી પીવે ને પેશાબ લાગે એ ટાઈપ-૧ ડાયાબિટીસનાં લક્ષણો છે. જો સ્થિતિ વધારે ગંભીર થાય તો પેટમાં દુઃખાવો થાય, ઊલટી થાય, બાળક બેભાન થઈ શકે છે.

જો બાળકની સ્થિતિ વધુ ગંભીર થાય તો કિડની અને આંખની રોશનીને પણ અસર કરી શકે છે. ટાઈપ-૧ નિદાન થાય તો બાળક સ્કૂલે હોય કે અન્ય કોઈ જગ્યાએ હોય, તેને દિવસમાં ઓછામાં ઓછું ત્રણથી ચાર વાર સુગર ચેક કરવાનું રહેતું હોય છે, કેટલાક કિસ્સામાં બાળક સ્કૂલે હોય અને સુગર ચેક કરે તો આ બાબત અજુગતી લાગે છે. અલબત્ત, આવા બાળકોને સપોર્ટ મળવો જોઈએ. ઝડપી નિદાન અને સારવારથી બાળકને નવજીવન મળી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે, ફિનલેન્ડ સહિતના ઠંડા પ્રદેશના દેશોમાં બાળકોમાં ડાયાબિટીસ અંગે સજાગતાના કારણે અર્લી ડિટેક્શનથી ખાસ્સો લાભ થતો જોવા મળ્યો છે તે જોતાં આપણે ભારતમાં પણ નિયમિત ચેકિંગ કરવા પહેલ કરી બાળકોમાં ડાયાબિટીસ ટાઇપ-૧ શોધી ભાવિ પેઢીને તંદુરસ્ત રાખવાની ફરજ અદા કરવી જોઇએ એવું એક અગ્રગણ્ય તબીબે જણાવ્યું હતું.

# અમદાવાદ પોલીસ કમિશનરના બેજવાબદાર નિવેદનની હાઈ કોર્ટે લીધી ગંભીર નોંધ

અમદાવાદઃ રખડતાં ઢોર અને બિસ્માર રસ્તાઓ મામલે હાઇ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં પોલીસ દ્વારા સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું, જે દરમિયાન હાઈકોર્ટ દ્વારા પોલીસ કમિશનરે થોડા દિવસ પહેલા આપેલા એક નિવદેનની ગંભીરતાથી નોંધ લીધી છે. પોલીસ કમિશનર દ્વારા થોડા દિવસ પહેલા એવું નિવેદન આપવામાં આવ્યું હતું કે, શહેરમાં બે-પાંચ ટકા ક્રાઇમ વધે કે ઘટે તેનાથી કોઇ ફેર પડતો નથી. આ નિવેદનની ગંભીરતાથી નોંધ લઇ કોર્ટે જણાવ્યું હતું કે, પોલીસ કમિશનર જ આ પ્રકારનું નિવેદન આપે તે ચલાવી ન લેવાય.હાઈ કોર્ટમાં રખડતાં ઢોર, બિસ્માર રસ્તા અને પાર્કિંગ બાબતે શુક્રવારે હાથ ધરાયેલી સુનાવણીમાં પોલીસ દ્વારા સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, દરેક ઝોનમાં એક પીએસઆઇ અને ૧૧ પોલીસ કર્મચારીની ફાળવણી એડિશનલ પોલીસ કમિશનર ટ્રાફિક દ્વારા કરવામાં આવી છે. પોલીસ કમિશનર સાથે ચર્ચા કરવામાં આવ્યા બાદ જરૂરી નિર્દેશો બહાર પડાયા છે. સતત મોનિરિંગ કરવામાં આવશે અને અસામાજિક તત્ત્વો સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવશે. શાહીબાગ અને ઓઢવમાં થયેલા હુમલા અંગે કોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, શાહીબાગમાં અમદાવાદ મનપાના કર્મચારીઓ પર કરવામાં આવેલા હુમલામાં નવ જેટલા જાણીતા અને પાંચથી સાત અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાંથી ત્રણ અજાણી વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી છે. આ ઘટનામાં આઠ લોકોની ધરપકડ કરાઈ છે અને જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે, જ્યારે ઓઢવવાળી ઘટનામાં આઠથી દસ લોકોએ એએમસીની ટીમ પર હુમલો કર્યો હતો, જે અંગે કોર્ટે પૂછ્યું હતું કે, એ સમયે પોલીસ શું કરતી હતી, જેના જવાબમાં સરકાર તરફથી જણાવાયું હતું કે ૧૦૦ લોકોનું ટોળું હતું અને આઠથી દસ લોકો દ્વારા હુમલો કરાયો હતો, જેથી કોર્ટે કહ્યું હતું કે, પોલીસ પાસે પાવર હોવો જોઇએ. ૧૦૦ નંબર ડાયલ કર્યા બાદ પોલીસને આવતા ૧૦ મિનિટ લાગે, સ્થળ પર મનપાના કર્મચારીઓને પૂરતી સુરક્ષા આપવામાં આવે. ઓઢવવાળા કેસમાં એકની ધરપકડ કરાઈ છે અને છને પાસા કરાયા હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે. શુક્રવારે સુનાવણી દરમિયાન અમદાવાદ પોલીસ કમિશનરના એક નિવેદનની ગંભીરતાથી નોંધ લેવામાં આવી હતી. પહેલા રિવરફ્રન્ટ ખાતે પોલીસ કમિશનર દ્વારા એવું નિવેદન આપવામાં આવ્યું હતું કે, શહેરમાં બે કે પાંચ ટકા ક્રાઇમ વધે કે ઘટે તેનાથી કોઇ ફેર પડતો નથી. તેને ઉકેલવામાં પોલીસ કામગીરી કરી રહી છે.

# અમદાવાદમાં કેવાયસી અપડેટ કરવાના બહાને ગઠિયાઓએ લાખો રૂપિયા સેરવી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નવરંગપુરાના વૃદ્ધ દંપતીને સાયબર ગઠિયાએ બૅન્ક મેનેજર બોલું છું કહીને બૅન્ક એકાઉન્ટમાં કેવાયસી અપડેટ કરાવવાનું કહી વીડિયો કોલ કરીને બે એકાઉન્ટમાંથી કુલ રૂા. ૬.૬૩ લાખ સેરવી લીધા હતા. વૃદ્ધે અજાણ્યા ગઠિયા સામે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

નવરંગપુરામાં રહેતા હસમુખભાઇ મહેતા નિવૃત્ત જીવન ગુજારે છે. ગત ૭ નવેમ્બરે બપોરના સમયે અજાણ્યા નંબરથી તેમની પર ફોન આવ્યો હતો અને ફોન કરનાર શખસે પોતે બૅન્ક મેનેજર હોવાનું જણાવીને બૅન્ક એકાઉન્ટ ચાલુ રાખવા કેવાયસી અપડેટ કરાવવું પડશે અને જો નહીં કરાવો તો એકાઉન્ટ બંધ થઇ જશે. આમ ગઠિયાએ ફરિયાદીના પત્નીના મોબાઇલ નંબર પર વીડિયો કોલ કરીને સ્ક્રીન શેરીંગ બટન પર ક્લિક કરવાનું કહ્યું હતું. બાદમાં તેણે બૅન્કની પાસબુક અને ડેબિટ કાર્ડનો આગળ પાછળનો ફોટો પાડવા માટે કહેતા ફરિયાદીએ તે ફોટો પાડ્યા હતાં. જોકે થોડીવાર બાદ આરોપીએ કેવાયસી પ્રોસેસ પુરી કરવા માટે તેમજ વેલીડેશન માટે બીજી અન્ય બેંકના ખાતાની જરૂર પડશે તેમ કહીને અન્ય બૅન્કના પાસબુક તેમજ ડેબિટકાર્ડનો આગળ પાછળનો ફોટો પડાવ્યો હતો. બૅન્કના ડેબિટકાર્ડનો પાસવર્ડ ટાઇપ કરવાનું કહેતા ફરિયાદીએ તેના કહ્યા મુજબ પાસવર્ડ ટાઇપ કરી આપ્યો હતો. ગઠિયાએ બે બૅન્ક એકાઉન્ટમાંથી ટુકડે ટુકડે રૂપિયા ૬ લાખ ૬૩ હજારનું ટ્રાન્જેક્શન કર્યુ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ગુજરાતના સોની બજારોમાં ઊમટી ભીડઃ લોકોએ કરી સોના-ચાંદીની ભરપૂર ખરીદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધનતેરસના દિવસે સોની બજારમાં સોનું ખરીદવા ભીડ ઊમટી હતી. રાજ્યમાં લોકોએ સોના-ચાંદીની ભરપૂર ખરીદી કરી હતી. હિન્દુ ધર્મમાં દિવાળીને સૌથી મોટામાં મોટો તહેવાર ગણવામાં આવે છે. આ પર્વની આસપાસ પુષ્ય નક્ષત્ર અને ધનતેરસ આવે છે. આ બન્ને દિવસે સોના-ચાંદીની ખરીદી કરવી ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ દિવસોનો સંબંધ લક્ષ્મીના આગમન સાથે જોડાયેલો છે. ભારતીય જ્યોતિષમાં પુષ્ય નક્ષત્રમાં સોના-ચાંદીની ખરીદી કરવી શુભ માનવામાં આવે છે. આ ઉપરાંત, ધનતેરસના દિવસે સોના-ચાંદીના દાગીના ખરીદવા શુભ માનવામાં આવે છે, આ દિવસે ચોના-ચાંદીના દાગીના ખરીદવાથી લક્ષ્મીમાતા ઘરે પધારે છે. આ કારણોસર પુષ્ય નક્ષત્ર અને ધનતેરસના દિવસે સોના-ચાંદીની ખરીદી કરવામાં આવે છે.

ધનતેરસને લઈને રાજ્યના સોની બજારમાં મોટી સંખ્યામાં લોકો સોના-ચાંદી ખરીદી માટે ઊમટી પડ્યા હતા. સવારથી જ સોની બજારો ધમધમતા જોવા મળ્યા હતા. આ સોના-ચાંદીના બજારોમાં તેજી જોવા મળી હતી. લોકોએ સોના-ચાંદીની ભરપૂર ખરીદી કરી હતી. આ ઉપરાંત, લગ્નગાળો નજીક આવી રહ્યો છે, તેને લઈને પણ ભરપૂર ખરીદી કરવામાં આવી હતી.

# ગુજરાતમાં કૉંગ્રેસનો સોદો કરનારને હવે રાજસ્થાનમાં હરાવીશુંઃ કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીનો ગરમાવો જોવા મળી રહ્યો છે ત્યારે બાયડના કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય જસુ પટેલે જણાવ્યું હતુ કે રાજસ્થાનના પૂર્વ આરોગ્ય પ્રધાન રઘુ શર્માએ તત્કાલિન પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર સાથે મળીને ગુજરાતમાં કૉંગ્રેસનો સોદો કર્યો હતો. હવે તેઓ ચૂંટણી મેદાનમાં છે ત્યારે ગુજરાતમાંથી કાર્યકરો અને નેતાઓ તેમની સામે પ્રચાર કરવા જશે. જસુ પટેલે આ નિર્ણય એવા સમયે લીધો છે જ્યારે અશોક ગહલોતના નજીકના ગણાતા ડૉ. રઘુ શર્મા રાજસ્થાન વિધાનસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યાં છે ત્યારે બાયડના પૂર્વ ધારાસભ્ય જશુ પટેલે આક્ષેપ કર્યો હતો કે ગુજરાત કૉંગ્રેસનાં પૂર્વ પ્રભારીને હરાવવા માટે કૉંગ્રેસનાં જ નેતાઓ મેદાને પડ્યા છે. રઘુ શર્માને હરાવવા ગુજરાત કૉંગ્રેસના નેતાઓ રાજસ્થાન જશે. રઘુ શર્મા અને જગદીશ ઠાકોરે કૉંગ્રેસનો સોદો કર્યો હોવાનો આક્ષેપ થયો છે. એટલું જ નહીં, કૉંગ્રેસના નેતાઓએ રૂપિયા લઇ કૉંગ્રેસનો સોદો કર્યો હોવાની વાત સામે આવી છે. ગુજરાતમાં કૉંગ્રેસને હરાવનારને રાજસ્થાનમાં હરાવવા પ્રયાસ થઈ રહ્યા છે. આ આક્ષેપ થતાં રાજસ્થાનની ચૂંટણીમાં ગુજરાત ફેક્ટરનું રાજકારણ પણ ગરમાયું છે. બંને નેતાઓએ રૂપિયા લઈને કૉંગ્રેસનો સોદો કર્યો હતો. મારી ટિકિટ કાપીને રઘુ શર્માએ સોદેબાજી કરી હતી. પરંતુ હવે ગુજરાતમાં કૉંગ્રેસને હરાવનારાને રાજસ્થાનમાં હરાવવાનાં પ્રયાસ થઈ રહ્યાં છે. અનેક નેતાઓ રાજસ્થાન જઈ રહ્યા હોવાનો જશુભાઈએ દાવો કર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં રઘુ શર્મા પ્રભારી તરીકે આવી, ગુજરાતમાં કૉંગ્રેસનો સોદો કર્યો, જે વેપાર કર્યો, સીટોનો વેપાર કર્યો એ અરવલ્લીની સીટ ક્યારેય ભારતીય જનતા પાર્ટી પાસે નહોતી. અરવલ્લીની ત્રણ બેઠક દાહોદ જેવી બેઠક, દશાડા, કલોલ આ બધી બેઠકો જવાનું કારણ જો કોઈ હોય તો એ રઘુ શર્મા છે. જેમણે ગુજરાતમાં કૉંગ્રેસનો સોદો કર્યો હોવાનો આક્ષેપ કરતા ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા કૉંગ્રેસે રાજસ્થાનના આરોગ્ય પ્રધાન રઘુ શર્માને કમાન સોંપી હતી. તેમને પ્રભારી બનાવવામાં આવ્યા હતા, પરંતુ તેમના નેતૃત્વમાં પાર્ટી માત્ર ૧૭ બેઠકો પર જ રહી ગઈ હતી. રાજ્યમાં પ્રથમ વખત કૉંગ્રેસની આ હાલત હતી. કૉંગ્રેસને ચૂંટણી બાદ વિપક્ષના નેતાનું પદ પણ મળ્યું નથી.

# દિવાળીના તહેવારો શરૂ થતાં સૌરાષ્ટ્રની એસ.ટી.બસો મુસાફરોથી ચિક્કાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ એસટી નિગમ દ્વારા રાજકોટ સહિત રાજ્યભરમાં એક્સ્ટ્રા સંચાલન શરૂ કરાયું છે. છેલ્લા ત્રણ દિવસથી એસટી દ્વારા જુદા જુદા રૂટો ઉપર રેગ્યુલર ઉપરાંત એક્સ્ટ્રા બસો પણ દોડાવાઈ રહી છે. રાજકોટ સહિત રાજ્યનાં જુદા જુદા બસ સ્ટેન્ડો ઉપર મુસાફરોની ચિક્કાર ભીડ નજરે પડવા લાગી છે. અને મોટાભાગનાં રૂટોની બસો ફુલ દોડતી નજરે પડી રહી છે.

રાજકોટ એસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર શુક્રવારથી મુસાફરોનો ધસારો વધ્યો છે અને ખાસ કરીને રાજકોટ-સૌરાષ્ટ્રમાં વસતા પંચમહાલનાં શ્રમિકોએ વતનની વાટ પકડી છે. આથી છેલ્લા બે દિવસથી રાજકોટથી દાહોદ-ગોધરાની સૌથી વધુ બસો ચિક્કાર દોડી રહી છે. આ ઉપરાંત સોમનાથ- દ્વારકા રૂટની બસોમાં પણ સારી એવી ભીડ નજરે પડી રહી છે. રાજકોટ એસટી વિભાગ છેલ્લા ત્રણ દિવસમાં જ રાજકોટથી ૧૫૦થી વધુ એક્સ્ટ્રા ટ્રીપો દોડાવી છે. અને ૧૦ હજારથી વધુ મુસાફરોએ એક્સ્ટ્રા બસોમાં મુસાફરી કરી છે. આ ત્રણ દિવસના એક્સ્ટ્રા સંચાલન દરમ્યાન તંત્રને રૂ.૧૭ લાખથી વધુની એક્સ્ટ્રા પણ થઈ જવા પામી છે. રાજકોટ એસટી વિભાગે ગુરુવારે એક જ દિવસમાં રાજકોટથી ૭૩ એક્સ્ટ્રા ટ્રીપો દોડાવી હતી અને ૪૧૮૭ મુસાફરોએ મુસાફરી કરી હતી.

# અમદાવાદમાં ઘરમાં મૂકેલા દાગીના બૅંકમાં મૂકવા જતી મહિલા લૂંટાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નારણપુરામાં ઘરમાં મૂકેલા દાગીના બૅંકમાં મૂકવા જતી મહિલા લૂંટાઈ હતી. બાઇક પર આવેલા યુવક મહિલાના હાથમાંથી દાગીના અને રોકડ ભરેલા પર્સ છીનવી ફરાર થઈ ગયો હતો. આ અંગે મહિલાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ શહેરના નારણપુરામાં આવેલા યુનિકો એપાર્ટમેન્ટમાં રહેતા સોનલ પટેલ દિવાળીનો તહેવાર હોવાથી તેમને પરિવાર સાથે મહારાષ્ટ્ર જવાનું હોવાથી સોનલ તેમના ઘરમાં મૂકેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧૦.૭૩ લાખ પર્સમાં મૂકીને બૅંકના લોકરમાં મૂકવા માટે ચાલતા ચાલતા જઈ રહ્યા હતા ત્યારે નારણપુરા અમીકુંજ ચાર રસ્તાથી કીડઝ વર્લ્ડ ચાર રસ્તા વચ્ચે આવેલા સુફલામ સોસાયટીના ગેટ પાસે પહોંચતા એક અજાણ્યો બાઇક સવાર તેમની પાસે આવ્યો હતો અને તેઓ કંઇ સમજે તે પહેલા જ તેમના હાથમાંથી પર્સ લઇને નાસી ગયો હતો. મહિલાએ બૂમાબૂમ કરતા કેટલાંક લોકોએ બાઇક સવારનો પીછો કર્યો હતો. આ અંગે મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી.

# મોડાસામાં અકસ્માત થતાં એકનું મોત, છ લોકો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરવલ્લી જિલ્લાના મોડાસા હિંમતનગર હાઈવે પરના ખુમાપુર નજીક એસ.ટી. બસ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં એકનું મોત થયું હતું. જ્યારે છ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં બેથી ત્રણની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના મોડાસા હિંમતનગર હાઈવે પરના ખુમાપુર નજીક ટ્રેક્ટરની ટ્રોલીને બસની ટક્કર વાગતા અકસ્માત સર્જાયો હતો. શુક્રવારે વહેલી સવારના અરસામાં આ ઘટના બની હતી. એસ.ટી. બસ માતાનામઢથી મોડાસા આવતી હતી તે દરમિયાન ટ્રેક્ટર સાથે અકસ્માત થયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. તથા બચાવ કામગીરી કરી હતી. ટ્રેક્ટરની ટ્રોલીને ટક્કર વાગતા એક શ્રમિકનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે છ લોકો ઈજાગ્રસ્ત થતા મોડાસાની સાર્વજનિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં શ્રમિકો દાહોદ બાજુના હોવાનું જાણવા મળ્યુ હતું.

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે ટેક્નિકલ અને બિનટેક્નિકલ પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાંત્રિક અને બિનતાંત્રિક પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર અંગે પરિપત્ર જાહેર કરાયો છે.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાંત્રિક અને બિનતાંત્રિક પરીક્ષા બે તબક્કામાં મંડળ દ્વારા લેવામાં આવશે, જેમાં પ્રથમ તબક્કામાં તાર્કિક ૩૦ અને ગાણિતીક ૩૦ પરીક્ષાની ૬૦ માર્કની પરીક્ષા લેવાશે. તો બીજા તબક્કામાં બંધારણ, વર્તમાન પ્રવાહો, ભાષાના ૩૦ માર્ક તથા સંબંધિત વિભાગો અને ઉપયોગિતાના ૧૨૦ માર્કનું કુલ ૧૫૦ માર્કનું પેપર રહેશે. બંને કસોટીના ગુણના આધારે મેરીટ બનશે. કુલ જગ્યાના બે ગણા ઉમેદવારો ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે લાયક ગણાશે. ખોટા જવાબના નેગેટિવ માર્કિંગ પણ રહેશે.

# મોરબીમાં પત્નીની હત્યા કર્યા બાદ તેની લાશને ૪૫૦ કિલોમિટર લઈને સાસરિયે પહોંચ્યો પતિ

અમદાવાદઃ મોરબી જિલ્લાના ખાનપર ગામે વાડીમાં મહિલાની તેના જ પતિએ હત્યા કરી પત્નીનો મૃતદેહ લઈને મોરબીથી ૪૫૦ કિલોમીટર દૂર પોતાની સાસરે છોટાઉદેપુર પહોંચી ગયો હતો. પોલીસે ગુનો નોંધી આરોપી પતિની ધરપકડ કરી હતી.મોરબી તાલુકાના ખાનપર ગામે રહેતા મૂળ છોટાઉદેપુર જિલ્લાના વતની રેમલાભાઈ નાયકા અને તેમના પત્ની જીનકીબેન નાયકા વાડીમાં રહી ખેતમજૂરી કરીને ગુજરાન ચલાવતા હતા. બંને પતિ પત્ની વચ્ચે કોઈ વાતને લઈને અણબનાવ થતા પતિ રેમલાભાઇ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે ઘરમાં રહેલ દાંતરડાથી તેની પત્નીના ગળા અને માથાના ભાગે હુમલો કરતા પત્નીનું મોત થઈ ગયું હતું. હત્યા બાદ આરોપીએ કારમાં પત્નીના મૃતદેહને લઈને પોતાના વતન છોટાઉદેપુર પહોંચી ગયો હતો. મૃતકના પરિવારજનોને પોતાની દીકરીની હત્યા થઈ હોવાની જાણ થતા પોલીસને જાણ કરતા છોટાઉદેપુર પોલીસે મૃતકના પુત્ર હસમુખ રેમલાભાઈ નાયકાની ઝીરો નંબરથી ફરિયાદ દાખલ કરાવી હતી અને મોરબી પોલીસને જાણ કરી હતી.

# કચ્છમાં યુવાનના અપહરણ અને સવા કરોડની ખંડણીની માગણીનો કેસઃ પોલીસને કોઇ ક્લુ ન મળ્યો

### લાપતા યશે સોમવારની સાંજે આદિપુરની એસ.પી ઑફિસ પાછળની બાવળની ઝાડીઓની ક્લિપ શેર કરી 'ફસ ગયા' લખ્યું હતું

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર તાલુકાના મેઘપર બોરીચીની મંગલમ રેસિડેન્સીમાં રહેતાં ટિમ્બર ઉદ્યોગકારના ૧૯ વર્ષીય યશ સંજીવકુમાર તોમરના અપહરણ અને ખંડણીના બનાવના ૧૦૮ કલાક બાદ પણ યુવાનની પોલીસને કોઈ ભાળ ન મળતાં અમંગળ બન્યું હોવાની આશંકાથી પીડિત પરિવાર આકુળ-વ્યાકુળ બન્યો છે અને અપહરણ કરી મોટી ખંડણી જેવા ગંભીર ગુનાની તપાસની પ્રગતિથી પ્રજામાં પણ ભયની લાગણી ફેલાઇ છે. ગત સોમવારે કોલેજ જવા હીરો પ્લેઝર સ્કૂટર પર ઘેરથી નીકળેલા યુવાનના રહસ્યમય સંજોગોમાં લાપતા થવાની અને તેને છોડવા માટે ૧૧મી તારીખે કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાં મુંબઈ આવી સવા કરોડ રૂપિયા આપી જવાની ફોન પર થયેલી માગણી બાદ અપહરણકારનો ફરી કોઈ ફોન આવ્યો નથી. લાપતા યશ આદિપુરની પ્રખ્યાત તોલાણી કોલેજમાં ડિપ્લોમા ફાર્મસીનો અભ્યાસ કરે છે. સોમવારના ઘેરેથી કોલેજ જવા નીકળેલો યશ કોલેજ ગયો જ નહોતો. પોલીસે શહેરમાં ઠેર-ઠેર લાગેલા સી.સી.ટી.વી ફૂટેજીસની ઝીણવટભરી તપાસ કરતાં તેના કાળા રંગના પ્લેઝર પાછળ હુડી પહેરેલો અન્ય યુવક બેઠેલો જણાયો હતો. સાંજે પાંચ વાગ્યે માતા ડી-માર્ટ શોપિંગ મોલમાં ખરીદી કરવા જતી હતી ત્યારે ઘરને તાળું માર્યું હોવાનું અને ચાવી રાખી હોવાની જાણકારી આપવા પુત્રને ફોન કર્યો પરંતુ, ફોન કટ થઈ ગયો હતો અને થોડીકવાર બાદ અજ્ઞાત શખ્સે અન્ય નંબર પરથી સવા કરોડની ખંડણીની માગણી કરતો ફોન કર્યો હતો.સ્થાનિક ગુન્હાશોધક શાખા અને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ સહિત પોલીસની વિવિધ દસ જેટલી ટુકડીઓ ભેદભરમ ભરેલી આ અપહરણની ઘટનાની ગહન તપાસ કરી રહી છે.

# અમદાવાદ વૈષ્ણોદેવી સર્કલ નજીક મુખ્ય પ્રધાને શ્રમિકો સાથે ભોજન લીધું

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ વૈષ્ણોદેવી સર્કલ નજીકના કડિયાનાકા પર નવા શ્રમિક ભોજન કેન્દ્રનો શુભારંભ કરી આ પ્રસંગે શ્રમિકો સાથે ભોજન પણ લીધું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભાવથી ભોજન પીરસવાનું કામ પણ કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અમદાવાદ, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, ગાંધીનગર, જામનગર, ખેડા, મહેસાણા, મોરબી, નવસારી, પાટણ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, વડોદરા અને વલસાડ એમ કુલ-૧૭ જિલ્લાઓ ખાતે આવેલા કુલ ૧૫૫ કડિયાનાકા ઉપર ભોજન કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

# મીરા-ભાઈંદરમાં વીજળીની ચોરીને કાબૂમાં લેવા માટે કંપનીએ કમર કસી

થાણેઃ અદાણી ઈલેક્ટ્રિસિટીએ મીરા-ભાઈંદરમાં વીજળીની ચોરી કરનારાઓની એક અનોખી રીતને પકડી પાડી છે. વીજળીની ચોરી કરનારાઓએ મીટરોની સ્પીડને ૭૦થી ૭૫ ટકા ધીમી કરીને ૧.૭૦ લાખ યુનિટ વીજળી ચોરી કરી હતી, જેને કારણે અદાણી ઈલેક્ટ્રિસિટીને અંદાજે રૂ. ૨૯.૬૦ લાખનું નુકસાન થયું હતું. આ પ્રકરણમાં એપ્રિલથી ઓક્ટોબર એમ છ મહિનામાં ૪૩ વીજળી ચોરી કરનારાઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ બાબતે કંપનીના એક અધિકારીએ જણાવ્યું હતું કે ખાસ તપાસ દરમિયાન એવું જોવા મળ્યું હતું કે મીટરોની સાથે ચેડાં કરવામાં આવ્યા હતા. મીટરની વાસ્તવિક સ્પીડથી ૭૦ ટકા સ્પીડ ઓછી કરી દેવામાં આવી હતી. સામાન્ય રીતે ટ્રાન્સમિશન અને વિતરણ વચ્ચેની ખોટ અંદાજે પાંચ ટકા હોય છે. વીજળીની ચોરી કરનારાઓનો ભોગ ખરેખર ઈમાનદાર લોકો પર પડતો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મીરા-ભાઈંદરમાં વીજળી ચોરીના મામલે કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વીજળીની ચોરી કરનારાઓને કારણે ઈમાનદારીથી વીજળીનો વપરાશ કરનારાઓ પર બોજો પડતો હોય છે. ઈમાનદાર ગ્રાહકોને અન્યાય ન થાય એ માટે વીજળીની ચોરી કરનારાઓ પર લગામ તાણવામાં આવી રહી છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

છેલ્લા ઘણા સમયથી મીટરોમાં થતી ક્ષતિઓ જોવા મળતાં કંપનીએ કાર્યવાહી શરૂ કરવાનું વિચાર કર્યું હતું. કંપનીના અધિકારીએ જણાવ્યું હતું કે વીજળીની ચોરીના અનેક મામલાઓ સામે આવતાં આ વિસ્તારમાં ૪૩ જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

# દિવાળીમાં આગની દુર્ઘટના ટાળવા ફાયરબ્રિગેડની અવેરનેસ કેમ્પેઈન

મુંબઈ: દિવાળીના તહેવારમાં ચારથી પાંચ દિવસ દરમિયાન સરેરાશ ૧૫૦ આગના કેસ નોંધાતા હોય છે. આગની આવી દુર્ઘટનાઓને રોકવા માટે મુંબઈ ફાયર બ્રિગેડે મુખ્યત્વે ઝૂંપડપટ્ટી અને ચાલીના વિસ્તારમાં 'અવેરનેસ કેમ્પેઈન' શરૂ કર્યું છે, જેથી દિવાળીની ઊજવણી લોકો સાવચેતીપૂર્વક કરી શકે અને દુર્ઘટના ટાળી શકે. છેલ્લા થોડા દિવસોમાં મુંબઈ ફાયરબ્રિગેડે મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ૧૬૭ લોકોમાં અવેરનેસ લાવવા લેક્ચર લીધા છે.

દિવાળીમાં લોકો દ્વારા ફટાકડા ફોડવા, દીવાઓની સજાવટ, ઈલેક્ટ્રિક લાઈટિંગનો ઉપયોગ મોટા પાયે કરતા હોય છે. પરંતુ ઉતાવળમાં અને ઉત્તેજનામાં અનેક વખત આગ લાગવા જેવી દુર્ઘટનાઓને આમંત્રણ આપતા હોય છે. ખાસ કરીને દિવાળીના લક્ષ્મીપૂજનના દિવસે ફટાકડા મોટા પ્રમાણમાં ફોડવામાં આવતા હોય છે. ફાયરબ્રિગેડના અધિકારીના કહેવા મુજબ આ દિવસે આગની સરેરાશ ૩૦થી ૪૦ દુર્ઘટનાઓ નોંધાતી હોય છે. દિવાળીના આગની આવી દુર્ઘટના ટાળવા માટે ફાયરબ્રિગેડના અધિકારીઓ પોત-પોતાના વિસ્તારોમાં આવેલી ઝૂંપડપટ્ટી અને ચાલીની મુલાકાત લઈ રહ્યા છે. ચીફ ફાયર ઑફિસરના રવિન્દ્ર અંબુલકરના જણાવ્યા મુજબ અમારા સ્ટેશન ઑફિસર દરરોજ ઝૂંપડપટ્ટી અને ચાલીઓમાં બે કલાક લેક્ચર આપવા જઈ રહ્યા છે. લોકોને દિવાળીની ઊજવણી દરમિયાન સલામતીના પગલાં વિશે જાગૃત કરવાનું કામ કરી રહ્યા છે. આ ઝુંબેશ આખી દિવાળી દરમિયાન ચાલુ રહેશે. નાગરિકોએ શું કરવું અને શું નહીં કરવું તેની માહિતી લોકોને આપી રહ્યા છે, જેમાં મુખ્યત્વે ફટાકડા ફોડતા સમયે જાડા સુતરાઈ કપડા પહેરવા, બાળકોને ફટાકડાથી દૂર રાખવા જોઈએ અને બાળકો ફટાકડા ફોડે તો પુખ્ત વયના લોકોએ તેમની સાથે રહેવું જોઈએ. ફટાકડા ફોડતી વખતે નજીકમાં પાણી ભરેલી ડોલ રાખવી, જેથી બળી જવાના કિસ્સામાં તરત તે જગ્યાએ પાણી નાખી શકાય. ફટાકડા ફોડવા અગરબતી અને ફુલઝડીનો ઉપયોગ કરવો જોઈએ. તેમ જ બિલ્ડિંગની અંદર અને દાદરા પર ફટાકડા ફોડવા નહીં. ફટાકડા ફોડવા માટે મેચ બોક્સ અને લાઈટરનો ઉપયોગ ટાળવો. ફટાકડાને ઝાડ, ઓવરહેડ ઈલેક્ટ્રિક વાયર અથવા ઊંચી ઈમારતની નજીક હવામાં ફોડવા નહીં. બારીના પડદા પાસે દીવા મૂકવા નહીં. ઈલેક્ટ્રિક વાયર, ગેસ પાઈપલાઈન અથવા પાર્કિંગની જગ્યાએ ફટાકડા ફોડવા નહીં.

# મધ્ય રેલવેમાં પ્રવાસીઓની સુરક્ષા અદ્ધરતાલ

મુંબઈ: ટ્રેનોમાં દરરોજ લાખો પ્રવાસીઓ પ્રવાસી કરતા હોય છે અને તેની જવાબદારી સુરક્ષા વિભાગના ખભે હોય છે. જોકે મધ્ય રેલવેના સુરક્ષા વિભાગમાં ૧૯૪૦૦ પદ ખાલી છે. રનિંગ સ્ટાફ, ગેંગમેન, પોઈન્ટમેન, ગેટમેન વગેરે મહત્ત્વનાં પદો ખાલી હોવાને કારણે અન્ય કર્મચારીઓના કામનું તાણ વધી ગયું છે. આને કારણે અમુક સમય કર્મચારીઓથી નાહકની ભૂલ થતી હોય છે. પરિણામે મોટો અકસ્માત થવાની શક્યતાને પણ નકારી શકાય એમ નથી, એવો ભય રેલવે કર્મચારી સંગઠને વ્યક્ત કર્યો છે.

મધ્ય રેલવેમાં એકાંતરે નાની-મોટી ટેક્નિકલ ખામીને લઇને થતા અકસ્માત અને તેને કારણે પ્રવાસીઓને ત્રાસ વેઠવો પડતો હોય છે. બીજી બાજુ કામની ગતિ ધીમી હોવાનો ફટકો પણ પ્રવાસીઓને જ પડતો હોય છે. મધ્ય રેલવે દ્વારા બ્લોક હાથ ધરીને દેખભાલ-સમારકામના કામ કરવામાં આવતા હોય છે, પણ એ કામ કરવા માટે રેલવેના કર્મચારીને બદલે રાજ્યની વિવિધ જગ્યાએથી કે પછી અન્ય રાજ્યમાંથી કર્મચારીઓ દ્વારા કામ હાથ ધરવામાં આવતું હોય છે. કર્મચારીઓના કામનો બોજો વધવાને કારણે અન્ય કામ કરવા માટે તેઓ લાયક નથી રહેતા. આમ હોવા છતાં ટ્રેકમેન, કી-મેન, પોઈન્ટમેન જેવાં પદો ભરવા માટે રેલવે દ્વારા લાપરવાહી વર્તાવામાં આવતી હોય છે.

રેલવેના સુરક્ષા પદ પર સંપૂર્ણ સમય કાર્યરત કર્મચારી હોય એ જરૂરી છે. મધ્ય રેલવેમાં સુરક્ષા વિભાગમાં કુલ ૨૭ હજાર પદ મંજૂર છે તેની સામે ૧૯૪૦૦ પદ ખાલી હોવાની માહિતી નેશનલ મજદૂર યુનિયનના મહામંત્રી વેણું નાયરે આપી હતી. રેલવેનું ખાનગીકરણ કરીને રેલવે વિભાગનાં અનેક પદો કોન્ટ્રેક્ટ પદ્ધતિથી ભરવામાં આવતાં હોય છે. કોન્ટ્રેક્ટ પરના કર્મચારીઓની કામ કરવાની પદ્ધતિને કારણે પ્રવાસીઓની સુરક્ષાના મુદ્દે હવે ફરી એક વાર એરણે ચડ્યો છે, એવું નાયરે જણાવ્યું હતું.

# પૅરોલ પર છૂટ્યા પછી ફરાર થયેલો ડ્રગ્સ કેસનો આરોપી ૧૨ વર્ષે ઝડપાયો

થાણેઃ પૅરોલ પર છૂટ્યા પછી ફરાર થઈ ગયેલા આરોપીને ૧૨ વર્ષે મીરા રોડ ખાતેથી પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ આરોપી નાસિરઅલી શેરઅલી ખાન (૫૨)ને મુંબઈની સેશન્સ કોર્ટે એનડીપીએસ ઍક્ટ હેઠળ મે, ૨૦૧૦માં કસૂરવાર ઠેરવ્યો હતો. ખાનને ૧૦ વર્ષની સખત કેદની સજા સંભળાવવામાં આવી હતી. તેને નાશિક રોડ સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. મુંબઈમાં રહેતો ખાન ફેબ્રુઆરી, ૨૦૧૧માં ૩૦ દિવસના પૅરોલ પર જેલમાંથી બહાર આવ્યો હતો. જોકે પૅરોલનો સમયગાળો પત્યા પછી પણ તે જેલમાં પાછો ફર્યો નહોતો. આ પ્રકરણે ખાન વિરુદ્ધ ઑક્ટોબર, ૨૦૧૩માં ભારતીય દંડ સંહિતાની કલમ ૨૨૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. તાજેતરમાં ખાન બીજી પત્ની સાથે મીરા રોડ પરિસરમાં રહેતો હોવાની માહિતી મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસને મળી હતી. પોલીસે છટકું ગોઠવી બુધવારે તેને પકડી પાડ્યો હતો, એવું સેન્ટ્રલ ક્રાઈમ યુનિટના અધિકારી રાહુલ રાખે જણાવ્યું હતું. વધુ કાર્યવાહી માટે ખાનને મુંબઈ પોલીસના તાબામાં સોંપાયો હતો. (પીટીઆઈ)

# દિવાળીમાં બજારોમાં અંધાધૂંધીથી બચવા પોલીસ સજ્જ

થાણેઃ દિવાળી શરૂ થઈ હોવાથી શુક્રવારથી રવિવાર સુધી થાણે અને દાદર બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. મુખ્ય શહેરના બજારોમાં આ ધસારાના કારણે અંધાધૂંધી ન સર્જાય તે માટે ટ્રાફિક પોલીસે જોરદાર તૈયારીઓ કરી છે. થાણેમાં રામ મારુતિ રોડ, ગોખલે રોડ જેવા વિસ્તારોની બજારમાં ગુરુવારથી વધારાની પોલીસ બંદોબસ્ત મુકવામાં આવેલ છે. આ ઉપરાંત વ્યવસ્થિત વાહનો પાર્ક ન કરનારા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ વિસ્તારમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.જો કોઈ જગ્યાએ ટ્રાફિક જામ થાય તો તાત્કાલિક સ્ટાફ ઉપલબ્ધ હોય છે અને ટ્રાફિક જામ નિવારવા પ્રયાસો કરવામાં આવે છે. દિવાળીના અવસર પર થાણે શહેરના વિવિધ ભાગોમાંથી નાગરિકો સામાન ખરીદવા માટે જાંબલીનાકા, મુખ્ય બજાર, નૌપાડાના રામ મારુતિ રોડ, ગોખલે રોડ પર આવે છે. આ વર્ષે બજારમાં ખરીદી માટે ભારે ભીડ જોવા મળી રહી છે. આગામી ત્રણ દિવસમાં ખરીદી માટે આવતા લોકોની ભીડ વધે તેવી સંભાવના છે. તેથી, થાણે પોલીસે ટ્રાફિક જામને ટાળવા માટે ભીડવાળા ચોક પર પોલીસ કર્મચારીઓને તૈનાત કરવાનું શરૂ કર્યું છે. થોડા દિવસો પહેલા થાણે પોલીસે બોર્ડ ઓફ ટ્રેડના પદાધિકારીઓની બેઠક યોજી હતી. ત્યારથી બોર્ડ ઓફ ટ્રેડે પોલીસને મદદ કરવા માટે કેટલીક પરિવહન સહાય પૂરી પાડી છે.

# મુંબઈમાં બનશે દેશનું પ્રથમ ડિટેન્શન સેન્ટર

મુંબઇઃ ડ્રગ્સના કેસમાં પકડાયેલા વિદેશી નાગરિકો માટે દેશનું પ્રથમ ડિટેન્શન સેન્ટર ટૂંક સમયમાં મુંબઈમાં બનાવવામાં આવશે. આ કેન્દ્રમાં વિદેશી ડ્રગ માફિયાઓને રાખવામાં આવશે. તેઓને કાયદેસર રીતે દેશનિકાલ કરવામાં આવશે. આ દેશનું પ્રથમ ડિટેન્શન સેન્ટર હશે. નાર્કોના જે પાસા જેનું વર્ણન કરવામાં આવ્યું છે, ભલે તેનો સંબંધ આતંકવાદી ગતિવિધિઓ સાથે હોય કે ન હોય, આ અંગે સતત કાર્યવાહી કરવામાં આવે છે. આ કાર્યવાહી દરેક કેસમાં મળેલા પુરાવાના આધારે કરવામાં આવે છે. તે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. ડ્રગ માફિયાઓ દ્વારા આવતા નાણાંનો ઉપયોગ આતંકવાદ માટે કરવામાં આવે છે. આ દેશ વિરોધી કૃત્ય છે. આવી પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દરમિયાન, એડીજી કાયદા અને વ્યવસ્થાના સંજય સક્સેનાએ એલ્વિશ યાદવ વિશે કહ્યું કે આ મામલો નોઈડા પોલીસ પાસે છે. આ કેસ પર નજર રાખવામાં આવી રહી છે. જો કંઈપણ મળશે તો આ મામલે ચોક્કસ પગલાં લેવામાં આવશે. જો કોઈ પક્ષ કે તેની સાથે સંકળાયેલા લોકો સંડોવાયેલા હશે તો તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે કહ્યું કે રાજ્યમાં ડ્રગ્સના વધતા જતા કેસોને જોતા હવે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક સેલની રચના કરવામાં આવશે, જે સીઆઇડી હેઠળ કામ કરશે. તે રાજ્યમાં ડ્રગ્સ અને ટેરર એન્ગલ સાથે સંબંધિત કેસોની તપાસ કરશે. રાજ્યમાં કોઈપણ સંજોગોમાં ડ્રગ્સના કેસ વધવા દેવા જોઈએ નહીં. એટલા માટે આ તમામ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સક્સેનાએ કહ્યું કે તમામ પ્રાદેશિક પોલીસ સ્ટેશનોએ

આ અંગે કાર્યવાહી કરવાની માહિતી આપવામાં આવી છે. કોઈપણ જગ્યાએ જો ડ્રગ્સ પકડાય તો તમામ એંગલથી તપાસ થવી જોઈએ. ઘણી વખત જોવામાં આવ્યું છે કે ઘણી કંપનીઓ જે બંધ કરી દેવામાં આવ્યા છે. તે સ્થળોએ પણ આ અંગેના આદેશો બહાર પાડવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના એડીજી એટીએસ સદાનંદ દાતેએ કહ્યું કે ૨૦૨૨માં ઓક્ટોબર મહિના સુધી ડ્રગ્સના ૧૫ થી ૩૦ કેસ નોંધાયા હતા, જ્યારે ૨૦૨૩માં આ કેસોના લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩માં ઓક્ટોબર મહિના સુધી ૨૪૯૧ કેસ નોંધાયા હતા. જ્યારે આ ડ્રગ્સના કેસમાં ૩૨૭૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# 'સેલ્ફી વિથ માટી' અભિયાન 'ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ'માં સામેલ

મુંબઈઃ 'મેરી માટી મેરા દેશ' અભિયાનના એક ભાગરૂપ 'સેલ્ફી વિથ માટી' પ્રવૃત્તિની 'ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' માં નોંધ લેવાઇ એ બધા માટે ગર્વની વાત છે, એમ રાજ્યપાલ રમેશ બૈસે કહ્યું હતું. 'સેલ્ફી વિથ માટી' પહેલ હેઠળ, એક લાખ ૪૨ હજાર ૫૩૮ સેલ્ફી ઓનલાઇન મોકલવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવવા બદલ મહારાષ્ટ્રને રાજ્યપાલની હાજરીમાં 'ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ' દ્વારા વર્લ્ડ રેકોર્ડની નોંધણીનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં રાજ્યની શાળાઓ, કૉલેજો, વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજ્યમાં ૭૫ દિવસમાં કુલ ૪૮,૦૦૦ વધુ કાર્યક્રમો યોજાયા, જ્યારે ૨૫ લાખથી વધુ સેલ્ફી સત્તાવાર રીતે રેકોર્ડ કરવામાં આવી હતી. તેમાંથી ૫ લાખ ૨૯ હજાર ૫૯૫ શાળાના વિદ્યાર્થીઓએ સેલ્ફી આપી હતી. ત્યાર બાદ તમામ માપદંડોને આધારે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ દ્વારા ૨૫ લાખથી વધુ સેલ્ફી જોવામાં આવી હતી અને વર્લ્ડ રેકોર્ડ માટે ૧૦ લાખ ૪૨ હજાર ૫૩૮ સેલ્ફી નોંધવામાં આવી હતી. તે સમયે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે 'મહારાષ્ટ્રને વિક્રમ અને વિક્રમવીરોની મહાન પરંપરા મળી છે.

# કલ્યાણમાં ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા કેડીએમસી અસમર્થ

કલ્યાણઃ છેલ્લા અનેક દિવસોથી કલ્યાણ શહેરના મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ રહી છે. છત્રપતિ શિવાજી મહારાજ ચોકમાંથી વાહન કાઢતી વખતે અડધો કલાક સુધી રાહ જોવી પડે છે તેથી નાગરિકોએ આ મામલે કલ્યાણ ડોમ્બિવલી મહાનગર પાલિકા (કેડીએમસી) સામે નારાજગી વ્યક્ત કરી છે.

કલ્યાણ રેલવે સ્ટેશનની નજીક આવેલો છત્રપતિ શિવાજી મહારાજ ચોકના રસ્તા પર સૌથી વધારે ટ્રાફિક જામ જોવા મળે છે. આ રસ્તા પર ટ્રાફિકને દૂર કરવા કોઈ પણ પગલાં મહાપાલિકાએ લીધા ન હોવાથી ટ્રાફિક પોલીસને પણ મુશ્કેલીઓ આવી રહી છે. કલ્યાણનો આ શિવાજી ચોક શહેરનો સૌથી મહત્ત્વનો રસ્તો છે જે શહેરના અનેક ઠેકાણે પહોંચવાનો કેન્દ્ર બિંદુ છે. દિવાળીના દિવસોમાં ભીવંડી, શાહપુર, મુરબાડ, કલ્યાણ ગ્રામીણ વિસ્તારોના નાગરિકો મોટાપાયે ખરીદી કરવા આવે છે. શિવાજી ચોકના રસ્તા પર ભરાતી આ બજારોમાં ખરીદી કરવા આવેલા લોકો રોડની બાજુમાં પોતાના વાહનો પાર્ક કરે છે જેથી ટ્રાફિક વધે છે. આ રસ્તા પરથી રોજે પ્રવાસ કરનાર પ્રવાસીઓએ અહી ટ્રાફિક પોલીસની સંખ્યામાં વધારો કરવાની માગણી પણ કરી છે. શિવજી ચોક પર ટ્રાફિકની સમસ્યા સર્જાતા તેની અસર આગળના ચોક પર પણ થાય છે જેથી આ મુખ્ય એસવી પટેલ રોડ પણ દિવસભર ટ્રાફિક જામ રહે છે. એક ટ્રાફિક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે દિવાળી હોવાથી ફેરિયાઓ ચોકના રસ્તાની બાજુમાં અને ફૂટપાથ પર બેસે છે જેથી ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. કલ્યાણમાં ટ્રાફિકની સમસ્યા ફક્ત રસ્તા પર જ નહીં પણ કેડીએમસીના ઓફિસની બહાર પણ જોવા મળે છે. કેડીએમસી નજીકના ફૂટપાથ પર મહિલા સ્વ-સહાય જૂથ દ્વારા સ્ટોલોનો લગાડવામાં આવ્યા છે. કેડીએમસીની બહાર મુખ્ય માર્ગ પર ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર પાર્ક કરવામાં આવતા હોવાથી આ સમસ્યા હજી જટિલ બને છે. શહેરમાં ટ્રાફિકની આટલી સમસ્યા સર્જાતી હોવા છતાં પણ કેડીએમસી દ્વારા આ ફેરિયાઓ સામે કોઈ કાર્યવાહી આવી નથી. ૧૫ વર્ષ પહેલા પાલિકાએ શિવાજી ચોકમાં સબવે બનાવવાની દરખાસ્ત કરી હતી પણ ભંડોળ અને રાજકીય આધાર ન માલ્ટા અભાવે પ્રસ્તાવ રદ કરવામાં આવ્યો હતો.

# લોકલ ટ્રેનનો ટ્રાફિક હળવો થશે

### મેલ અને એક્સપ્રેસ ટ્રેનો માટે કલ્યાણમાં ૬ પ્લેટફોર્મ

મુંબઈઃ લોકલ અને બહારગામ જતી ટ્રેનો માટે કલ્યાણ જંક્શન મહત્ત્વનું સ્ટેશન છે. અહીંથી જ ઉત્તર અને દક્ષિણ ભારત તરફ જવા માટે ફાટા પડતા હોય છે. આને કારણે આઠ પ્લેટફોર્મ ધરાવતા કલ્યાણ સ્ટેશન પર હંમેશાં ગિરદી જોવા મળતી હોય છે. અનેક વાર મેલ-એક્સપ્રેસ ટ્રેનોને કારણે લોકલ ખોટકાયેલી રહેતી હોય છે. આ તમામ બાબતોના વિકલ્પરૂપે બહારગામ જતી ટ્રેનો માટે નવા છ પ્લેટફોર્મ બાંધવાનો નિર્ણય રેલવેએ લીધો છે. આથી લોકલ ટ્રેનનો ટ્રાફિક હળવા થવામાં મદદરૂપ થશે.

હાલના સમયે કલ્યાણ સ્ટેશનના ૩ અને ૪ નંબર પર મેલ-એક્સપ્રેસ ટ્રેનો આવે છે. લાંબા અંતરની આ ટ્રેનોને કારણે લોકલ ટ્રેનોને અસર થતી હોય છે. નવા છ પ્લેટફોર્મ બનવાથી બંને પ્લેટફોર્મનો ૧૦૦ ટકા વપરાશ કરી શકાશે. નવા પ્લેટફોર્મ બનાવવા પાછળ રૂ. ૮૧૨ કરોડનો ખર્ચ અપેક્ષિત છે. કલ્યાણ સ્ટેશન પર પ્રવાસીઓની અને મેલ-એક્સપ્રેસ ટ્રેનોની ભીડ ઓછી કરવા માટે લાંબા અંતરની ટ્રેનો માટે છ અલાયદા પ્લેટફોર્મ બાંધવામાં આવવાના છે અને તમામ પ્લેટફોર્મ પર ૫૬૭૦૦ ચોરસ મીટરના ડેક સ્લેબ ઉભારવામાં આવશે.

# પવાર પરિવારના ગેટ-ટુ-ગેદર બાદ રાજકીય ચર્ચાને વેગ

મુંબઈ : પ્રધાન દિલીપ વલસે-પાટીલે એનસીપીના પ્રમુખ શરદ પવારની તેમના મોદી બાગ સ્થિત નિવાસસ્થાને મુલાકાત લીધી હતી. અને શરદ પવાર, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, સાંસદ સુપ્રિયા સુળે દિવાળી નિમિત્તે પારિવારિક કાર્યક્રમ માટે એક સાથે આવ્યા હતા. આ મુલાકાતના લીધે રાજયમાં ફરી રાજકીય ચર્ચાઓને વેગ મળ્યો છે.

એનસીપીમાં પડેલી ફૂટ બાદ અજિત પવાર અને શરદ પવારે એક બીજા પર અનેક વખત ટીકા કરવામાં આવી હતી. એનસીપી દ્વારા પાર્ટીમાથી જુદા થયેલા વિધાનસભ્યો સામે ગેરલાયકાતની અરજી દાખલ કરી આવી છે. બીજી તરફ ચૂંટણી પંચ સામે એનસીપી પાર્ટી પર પોતાનું વર્ચસ્વ મેળવવા સુનાવણી ચાલી રહી છે. આ બધા મુદ્દાઓ ચાલતા સંપૂર્ણ પવાર પરિવાર બાનેરમાં શરદ પવારના ભાઈ પ્રતાપરાવ પવારના ઘરે એકત્ર આવ્યો હતો.

પાવર પરિવારના આ સ્નેહ મિલન અંગે સુપ્રિયા સુળેએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે પવાર પરિવાર ભોજન સમારંભ માટે એકત્ર થયો હતો. અજિત પવારની તબિયત ૧૦૦ ટકા સારી થઈ નથી. તેથી અજિત પવારે થોડા દિવસ આરામ કરી કાળજી લેવાની જરૂર છે. દેશમાં પ્રદૂષણ ખુબ જ વધી ગયું છે. દિલ્હી, મુંબઈ અને પુણેમાં હવામાન ખૂબ જ ખરાબ છે. આ ફક્ત એક લંચ ઇવેન્ટ હતો. એન. ડી. પાટિલની પત્ની સરોજની પાટીલ શરદ પવારની બહેન છે. એન. ડી. પાટીલ અને શરદ પવાર વચ્ચે ઘણી વખત રાજકીય અથડામણ થઈ છે. પરંતુ, વ્યક્તિગત સંબંધોમાં ક્યારેય તિરાડ પડી ન હતી. અજિત પવારને મળવા પર સુપ્રિયા સુળેએ કહ્યું કે અમારી વચ્ચે કોઈ પણ જાતની વ્યક્તિગત લડાઈ નથી.

## પારસી મરણ

માણેક ખરશેદજી પટેલ તે મરહુમ આબાન માણેક પટેલના ધની/ખાવીંદ. તે ફરઝીન માણેક પટેલના બાવાજી. તે મરહુમો બાનુ તથા ખરશદજી મં. પટેલના દીકરા. તે રોહિનતન, શહેરુ, નરગેશ તથા રોડાના ભાઇ. તે મરહુમો ચાંદન તથા અદી કુપરના જમઇ. તે હોમી ભાઠેના તથા મરહુમો હોમી મોબેદ અને રતન ઇચ્છાપોરીયાના સાલાજી. (ઉં. વ. ૬૫) રે. ઠે. એ-૨૦૩, અહુના દીવેચા કોમ્પ્લેક્સ, એદલજી રોડ, ચેરાઇ, મોવલી મંડળ, થાણે-૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૧૧-૨૩ના રોજે બપોરે ૩-૪૦ કલાકે. પટેલ અગિયારી, થાણામાં થશેજી.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

વાંકાનેર, હાલ ઘાટકોપર સ્વ. અશોકકુમાર વ્રજલાલ અમૃતલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. સરલાબેન (ઉં. વ. ૮૦) તે નિર્મલભાઈ, દર્શનભાઈ અને અ.સૌ. ચેતનાબેનના માતુશ્રી. તે હર્ષદકુમાર, અ. સૌ. આશાબેન અને અ. સૌ. અવનીના સાસુ, તે ભાવિક, જીતેન અને પલકના દાદી. તે સ્વ.નિરંજનાબેન વિનોદરાય, વર્ષાબેન પ્રદીપભાઈ, હર્ષાબેન હસમુખભાઈ, સ્વ. વિનોદીનીબેન હસમુખરાયના ભાભી. તે પિયરપક્ષે તે ટિકર રણ નિવાસી સ્વ દિપચંદ કલ્યાણજી મેહતાની દિકરી તા. ૦૯/૧૧/૨૩ના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવાહર બંધ રાખેલ છે. ૫૦૫/૫૦૬, કાવેરી, નીલકંઠ વેલી ગેટ ૧, સોમૈયા કોલજ ની બાજુમાં, રાજવાડી કોલોની, રોડ ૭, ઘાટકોપર(ઈસ્ટ).

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

હાલ અલંગ નિવાસી સ્વ બાબુલાલ પ્રેમચંદ શાહના પુત્ર ચંદુલાલ તા. ૯/૧૧/૨૩ ને બુધવાર ના અવસાન પામેલ છે. તે સ્વ ચીમનભાઈ, હર્ષદભાઈ, મહિપત, સરોજબેન ચીમનલાલ મહેતા, મંછાબેન ચંપકલાલ ગાંધી, કલ્પિતા હરેશ મહેતા, નીલમ નિલેશ કુમાર શાહ, ભાવના પંકજકુમાર મણિયારના ભાઈ, પાયલ, રિચા, ભાવિન, ભૌમિકના કાકા. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બરવાળા ઘેલાશા, હાલ ઘાટકોપર, સ્વ. કંચનબેન ધનજીભાઈ બાવીશીના પુત્ર રમેશ (ઉં. વ. ૭૭), અમેરિકામાં તા. ૧-૧૧-૨૦૨૩ના અરિહંતશરણ થયેલ છે. તે લખતર નિવાસી સ્વ. કમળાબેન ગીરધરલાલ શેઠના જમાઈ. અંજુના પતિ. જતીન-મિલનના પિતા. જીગ્ના-કવિતાના સસરા, સ્વ. ચંદ્રકાન્ત, સ્વ. શશીકાન્ત, સ્વ. દિલીપ, સ્વ.ચંદ્રવદન, પ્રવીણ, જીતેન્દ્ર, પ્રદીપ, સ્વ. નલીનીબેન પ્રતાપરાય વોરાના ભાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બારોઇના ચંદ્રકાંત કેનીયા (ઉં. વ. ૭૦) ૯-૧૧ના અવસાન પામેલ છે. માતા લક્ષ્મીબેન ખીમજી જાદવજી પટેલના પુત્ર. જયાના પતિ. કશીષ, ચિરાગના પિતા. કાંતીલાલ, જયંત, દિવ્યા, નવિનના ભાઇ. દેશલપુર લક્ષ્મીબેન રામજી વરજાંગના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચિરાગ કેનીયા, ૩૦૧, ફ્લોરા એપાર્ટમેન્ટ, એસ.એન.રોડ, મુલુંડ (વે.).

છસરાના શ્રી લક્ષ્મીચંદ લાલજી ગાલા (ઉં. વ. ૭૩) તા. ૮-૧૧-૨૩ના અવસાન પામેલ છે. માતુશ્રી નેણબાઇ લાલજી ઉમરશીના પુત્ર. નીલમબેનના પતિ. હીના, સંગીતા, કેકીન, વિપુલના પિતા. મણીલાલ, પોપટલાલ, ભવાનજી, મેઘજી (જખુ), સરલાના ભાઇ. ભુજપુરના રતનબેન પ્રેમજીના જમાઇ. પ્રા. શ્રી માટુંગા ક.મુ.શ્વે.જૈન સંઘની શ્રી નારાયણજી શામજી વાડી, પહેલા માળે, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), ટા. સાંજે ૪ થી ૫.૩૦. નિ. વિપુલ ગાલા, ડી-૬૦૪, અપેક્ષ ટાવર, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇસ્ટ).

પ્રાગપુર (હાલે પુના)ના લાલજી લખમશી દેઢીયા (ઉં. વ. ૭૯) ૭-૧૧ના અવસાન પામ્યા છે. વેલબાઇ લખમશી રાઘવજીના પુત્ર. પ્રભાબેનના પતિ. ચિરાગ, ડો. અલ્પા, સ્વ. શિલ્પાના પિતાશ્રી. હરસી, કરમશી, હંસરાજ, માવજી, ધારશી, કાંડાગરાના પ્રભાબેન ચુનીલાલ કરમશીના ભાઇ. સાડાઉ પુષ્પાબેન દેવજી વીરજી સંગોઇના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચિરાગ દેઢીયા, બી/૨, કેસલ રોયલ, ભોંસલે નગર, પુના-૨૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

હાથસણી હાલ મુલુંડ જયંતીલાલ ઝવેરચંદ દોશી (ઉં. વ ૭૬) તે ઉર્મિલાબેનના પતિ. શૈલા, કલ્પેશના પિતા. પૂર્વીબેન અને શાલીભદ્રના સસરા. રીયાના દાદા. પ્રીયલના નાના. સ્વ. શાંતિભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, હસમુખભાઇ, વિનોદભાઇ, પ્રકાશભાઇ, સ્વ. અશોકભાઇ, કળાબેન નટવરલલ દોશી અને સદગુણાબેન સૂર્યકાન્ત શાહના મોટા ભાઇ. શ્વસુર પક્ષે સુરતવાળા સ્વ. શાંતિલાલ ઘેલાભાઇ શાહના જમાઇ તા. ૯-૧૧-૨૩ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

**ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

માણાવદર, હાલ થાણા સ્વ. નર્મદાબેન દયાશંકર ત્રિવેદીના પુત્ર શરદ (બબલભાઈ) ત્રિવેદી (ઉં. વ. ૬૪) તે ૯/૧૧/૨૩ના શ્રીજીશરણ પામેલ છે. તે કવિતાના પતિ. હિમાંશું તથા અનીશાના પિતા. જાગૃતિ તથા આસ્થાના સસરા. માયાના દાદા, સ્વ.દિનેશભાઈ, સ્વ. મહેશભાઈ, નયનાબેનના નાનાભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિદ્ધપુર વિશા દિશાવળ**

સિદ્ધપુર, હાલ બોરીવલી ગં. સ્વ હંસાબેન દામોદરદાસ મહેતા (ઉં. વ. ૮૫) તે ૯/૧૧/૨૩ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયેશભાઇ, ભરતભાઈના માતુશ્રી. શીલા તથા બિંદુના સાસુ. સ્વ. નરોત્તમભાઇ, સ્વ. ચીમનલાલ, રમણભાઈના ભાભી. સ્વ. નાથાલાલ પ્રહેલાદજી શાહ બાલીસણાના દીકરી. સ્વ. ગોવિંદ ભાઇ, નરેન્દ્રભાઈના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા સોરઠિયા વણિક**

લોઢવાવાળા હાલ કાંદિવલી ગં.સ્વ. ઉર્મિલાબેન સુરેશકુમાર કપૂરચંદ શાહ (ઉં. વ. ૭૦) તે ૯/૧૧/૨૩ ના શ્રીજીશરણ પામેલ છે. તે જીગર-અ.સૌ.મિત્તલ તથા મનીષા ભાવેશકુમાર શાહના માતુશ્રી. સ્વ. છગનભાઇ, સ્વ. પ્રફુલભાઇ, જેઠાભાઇ, મીનાબેન જયંતીલાલ, સ્વ. દક્ષાબેન ભીખાભાઇના ભાઈના પત્ની. પિયરપક્ષે બામણાસાવાળા સ્વ. મટુબેન નારાયણદાસ ગાંધીના દીકરી. સ્વ.મહેન્દ્રભાઈ, સ્વ. મનુભાઈ, રંજનબેન શાંતિલાલ, માલતીબેન નારણદાસના બહેન. ગં.સ્વ. સુશીલાબેન મહેન્દ્રભાઈ ગાંધીના નણંદ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખેડવાબાજ બ્રાહ્મણ**

કડિયાદરા, હાલ નાલાસોપરા ગં.સ્વ. કૈલાશબેન પંડ્યા, તે સ્વ. હરગોવિંદદાસ ભોગીલાલ પંડ્યાના ધર્મપત્ની, સ્વ.ઇલાબેન, નીલિમાબેન, કિરણબેન, ફાલ્ગુનભાઈ, રાકેશભાઈનાં માતાશ્રી. દિપીકા, પારસ, નલિનભાઈ, સુધીરભાઈ, ચેતનભાઈનાં સાસુ. સલોની, પ્રિયલ, ધૃતિ, વિદિતના દાદી. પ્રશાંત, રુચિ, ઈશાન, કેનીલના નાની તા. ૦૩/૧૧/૨૦૨૩ નાં નાલાસોપરા દેવલોક પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી લોહાણા**

મોટા આંકડીયા, હાલ કાંદિવલી સ્વ. દિવાળીબેન દામોદરદાસ કરિયાના પુત્ર મનસુખભાઇ (ઉં. વ. ૮૮) તે ૯/૧૧/૨૩ ના શ્રીજીશરણ પામેલ છે. તે રમીલાબેનના પતિ. વિપુલ, જયેશ, લીના યોગેશ ઠક્કર, જયશ્રી રાજેશ ભીમજીયાણીના પિતા. સ્વ. ધીરુભાઈ, અતુલભાઈ, સ્વ. ભાનુબેન પ્રતાપરાય પુજારા તથા સ્વ. મંજુલાબેનના ભાઈ. પ્રીતિ, નીતાના સસરા. સ્વ. ગોદાવરીબેન પુરુષોત્તમ પોપટના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

સાયલા, હાલ મુલુંડ મનમોહન પરીખ (મનુભાઈ) (ઉં. વ. ૭૭) શુક્રવાર તા. ૧૦/૧૧/૨૦૨૩ ના અક્ષર નિવાસી થયા છે. તે સ્વ. રૂક્ષ્મણીબેન હરખચંદ હરિલાલ પરીખના સુપુત્ર, સુશીલાબેનના પતિ. રચિતા ઉમેશ પવાર, પૂજા આકાશ તિવારીના પિતા. કીયા, કબીર, મેહરના નાના, સ્વ. મહેન્દ્ર ભાઈ, સ્વ. અનંતરાયના ભાઈ. પ્રાથનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર હાલ નાશિકવાળા સ્વ. મુક્તાબેન કાનજીભાઈ ઠક્કર (હિંગવાળા)ના પૌત્ર કૃતિક (કુકી) (ઉં. વ. ૩૬) તે મનીષા કિરીટભાઈ કાનજીભાઈ ઠક્કરના નાના સુપુત્ર. તે ત્રિષ્નાના પતિ. જીયાંશના પિતા. તે કાર્તિક, ક્રેમલ, સપના, રીયાના ભાઈ. તેમજ રાજશ્રી વિનોદ દિલીપકુમાર મજેઠીયા ગામ આડેસર હાલ નાશિકના જમાઈ. એમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩/૧૧/૨૦૨૩ સોમવારના સાંજે ૪.૩૦ થી ૬.૦૦ વાગે આર.પી. વિદ્યાલય, નીમાણી બસ ડેપોની બાજુમાં, પંચવટી, નાશિક મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**કપોળ**

કરદેજવાળા હાલ ઘાટકોપર સ્વ. પોપટલાલ પ્રાણલાલ મોદીના ધર્મપત્ની ગં. સ્વ. ઇંદુમતી (ઉં. વ. ૯૦) તે ગીરીશ, જયેશ, અ. સૌ. રેખાબેન તથા અ. સૌ. નયનાબેનના માતુશ્રી. તે અ. સૌ. જ્યોતીબેન, અ. સૌ. ફાલ્ગુનીબેન, અ. સૌ. મોસમ, હારીતભાઇ, પરેશભાઇના સાસુ. તે સિહોરવાળા સ્વ. હરીલાલ પ્રાણલાલ ભૂતાના દીકરી. તે સ્વ. કાંતિલાલ હરીલાલ, સ્વ. ક્રિષ્ણાબેન ધીરજલાલ, સ્વ. રંજનબેન હરજીવનદાસ તથા સ્વ. જ્યોતીબેન ધીરજલાલના બેન. બુધવાર તા. ૮-૧૧-૨૩ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

કિરીટભાઇ શાહ (ઉં. વ. ૮૨) તે સ્વ. જયંતિલાલ જગજીવનદાસ શાહના પુત્ર. સ્મિતાબેનના પતિ. શારદાબેન સુંદરલાલ શાહના જમાઇ. દિલીપ, અશોક, મીરા પરીખ, સ્મિતા ભુખાનવાલા, મમતા શેઠના ભાઇ. તા. ૪-૧૧-૨૩ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. પાર્વતીબેન અને સ્વ. મણીલાલ વેલજી ઠક્કર (રવાણી) ગામ કચ્છ માધાપર હાલે મુલુંડના પુત્રવધૂ જયશ્રીબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. ચંદ્રકાંત મણીલાલ ઠક્કરના ધર્મપત્ની ગુરુવાર, તા. ૯ નવેમ્બર ૨૩ના શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. ત્રિવેણીબેન તુલસીદાસ લીલાધર કારીયા હાલે મલાડના સુપુત્રી. તે કમલેશ અને કેતકીબેન રાજેન્દ્રભાઇ રમણીકલાલ મહેતાના માતુશ્રી. તે મયુરીબેન અને રાજેન્દ્રભાઇના સાસુમા. સરોજબેન હિંમતલાલ સોમૈયા, શોભનાબેન પ્રતાપભાઇ ગણાત્રા (ઠક્કર), સ્વ. વિજયભાઇના ભાભી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. કમલેશ ચંદ્રકાંત ઠક્કર, સી-૧,૨૦૬ લોક એવરેસ્ટ. મુલુંડ (વેસ્ટ).

**આજક ગીરનારા બ્રાહ્મણ**

આજક હાલ કાંદિવલી સુધાબેન દિલીપકુમાર પૂરોહિત મંગળવાર, તા. ૭-૧૧-૨૩ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયાલક્ષ્મીબેન દેવદત જોશીના સુપુત્રી. તે સ્વ. સરસ્વતીબેન ગીરધરલાલ પૂરોહિતના પુત્રવધૂ. તે સ્વ. હરેશભાઇ, વિજયભાઇ, મુકુંદભાઇ જોશી, ગં. સ્વ. રંજનાબેન, ચારૂબેનના બેન. તે ગં. સ્વ. કાલંદીબેન, નેહાબેન, પ્રિતીબેનના નણંદ. તે મયુર, ગોપી, ચિત્રા, ભાર્ગવ, માધવ, યશસ્વીના ફઇ. તે જિકુલ, મેહુલ, નીતીશ, ઝરણાંના માસી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ભટ્ટ**

રાજપીપળા નિવાસી હાલ અંધેરી જયંતભાઇ ઉપેન્દ્ર પંડયા અને સ્વ. હર્ષાબેન જયંતભાઇ પંડયાના પુત્ર. અર્ચનાના પતિ મીહીર (ઉં. વ. ૩૭) તે રમેશભાઇ મોહનલાલ મકવાણા, અરુણાબેન રમેશ મકવાણાના જમાઇ. તા. ૮-૧૧-૨૩ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૧-૧૧-૨૩ના ૪થી ૬. ઠે. મહાલક્ષ્મી ટાવર્સ, કોમ્યુનિટી હોલ, ગેટ નં-૧ રૂસ્તમજી એલીમેન્ટ પાછળ, ન્યુ ડી.એન. નગર, ડી. એન. નગર, અંધેરી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



**રંગોની રોનક...**

દિવાળી એટલે રંગ-રોશનીનું પ્રતીક. રંગોળી વગરની દિવાળી અધૂરી લાગે એમ કહેવાય છે. બજારો પણ હાલમાં રંગબેરંગી રંગોથી સજી ગઇ છે. (જયપ્રકાશ કેળકર)

# લોકલ ટ્રેનોમાં ડિજિટલ ટિકિટ પાંચ કિલોમીટરના વિસ્તારમાં બુક થઈ શકશે

મુંબઈ: મુંબઈની પશ્ચિમ અને મધ્ય રેલવેની લોકલ ટ્રેનમાં મુસાફરી કરતા વધુ ને વધુ પ્રવાસીઓ ડિજિટલ ટિકિટને પ્રાધાન્ય આપી યુટીએસ ઍપથી ટિકિટ લઈ રહ્યા હોવાથી પ્રવાસીઓને ટિકિટ બુક કરવામાં વધુ સુગમતા રહે એ માટે રેલવે સત્તાવાળાઓ ઍપની ગુણવત્તા સુધારી રહ્યા છે. પહેલા સ્ટેશનના પરિસરના બે કિલોમીટરના વિસ્તારમાં હો ત્યારે જ ટિકિટ બુક કરી શકતી હતી. હવે આ મર્યાદા વધારી પાંચ કિલોમીટરની કરવામાં આવી છે. આ ઉપરાંત પૈસાની ચુકવણીની પદ્ધતિ પણ સુધારવામાં આવી છે. આ વર્ષના ઑક્ટોબર મહિનામાં પશ્ચિમ અને મધ્ય રેલવેમાં યુટીએસ ઍપથી ટિકિટ બુક કરનારા પ્રવાસીઓની સંખ્યા વધીને ૩.૫૦ કરોડ પર પહોંચી હોવાથી રેલવે તંત્ર સાબદું બન્યું છે. ઑક્ટોબર ૨૦૨૨માં યુટીએસ ઍપનો ઉપયોગ કરનારા પ્રવાસીની સંખ્યા ૨.૦૭ કરોડ હતી. આમ એક વર્ષમાં યુટીએસ ઍપની મદદથી ટિકિટ બુક કરતા પ્રવાસીઓમાં ૧.૪૩ કરોડનો વધારો જોવા મળ્યો છે. ■

# મુંબઈમાં ત્રણ દિવસમાં પીયુસી ઉલ્લંઘન માટે ૨,૪૬૦થી વધુ વાહનો સામે કાર્યવાહી

મુંબઈ: મંગળવાર અને ગુરુવાર એમ ત્રણ દિવસમાં મુંબઈ ટ્રાફિક પોલીસે પીયુસી ઉલ્લંઘન બદલ ૨,૪૬૦ વાહનો સામે કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી ગેરરીતિ કરતા વાહનચાલકો પર કાર્યવાહી કરીને હવાના પ્રદૂષણને કાબૂમાં લેવા પોલીસની ચાલી રહેલી ઝુંબેશનો એક ભાગ છે.

હવામાં પ્રદૂષણ ફેલાવતા એક્ઝોસ્ટ કટઆઉટનો ઉપયોગ કરવા બદલ ૪૪૯ વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને ૧૯૫ વાહનોના સાયલન્સર જપ્ત કરવામાં આવ્યા હતા. ૧,૦૦૦થી વધુ વાહનો પર જોખમી રીતે બાંધકામ સામગ્રી વહન કરવા બદલ કાર્યવાહી કરી હતી, જ્યારે ૫૯ કોમર્શિયલ વાહનોને આઠ વર્ષની ફિટનેસ મર્યાદા સમાપ્ત થયા પછી ચલાવવા બદલ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો.

સંયુક્ત પોલીસ કમિશનર, ટ્રાફિક પ્રવિણ પૌડવાલે ટ્રાફિક પોલીસ કર્મચારીઓને હવા પ્રદૂષણ ફેલાવતા વાહનો પર કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

માન્ય પીયુસી પ્રમાણપત્રો ન ધરાવતાં વાહનો પર કેન્દ્રીય મોટર વાહન નિયમો હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

ટ્રાફિક પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, તૈયાર મિક્સ કોંક્રીટ સહિતની બાંધકામ સામગ્રીને ઢાંકેલા વાહનોમાં બાંધકામના સ્થળો પર લઈ જવાની જરૂર છે. જો ટ્રક અથવા સિમેન્ટ મિક્સર જેવા વાહનો અસુરક્ષિત, જોખમી રીતે બાંધકામ સામગ્રી વહન કરતા જોવા મળશે, તો મહારાષ્ટ્ર મોટર વાહન નિયમો હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. એક્ઝોસ્ટ કટઆઉટનો ઉપયોગ કરનારા અને વાયુ પ્રદૂષણમાં ફાળો આપનારા વાહનોને મોટર વ્હીકલ એક્ટ હેઠળ કાર્યવાહીનો સામનો કરવો પડશે. આવા વાહનોના સાયલેન્સર જપ્ત કરવામાં આવશે.

ટ્રાફિક પોલીસ અધિકારીઓએ એમ પણ જણાવ્યું હતું કે કોમર્શિયલ વાહનો કે જેઓ આઠ વર્ષની ફિટનેસ મર્યાદાને વટાવી ચૂક્યા છે અને તેમની પાસે હવે માન્ય ફિટનેસ પ્રમાણપત્રો નથી તે જપ્ત કરવામાં આવશે અને સંબંધિત આરટીઓને મોકલવામાં આવશે. ■

# નશામાં સ્કૂટરથી બેરિકેડને ટક્કર મારી: પોલીસ જખમી

મુંબઈ: દારૂના નશામાં સ્કૂટર ચલાવી ઘાટકોપરના યુવકે બેરિકેડને ટક્કર મારી હોવાની અંધેરીમાં બનેલી ઘટનામાં પોલીસ અધિકારી ગંભીર રીતે ઘવાયો હતો. ઘટના સમયે સ્કૂટર પર સવાર ત્રણમાંથી બે જણને પકડી પાડવામાં આવ્યા હતા, જ્યારે એક ફરાર થઈ ગયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.પોલીસ ફરિયાદ અનુસાર અંધેરી પૂર્વમાં જે. બી. નગર મેટ્રો સ્ટેશન નીચે બુધવારની વહેલી સવારે બનેલી ઘટનામાં આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર શ્યામચરણ ગાવડે (૫૬) જખમી થયો હતો. તેના માથા પર પાછળની બાજુએ ઇજા થઈ હતી, જ્યારે જમણા ખભાના હાડકામાં ફ્રેક્ચર થયું હતું. સારવાર માટે તેને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. અંધેરી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ગાવડેની ડ્યૂટી રાતના સમયે નાકાબંધીમાં હતી. અંધેરી રેલવે સ્ટેશનની દિશામાં પૂરપાટ વેગે આવતા સ્કૂટર પર તેની નજર પડી હતી. પાર્ટી કરીને ત્રણ યુવક સ્કૂટર પર ઘરે પાછા ફરી રહ્યા હતા અને દીપેશ ખાજેકર (૨૬) દારૂના નશામાં સ્કૂટર ચલાવી રહ્યો હતો.

લોખંડની બેરિકેડની પાછળ ઊભેલા પોલીસ અધિકારી ગાવડેએ સ્કૂટરને રોકવાનો ઇશારો કર્યો હતો. સ્કૂટર બેરિકેડ સાથે ભટકાવાને કારણે બેરિકેડ ગાવડે પર પડી હતી. નાકાબંધીમાં હાજર અન્ય અધિકારીઓએ ખાજેકર અને સ્કૂટર પર પાછળ બેસેલા પ્રતીક યાદવ (૨૭)ને પકડી પાડ્યા હતા. જોકે તેમનો એક મિત્ર ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો. આ પ્રકરણે અંધેરી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.■

# મોનો રેલના કાફલામાં નવી ટ્રેન

મુંબઈ: ચેમ્બુર - જેકબ સર્કલ વચ્ચે દોડતી મોનો રેલમાં સફર કરતાં પ્રવાસીઓ માટે સારા સમાચાર છે. મોનો રેલના કાફલામાં નવી મોનો ટ્રેન દાખલ થઈ છે, સાથે સાથે તેની ૨૪ ટ્રીપો પણ વધારવામાં આવી છે. મોનો રેલની કુલ ટ્રીપોની સંખ્યા ૧૧૮થી વધીને ૧૪૨ થઈ ગઈ છે. મુંબઈમાં પ્રથમ અને એકમાત્ર મોનો રેલ લાઇન કાર્યરત છે, જે ખોટમાં ચાલી રહી છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) મોનો રેલને ખોટમાંથી બહાર લાવવા અને મુસાફરોની સંખ્યામાં વધારો કરવા માટે વિવિધ પ્રયાસો કરી રહી છે. તેના ભાગરૂપે ટ્રેનોની સંખ્યા વધારવા, ટ્રીપોની સંખ્યા વધારવા અને મોનો રેલની ફ્રિકવન્સી વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તે મુજબ હવે મોનોના કાફલામાં એક કારનો ઉમેરો થયો છે. તેથી હવે મોનોના ૨૪ રાઉન્ડ વધ્યા છે. મોનો રેલ જે અત્યાર સુધી દર ૧૮ મિનિટે દોડતી હતી તે હવે દર ૧૫ મિનિટે દોડશે. જેથી મોનો રેલના મુસાફરોને હવે મોટી રાહત મળશે. ■

# આઈઆઈટી-બૉમ્બેમાં પેલેસ્ટિનિયન આતંકવાદીઓને સમર્થન આપતા પ્રોફેસર, ગેસ્ટ સ્પીકર સામે ફરિયાદ

મુંબઈ: ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૅક્નોલૉજી (આઈઆઈટી) મુંબઈના વિદ્યાર્થીઓએ વર્ચ્યુઅલ લેક્ચર દરમિયાન પેલેસ્ટિનિયન આતંકવાદીઓના સમર્થનમાં પ્રવચન આપવા બદલ પ્રોફેસર અને ગેસ્ટ સ્પીકર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વિદ્યાર્થીઓએ બુધવારે નોંધાવેલી ફરિયાદમાં માનવતા અને સામાજિક વિજ્ઞાન (એચએસએસ) વિભાગના પ્રોફેસર શર્મિષ્ઠા સાહા અને છઠ્ઠી નવેમ્બરે યોજાયેલ વાર્તાલાપ માટે ગેસ્ટ સ્પીકર સુધન્વા દેશપાંડે સામે પગલાં લેવાની માગ કરી હતી.

પોલીસને આપેલા તેમના ફરિયાદ પત્રમાં, વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે સાહાએ 'દેશપાંડે (કોર્સ વર્ક એચએસ ૮૩૫ના ભાગરૂપે એક કટ્ટરપંથી ડાબેરી) ને આમંત્રિત કરવા માટે તેના પદનો અયોગ્ય ઉપયોગ કર્યો હતો. તેઓએ આરોપ લગાવ્યો હતો કે દેશપાંડેએ પેલેસ્ટિનિયન આતંકવાદી ઝકરિયા ઝુબેદીની પ્રશંસા કરી હતી અને આનાથી આઈઆઈટી મુંબઈની શૈક્ષણિક અખંડિતતા અને સલામતી માટે ચિંતાજનક પરિણામો આવી શકે છે.

'ઇવેન્ટ દરમિયાન, દેશપાંડેએ એક નિવેદન આપ્યું જેણે નોંધપાત્ર ચિંતા વધારી છે. તેણે માત્ર ૨૦૧૫માં પેલેસ્ટિનિયન આતંકવાદી ઝુબેદીને મળ્યાનું કબૂલ્યું ન હતું પણ હિંસા અને સશસ્ત્ર બળવાનો બચાવ કર્યો હતો અને તેની પ્રશંસા પણ કરી હતી. ઝુબેદી અલ-અક્સા શહીદ બ્રિગેડ જે યુનાઇટેડ સ્ટેટ્સ, યુરોપિયન યુનિયન અને ઇઝરાયલ સહિત વિવિધ સરકારો અને આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા આતંકવાદી એન્ટિટી તરીકે નિયુક્ત કરાયેલ સંગઠન સાથે સંકળાયેલી જાણીતી વ્યક્તિ છે. અલ-અક્સા શહીદ બ્રિગેડ આતંકવાદના અસંખ્ય કૃત્યો અને નાગરિકોને નિશાન બનાવતા હુમલાઓ સાથે સંકળાયેલા છે, જે તેમના સંગઠનને સમસ્યારૂપ બનાવે છે.

દેશપાંડેએ કહ્યું હતું કે ''પેલેસ્ટિનિયન સંઘર્ષ એક સ્વતંત્રતા સંગ્રામ છે. અને વિશ્વના ઇતિહાસમાં, સંસ્થાનવાદના ઇતિહાસમાં એવો કોઈ સંઘર્ષ થયો નથી કે જે સંપૂર્ણપણે અહિંસક હોય. ભારતીય સ્વતંત્રતા સંગ્રામ પણ ૧૦૦ ટકા અહિંસક નહોતો અને આગળ પણ નહીં હોય.

વિદ્યાર્થીઓએ યુવા વિદ્યાર્થીઓના મન પર આવી પ્રવૃત્તિઓની અસર અને આતંકવાદ સાથે જોડાયેલી વિચારધારાઓને પ્રોત્સાહન આપવા સાથે સંકળાયેલ સંભવિત સુરક્ષા જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી અને પોલીસને આ બાબતની તપાસ કરવા અપીલ કરી. (પીટીઆઈ)■

# પશુ ચોરોએ કર્યો પોલીસ ટીમને કાર નીચે કચડવાનો પ્રયાસ

પાલઘર: પાલઘર જિલ્લામાં ચોરેલા પશુઓને વાહનમાં લઇ જતી ટોળકીને અટકાવવા માટે ગયેલી પોલીસ ટીમને કાર નીચે કચડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેમાં બે પોલીસકર્મી ઘાયલ થયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.આ ટોળકીના બે સભ્યની ધરપકડ કરવામાં આવી હતી અને ત્રણ ગાય તથા ભેંસને છોડાવવામાં આવી હતી.પાલઘરના વાઘોબા ઘાટ તેમ જ માસવણ બ્રિજ પર ગુરુવારે પાલઘર પોલીસ સ્ટેશનની ટીમ તથા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે તેમને માહિતી મળી હતી કે આરોપીઓ ચોરેલા પશુઓ લઇને ઇનોવા, સ્કોર્પિયો તથા બે મોટરસાઇકલ પર મનોર તરફ ભાગી છૂટ્યા છે. આથી પોલીસ ટીમે માસવણ બ્રિજ પર આ વાહનોને અટકાવવાનો પ્રયાસ કર્યો ત્યારે આરોપીએ ઇનોવા કાર ત્યાંથી હંકારી મૂકી હતી. દરમિયાન ઇનોવાના ચાલકે સબ-ઇન્સ્પેક્ટર રવીન્દ્ર વાનખેડેને કચડવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં વાનખેડેને ઇજા પહોંચી હતી, જ્યારે પોલીસકર્મી રાકેશ પાટીલ અન્ય વાહનને રોકવાના પ્રયાસમાં ઘવાયો હતો. આરોપીઓ ત્યાર બાદ વાહનો છોડીને જંગલમાં ભાગી છૂટ્યા હતા, પણ પોલીસે બે આરોપીને પકડી પાડ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી તમામ વાહનો જપ્ત કર્યા હતા અને બે ગાય તથા ભેંસને છોડાવી હતી. ચોરેલા ઢોરની હેરફેરમાં નવ લોકો સંડોવાયેલા હતા, જેમાંથી બે જણની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અંધારાનો લાભ લઇ બાકીના આરોપી ભાગી છૂટ્યા હતા, એમ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (પાલઘર ગ્રામીણ) બાળાસાહેબ પાટીલે જણાવ્યું હતું.પકડાયેલા આરોપીઓએ પોલીસને કહ્યું હતું કે તેમણે પાલઘર પૂર્વના ભાગોલેપાડા અને નાવલી વિસ્તારમાંથી પશુ ચોર્યા હતા. પોલીસે વાહનોમાંથી દાતરડું, લોખંડના સળિયા અને પથ્થરો ભરેલી બેગ જપ્ત કરી હતી. પાલઘર પોલીસે આ પ્રકરણે ભારતીય હત્યાના પ્રયાસ સહિત બે ગુના દાખલ કર્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# તુનીષા આત્મહત્યા કેસમાં શિઝાન ખાનને મોટો ફટકો: કેસ રદ કરવાની અરજી હાઈ કોર્ટે ફગાવી

મુંબઈ: અભિનેતા શિઝાન ખાન સામેના અભિનેત્રી તુનીષા શર્માને આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપના ખટલાને રદ કરવાની અરજીને શુક્રવારે હાઈ કોર્ટે નકારી કાઢી હતી. જસ્ટિસ અજય ગડકરી અને જસ્ટિસ શર્મિલા દેશમુખની અદાલત સામે શિઝાનની અરજી પર સુનાવણી ચાલી રહી છે. તુનીષાએ ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ વસઈ ખાતે અલી બાબા દાસ્તાન-એ-કાબુલ નામની સિરિયલના સેટ પર આત્મહત્યા કરી હતી. ત્યારબાદ તુનીષાના બોયફ્રેન્ડ અને કો-સ્ટાર શિઝાનની આ મામલે ધરપકડ કરવામાં આવી હતી. શિઝાને તુનીષાને આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપમાં સામે દાખલ કરાયેલા કેસને રદ કરવા હાઈ કોર્ટમાં અરજી કરી હતી. ■

# વસઈ - વિરાર મહાપાલિકા કર કૌભાંડ: સહાયક આયુકતનું સસ્પેન્શન રદ

વસઈ: વસઈ - વિરાર મહાપાલિકામાં કર કૌભાંડ પ્રકરણે સસ્પેન્ડ કરવામાં આવેલા પ્રભારી સહાયક આયુક્ત ગણેશ પાટીલને દૂધે ધોયેલા જાહેર કરી તેમને ક્લીન ચિટ આપવામાં આવી છે. તેમનું સસ્પેન્શન રદ કરી તેમને ફરી ફરજ પર લઈ લેવામાં આવ્યા છે. શ્રી પાટીલને અતિક્રમણ વિરોધી પથક (સીયુસી)ના મુખ્ય કાર્યાલયની જવાબદારી સોંપવામાં આવી છે. જુલાઈ મહિનામાં વસઈ વિરાર મહાપાલિકાના સી વોર્ડમાં કર કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. સી વોર્ડની સમિતિના તત્કાલીન કર અધિક્ષક અરુણ જાની અને ખજાનચી નિયતિ કુડુએ નાગરિકોએ ભરેલી કરની રકમ બેંકમાં જમા કરાવ્યા વિના માત્ર કાગળ પર પૈસા જમા કર્યા હોવાની નોંધ કરી હતી. આ મામલે લાખો રૂપિયાનો ગેર વ્યવહાર થયો હોવાનો આરોપ કરવામાં આવ્યો હતો. આ ફરિયાદના પગલે અરુણ જાણીને તાબડતોબ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પ્રભારી સહાયક આયુક્ત ગણેશ પાટીલને કારણદર્શક નોટિસ આપી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જોકે, તપાસમાં કૌભાંડમાં ગણેશ પાટીલની કોઈ સંડોવણી નહીં હોવાનું સ્પષ્ટ થયું હતું. એટલે તેમનું સસ્પેન્શન રદ કરી તેમને ફરી નોકરીમાં રાખવામાં આવ્યા છે. ■

# વર્સોવા-વિરાર સી-લિન્કને પાલઘર સુધી લંબાવવાની એમએમઆરડીએની વિચારણા

મુંબઈ: મુંબઈમાં ભીડ, ટ્રાફિકની સમસ્યા અને રસ્તા પર વધતા વાહનોની સંખ્યાને ધ્યાનમાં રાખી પ્રશાસન તરફથી અનેક જગ્યાએ રસ્તાઓ પહોળા અને લાંબા અંતર સુધી વધારવાના અનેક કામો શહેરમાં ચાલી રહ્યા છે. દિવાળીમાં પ્રશાસન દ્વારા મુંબઈગરાઓને ભેટ આપવામાં આવી છે. આ ભેટમાં મુંબઇનો નવો અને મહત્ત્વનો માર્ગ એટલે વર્સોવા વિરાર સી બ્રિજને પાલઘર સુધી લંબાવવામાં આવશે એવું જાણવા મળ્યું છે. મળેલી માહિતી મુજબ એમએમઆરડીએ દ્વારા વર્સોવા વિરાર સી બ્રિજને પાલઘર સુધી લંબાવવાની પ્રક્રિયાઓ શરૂ કરી દીધી છે. આ નિર્ણયને લીધે એમએમઆરડીએએ વરલી - બાન્દ્રા, બાન્દ્રા- વર્સોવા, વર્સોવા - વિરાર તબક્કાના આ માર્ગને વધારવાનો નિર્ણય લીધો છે અને આ તબક્કાના કામમાં વિરાર-પાલઘરને પણ ઉમેરવામાં આવશે તેવી માહિતી છે. આ પુલનું કામ પૂર્ણ થયા બાદ દરિયા પર બંધવામાં આવતા પુલને લીધે નરીમાન પોઈન્ટથી વરલી અને વરલીથી પાલઘર સુધીની મુસાફરી ઝડપી બનશે.

પ્રોજેક્ટની આ જાહેરાત બાદ આ પુલના બાંધકામની યોજના માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવા ટેન્ડરો મંગાવવામાં આવ્યા છે. આ પુલનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવે તેવી આશા એક અધિકારી વ્યક્ત કરી હતી.વર્સોવા વિરાર સી-લિંકમાં માધ આઇલેન્ડ, ગોરાઇ બીચ, અગાશી રોડને આ રૂટના તબક્કામાં જોડવામાં આવશે. મનોરી ખાડી બ્રિજને પણ આ માર્ગમાં સામેલ કરવામાં આવશે. મળેલી માહિતી મુજબ આ સી-લિંક ચાર જગ્યાને જોડવાનું કામ કરશે. આ માર્ગ ચારકોપ, મીરા ભાયંદર, વસઈ-વિરાર એમ ચાર સ્થળોએ જોડાશે. આ માર્ગ દરિયાકિનારાથી અંદાજે એક કિમી દૂર રાખવામાં આવશે. જેમાં ગોરાઈ, ઉત્તન, વસઈ અને વિરાર નામના ચાર ટોલ પ્લાઝા પણ ઊભા કરવામાં આવશે. ■

### દિવાળી ટાંણે વરસાદ બન્યો વિલન

# કલ્યાણમાં દસ ઘર પર વૃક્ષ ધરાશાયી

મુંબઇ: દિવાળી ટાંણે જ મુંબઇ, થાણે, કલ્યાણ, નવી મુંબઇમાં કમોસમી વરસાદે હાજરી પુરાવી હતી. દિવાલીની ખરીદી માટે બજારોમાં લોકોનો ઘોડાપૂર ઉમટ્યો હતો. દરમીયાન વરસાદ વિલન બની ગયો હતો. અચાનક પડેલા વરસાદને કારણે લોકોને ભારે હેરાનગતી થઇ હતી. કલ્યાણ, ડોંબિવલી સહિત કલવા, મુંબ્રા, થામે અને ગ્રામીણ વિસ્તારોમાં પવન સાથે વરસાદ થયો હતો. જ્યારે મુંબઇના ઉપનગરોમાં પણ વરસાદે જોરદાર હાજરી પુરાવી હતી. આ કમોસમી વરસાદને કારણે લોકોને ભારે હેરાનગતી થઇ હતી.

મુંબઇ ઉપનગરોમાં અચાનક વરસાદની એન્ટ્રી થઇ હતી. પૂર્વ ઉપનગરોમાં ઘાટકોપર, વિક્રોળી, ભાંડુપ, મુલુંડ, ગોવંડી જેવા બધા જ વિસ્તારોમાં જોરદાર વરસાદ વરસ્યો છે. આ કમોસમી વરસાદને કારણે મુંબઇગરાને ભારે કનડગત થઇ હતી. લગભગ અડધો કલાક જોરદાર વરસાદ થયો હતો. ત્યારે દિવાળીની શોપીંગ અને લોકોની શુભેચ્છા મુલાકાત લેવા નીકળેલાને ભારે હેરાનગતી થઇ હતી.

લગભગ અડધો કલાક મુંબઇસહિત આસપાસના વિસ્તારમાં જોરદાર વરસાદ થયો હતો.

નવી મુંબઇમાં એરોલી, ઘણસોલી, કોપરખૈરણે વિસ્તારમાં જોરદાર વરસાદ થયો હતો. ઉપરાંત કલ્યાણ, ડોબિંવલી સહિત કલવા, મુંબ્રા, થાણે અને ગ્રામીણ વિસ્તારોમાં પવન સાથે વરસાદ થયો હતો. આ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક થઇ હતી. મુંબઇ સહિત રત્નાગિરી અને સિંધુદુર્ગ જિલ્લામાં પણ અનેક વિસ્તારોમાં સતત ચોથા દિવસે વરસાદે હાજરી પુરાવી હતી. વિજળીના કડાકા અને વાદળની ગર્જના સાથે વરસાદ થયો હતો. કલ્યાણ-ડોબિંવલી વિસ્તારમાં કમોસમી વરસાદને થયો હતો. જોરદાર પવન સાથે થયેલા વરસાદને કારણે પીસવલી ગામના દસ ઘરો પર ઝાડ પરડતાં ઘરોને નુકસાન થયું હતું. આ ઘટનામાં ત્રણને ઇજા થઇ હતી. આ ઝાડ અંગે સ્થાનિકઓએ પહેલાં જ પાલિકામાં ફરિયાદ નોંધાવી હતી. જોકે પાલિકાના અધિકારીઓના બેધ્યાનપણાને કારણે આ ઘટના ઘટી હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો હતો. ■

# મુંબઇ-પુણેમાં હવાની ગુણવત્તાનું સ્તર સુધર્યું: માવઠાને કારણે સમાધાનકારક શ્રેણીમાં

મુંબઇ: મુંબઇ અને પુણેમાં હાલ હવાની ગુણવત્તાનું સ્તર સુધર્યું હોવાની જાણકારી મળી રહી છે. ગઇ કાલે મુંબઇસહિત ઉપનગરોમાં અને પુણેના કેટલાંક વિસ્તારોમાં વરસેલો કમોસમી વરસાદ ફાયદાકારક રહ્યો છે. ગઇ કાલે મુબંઇ-પુણેમાં વરસેલા વરસાદને કારણે હવાની ગુણવત્તાનું સ્તર સમાધાનકારક શ્રેણીમાં આવી ગયું છે. હાલમાં મુંબઇનો એર ક્વાલિટી ઇન્ડેક્સ ૯૪ જ્યારે પુણેનો ૮૨ છે.

પાછલાં અનેક દિવસોથી મુંબઇ અને પુણેની હવાની ગુણવત્તા મોડરેટ શ્રેણીમાં હતી. જેને કારણે લોકોના આરોગ્ય પર માઠી અસર થઇ રહી હતી. મુંબઇનું વાયુ પ્રદૂષણ ઓછું કરવા માચે મહાપાલિકા અને એમપીસીબી દ્વારા વિવિધ ઉપાયો કરવામાં આવ્યા હતાં. તેની પણ હવાની ગુણવત્તામાં આવેલ સુધારા પર મોટી અસર છે. આગામી ૪૮ કલાક મુંબઇની હવાની ગુણવત્તામાં સુધારો દેખાશે. જોકે ત્યાર બાદ ફરી એકવાર પ્રદૂષીત વાતાવરણ જોવા મળી શકે છે. એવી શક્યતાઓ એક્સપર્ટે વ્યક્ત કરી છે.

મુંબઇમાં વરસાદે અચાનક હાજરી પુરાવી હતી. પૂર્વ ઉપનગરમાં ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ, મુલુંડ, ગોવંડી જેવા અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદ થયો હતો. આ વરસાદને કારણે મુંબઇગરાને હેરાન થવું પડ્યું હતું. લગભગ અડધો કલાક જોરદાર વરસાદ થયો હતો. ■

# ડીઆરપીને આપેલા ₹ ૫૦૦ કરોડ મ્હાડાને પાછા મળ્યા

મુંબઈ: મ્હાડાએ ધારાવી રિહેબિલિટેશન પ્રોજેક્ટ (ડીઆરપી) માટે પોતાના ભંડોળમાંથી ૨૦૦ કરોડ રૂપિયા અને રેલવે સાઇટ હસ્તગત કરવા માટે મહારાષ્ટ્ર નિવારા ફંડમાંથી ૩૦૦ કરોડ રૂપિયા એમ કુલ ૫૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા. આ ભંડોળ પાછું મેળવવા માટે મ્હાડા સતત પ્રયત્ન કરી રહ્યું હતું. ત્યારબાદ ડીઆરપીએ મ્હાડાને આ ૫૦૦ કરોડ રૂપિયાની રકમ પાછી આપી હતી.

મ્હાડાના દ્વારા રાજ્યભરમાં અનેક જગ્યાએ હાઉસિંગ પ્રોજેક્ટ્સ, રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં મુંબઈ મંડળ બીડીડી રિડેવલપમેન્ટ સહિત અનેક મોટા પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે. છેલ્લા અનેક મહિનાથી મ્હાડા પાસે આ કામોને પૂરું કરવા ભંડોળ ઓછું પડી રહ્યું છે તેથી હવે મ્હાડાએ સરકારી એજન્સીઓ પાસેથી આર્થિક મદદની માગણી કરી છે. મ્હાડાએ સમૃદ્ધિ હાઇવેના કામ માટે ૧,૦૦૦ કરોડ અને ડીઆરપીને રેલવે સાઇટ હસ્તગત કરવા માટે ૫૦૦ કરોડ આપ્યા હતા.

મ્હાડા અધિકારી માહિતી આપી હતી કે ડીઆરપીને આપેલી ૫૦૦ કરોડની રકમ પરત કરવામાં આવી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે આ પછી મળેલી રકમને લીધે મુંબઈના બીડીડી અને મ્હાડાના બીજા પ્રોજેક્ટ્સને વેગ મળશે. અને સમૃદ્ધિ હાઇવે માટે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનને આપવામાં આવેલી ૧,૦૦૦ કરોડ રૂપિયાની રકમ પણ પાછી મેળવવા માટે મ્હાડા પ્રયત્ન કરશે એવું એક અધિકારી જણાવ્યુ હતું. ■

# મલાડના ૧૫ માળના બિલ્ડિંગમાં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

મુંબઈ: મલાડ પૂર્વમાં ૧૫ માળના અથર્વ લેન્ડમાર્ક બિલ્ડિંગના બેઝમેન્ટમાં કરવામાં આવેલું ગેરકાયદે બાંધકામ મુંબઈ મહાનગરપાલિકાના પી - નોર્થ વોર્ડની વોર્ડ ઓફિસ દ્વારા તોડી પાડવામાં આવ્યું છે. આ બિલ્ડિંગ પૂર્ણપણે રહેણાંક ઈમારત તરીકે બાંધવાનું નક્કી થયું હતું. જોકે, બેઝમેન્ટમાં ૩૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં કોમર્શિયલ દુકાનો બાંધવામાં આવી હતી. બિલ્ડિંગના રહેવાસીઓએ જણાવ્યા અનુસાર તેમની સોસાયટીમાં આવેલી ખાદ્ય પદાર્થની એક દુકાન માટે બાંધવામાં આવેલી દુકાન અવરોધ બની ગઈ હતી. બિલ્ડિંગના પાછળના ભાગમાંથી પ્રવેશવાનો એ માર્ગ હતો.આ બિલ્ડિંગમાં રહેતા વકીલ જય રાજપોપટનો પરિવાર એ બિલ્ડિંગમાં ફ્લેટ ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે આ બિલ્ડિંગનો પ્રસ્તાવ ૨૨ માળનો હતો. જોકે, ૧૫ માળ જ ચણવામાં આવ્યા હતા અને ઉપરના માળ માટે કમ્પ્લીશન સર્ટિફિકેટ (સીસી) ઉપલબ્ધ નહોતું. બિલ્ડિંગમાં કોમર્શિયલ પ્રોપર્ટી અંગે રહેવાસીઓને અંધારામાં રાખવામાં આવ્યા હતા. બાંધકામ જ્યારે શરૂ કરવામાં આવ્યું ત્યારે તીવ્ર વિરોધ થયો હતો.

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ફાલ | દોરા વીંટવાનું સાધન |
| ફાળ | પંચિયું |
| ફાળકો | ફસલ |
| ફળિયું | ફડક |
| ફાળિયું | આંગણું |

## ઓળખાણ પડી?



સંગીતની દુનિયામાં તંતુવાદ્યની યાદીમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા આ વાજિંત્રની ઓળખાણ પડી? જાપાનના ટાઈસોકોટોના અવતારનું આ વાજિંત્ર મધુર ધ્વનિ માટે જાણીતું છે.

અ) રાવણહથ્થો બ) જલતરંગ ક) એકોર્ડિયન ડ) બુલબુલ તરંગ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વા | ક્ | ૨ બા | ર | સ | ■ | ૩ દિ | ૪ પા | વ | ૫ લી |
| જ | ■ | ગ | ■ | ■ | ૬ ધ | ■ | લ | ■ | ચી |
| ૭ બી | ૮ ક | ■ | ૯ બો | ધ | ન | ■ | ૧૦ વ | ૧૧ ગ | ■ |
| ■ | ૧૨ મ | ૧૩ ઠિ | યાં | ■ | ૧૪ તે | ૧૫ ર | ■ | ૧૬ ભા | ૧૭ ભા |
| ૧૮ કા | ર | ક | ■ | ૧૯ વ | ર | સ | ■ | ૨૦ રો | ઇ |
| ળી | ■ | ૨૧ ઠા | ૨૨ મ | ■ | ૨૩ સ | મ | જ | ■ | બી |
| ૨૪ ચૌ | ૨૫ ર | ક | ર્મ | ■ | ■ | લા | ■ | ૨૬ જ | જ |
| ૨૭ દ | વ | ■ | ૨૮ ર | ૨૯ ઘુ | ■ | ઇ | ■ | ન | ■ |
| શ | ■ | ૩૦ ન્યા | ■ | ૩૧ મા | ૩૨ ત | ■ | ૩૩ પ | સં | ૩૪ દ |
| ■ | ૩૫ બે | સ | તું | વ | ર | સ | ■ | ૩૬ ખ્યા | લ |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ■ |
| | ■ | | ■ | ૬ | | | ■ | ૭ | ૮ |
| ■ | ૯ | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | |
| ૧૨ | | ૧૩ | ■ | | ■ | ૧૪ | | ■ | |
| ૧૫ | | | | ■ | ૧૬ | | | ■ | |
| | ■ | | ■ | ૧૭ | ■ | | ■ | ૧૮ | |
| ■ | ૧૯ | ■ | ■ | ૨૦ | ૨૧ | | ■ | | ■ |
| ૨૨ | ■ | ૨૩ | | | | ■ | ૨૪ | ■ | ૨૫ |
| ૨૬ | | ■ | ■ | | ■ | ૨૭ | ■ | ૨૮ | |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | | | ■ |

### આડી ચાવી

૧. મઠની દાળમાંથી બને (૪)
૩. ગામડાનાં લગ્નમાં --- તો હોય જ (૪)
૬. આને રાત્રે જ દેખાય (૩)
૭. વડીલોને --- (૨)
૧૦. સ્વચ્છ, ચોખ્ખું, સભ્ય (૩)
૧૧. વર્ષ, બાર મહિના (૩)
૧૨. ખુશ કરવું તે (૩)
૧૪. એક કિંમતી લાકડું (૨)
૧૫. એક નદી (૪)
૧૬. દીપકો (૩)
૧૮. કેશ (૨)
૧૯. હકાર (૧)
૨૦. છેડો, પાલવ, ચાળ (૩)
૨૩. દિવાળી પર બનતી પૂરી (૪)
૨૪. એક ગુજરાતી ફિલ્મી સામયિક (૧)
૨૬. બધે રેતી જ રેતી (૨)
૨૮. -- પાંઉ મુંબઇની પ્રખ્યાત આઇટમ (૨)
૨૯. બ્રાહ્મણોને પ્રિય વાનગી (૨)
૩૦. દિવાળી પર બનતી મીઠાઇ (૪)

### ઊભી ચાવી

૧. મોતી વેરાણાં ---માં (૨)
૨. કર્મ કરો,---ની આશા ના રાખો (૨)
૩. આળસું, ગંદું (૩)
૪. 'લડવું'નું આજ્ઞાર્થ (૨)
૫. સાંજનું ભોજન અંગ્રેજીમાં (૩)
૬. મીઠાઇ હોય કે રમકડું- બાળકોને ભાવે (૩)
૮. મોહનને થાળીમાં પિરસવાની મીઠાઇ (૫)
૯. જમીનને માથું અડાડી કરાતું નમન (૩)
૧૧. સીમ, વેરાન જગા (૩)
૧૨. દિવાળીમાં ઘરે ઘરે પૂરાય (૩)
૧૩. કામધંધા વગરનો (૩)
૧૪. સચેત, સજાગ (૪)
૧૭. દિવાળી પર બનતી પૂરી (૪)
૧૮. બોલવું તે (૨)
૨૧. --- વાળા ગાંઠિયા વધારે ભાવે (૨)
૨૨. દિવાળીમાં બારણે બાંધો (૩)
૨૫. દીકરો થયો,--- ખવડાવો (૨)
૨૭. સામાન (૨)
૨૮. અધ્યક્ષ, ઉપરી (૨)

## ગુજરાત મોરી મોરી રે

પાણી (પ્રવાહી સ્વરૂપ) જ્યારે ગરમ કરવામાં આવે ત્યારે ઉકળીને ૧૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાને એનું વરાળમાં રૂપાંતર થાય છે. આ પ્રક્રિયાને ગુજરાતીમાં શું કહેવાય?

અ) વહ્નીભવન બ) આર્દ્રભવન ક) ઉષ્ણભવન ડ) બાષ્પીભવન

## જાણવા જેવું

ભારતમાં ચોખાની પ્રાંતવાર જુદી જુદી જાતો જોવા મળે છે. સંસ્કૃતમાં ચોખાને શાલિ કહે છે. કાળા ચોખાને કૃષ્ણવીહી, ગુજરાતીમાં એને કાળી કમોદ કહે છે. ચોખાની બારમાસી, સુરતી, કોલમ, લાલ ચોખા અને સાઠી ચાવલ જેવી અનેક જાતો છે. સાઠી અર્થાત્ સાઠ દિવસે પાકતી કમોદ. ચોખા ખાવા મળે એ ચારમાંનું એક સુખ ગણાતું.

## સુડોકુ-૪૯૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૧ | | ૪ | | | ૨ |
| ૧ | ૪ | | ૩ | | ૭ | | ૬ | ૮ |
| ૩ | ૮ | | | | | | ૪ | ૧ |
| | | ૭ | ૮ | | ૩ | ૪ | | |
| | | | | | | | | |
| | | ૮ | ૫ | | ૨ | ૧ | | |
| ૬ | ૯ | | | | | | ૫ | ૪ |
| ૪ | ૭ | | ૨ | | ૫ | | ૮ | ૩ |
| ૮ | | | ૪ | | ૬ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૪૯૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૧ | ૬ | ૪ | ૩ | ૫ | ૨ | ૮ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૭ | ૮ | ૪ | ૬ | ૯ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૯ | ૩ | ૧ | ૭ |
| ૯ | ૪ | ૨ | ૩ | ૮ | ૫ | ૧ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૭ | ૪ | ૨ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૮ | ૯ | ૧ | ૭ | ૨ | ૪ | ૫ |
| ૮ | ૨ | ૯ | ૭ | ૩ | ૪ | ૬ | ૫ | ૧ |
| ૧ | ૭ | ૫ | ૮ | ૬ | ૨ | ૯ | ૩ | ૪ |
| ૬ | ૩ | ૪ | ૫ | ૯ | ૧ | ૭ | ૮ | ૨ |

## ચતુર આપો જવાબ

શાળા શિક્ષણ દરમિયાન બાળકોને સાંભળવામાં અચૂક આવતી પંક્તિનો ખૂટતો શબ્દ ઉમેરો.

લાલ, પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય, બાકીના બીજાં બધાં તો ---------------- થાય.

## માથું ખંજવાળો

અ) જાળવણીથી
બ) ગોઠવણીથી
ક) સાચવણીથી
ડ) મેળવણીથી

## નોંધી રાખો

નામ ભલે ને ગમ્મે તે હોય, એને ગુણ - કર્મની સાથે કોઈ કરતાં કોઈ સંબંધ નથી હોતો એ અનેકવાર પુરવાર થયું છે. માટે સારા નામ પર મોહિત થવું ને નરસા નામની વ્યક્તિને વખોડવી એ કેવળ અજ્ઞાનતા છે.

## માઈન્ડ ગેમ

સાત કરોડના ઈનામ પર ૩૦ ટકા ટેક્સ ભર્યા પછી બાકી રહેલી રકમમાંથી ૨ કરોડ ૮૦ લાખ રૂપિયાનું ઘર ખરીદ્યા પછી કેટલી રકમ હાથમાં રહે એ જણાવો.

અ) ૧ કરોડ ૭૫ લાખ
બ) ૨ કરોડ ૧૦ લાખ
ક) ૨ કરોડ ૫૫ લાખ ડ) ૩ કરોડ

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઘર | આવાસ |
| ઘરવખરી | રાચરચીલું |
| ઘરધણી | મકાન માલિક |
| ઘસારો | નુકસાન |
| ઘમસાણ | ધમાચકડી |

**ગુજરાત મોરી મોરી રે**
ત્રિપાર્શ્વ કાચ

**ઓળખાણ પડી**
આરંગેત્રમ

**માઈન્ડ ગેમ**
૧૨

**ચતુર આપો જવાબ**
**માથું ખંજવાળો**
એદી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવનણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) શ્રદ્ધા આશર (૫) ખુશરૂ કાપડિયા (૬) ભારતી બુચ (૭) વિભા મહેશ્વરી (૮) મહેન્દ્ર લોઢાવિયા (૯) મીનળ કાપડિયા (૧૦) પુષ્પા પટેલ (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) દેવેન્દ્ર સંપટ (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબદુલ્લા એફ. મુનીમ (૨૧) લજિતા ખોના (૨૨) મહેશ દોશી (૨૩) ભાવના કર્વે (૨૪) મહેશ સંઘવી (૨૫) હર્ષા મહેતા (૨૬) કલ્પના આશર (૨૭) સુનીતા પટવા (૨૮) રજનીકાંત પટવા (૨૯) અરવિંદ કામદાર (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) વિણા સંપટ (૩૨) જગદીશ ઠક્કર (૩૩) દિલીપ પરીખ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હિના દલાલ (૩૬) રમેશ દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) ભારતી પ્રકાશ કટકિયા (૪૦) નીતા દેસાઈ (૪૧) નિતીન બજરિયા (૪૨) રેખા કિરીટ ભારવાડા (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

દ્વારા પુરવઠો બંધ કરવાને કારણે ખોરાક અને દવાઓનો સ્ટોક ઓછો ચાલી રહ્યો હતો.

અઠવાડિયા પછી, પ્રથમ માનવતાવાદી સહાય ટ્રક ૨૧ ઓક્ટોબરના રોજ ઇજિપ્ત સાથે ગાઝાની રફાહ સરહદ ક્રોસિંગમાં પ્રવેશી. ૩ નવેમ્બર સુધીમાં ૩૭૦થી વધુ ટ્રકો મોકલવામાં આવી છે.

**હવાઈ હુમલા તીવ્ર બન્યા:** ૨૧ ઓક્ટોબરે ઈઝરાયલે ગાઝા પર તેના હવાઈ હુમલાને વધુ તીવ્ર બનાવ્યો હતો.

બીજા દિવસે, ઈરાને ચેતવણી આપી હતી કે જો ઈઝરાયલ હુમલા બંધ નહીં કરે તો પશ્ચિમ એશિયા સંઘર્ષ નિયંત્રણની બહાર થઈ શકે છે. ઈરાનના વિદેશ મંત્રી હોસૈન અમીર-અબ્દુલ્લાહિયાએ કહ્યું કે ઈઝરાયલને સૈન્ય સહાય પૂરી પાડવા માટે અમેરિકા ''દોષિત'' છે.

**ઇઝરાયલ અને યુએન ચીફ:** યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ૨૪ ઓક્ટોબરે ગાઝામાં ''આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના સ્પષ્ટ ઉલ્લંઘન'' ની નિંદા કરી હતી. તેમની ટિપ્પણીઓ જેવી કે હમાસ પરના હુમલા શૂન્યાવકાશમાં થયા નથી'' ને કારણે ઇઝરાયલ નારાજ થયું અને તેણે યુએનના વડાના રાજીનામા અને માફીની માંગ કરી હતી.

યુનાઇટેડ નેશન્સ અનુસાર, યુદ્ધ શરૂ થયું ત્યારથી ઓછામાં ઓછા ૧.૪ મિલિયન પેલેસ્ટિનિયનો તેમના ઘર છોડીને ભાગી ગયા છે.

**ઇઝરાયલી ટેન્ક ગાઝામાં પ્રવેશી:** ૨૬ ઑક્ટોબરે, ઇઝરાયલી ટેન્કો ગાઝામાં ઘણા કલાકો સુધી પ્રવેશી હતી. બીજા દિવસે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ''તાત્કાલિક માનવતાવાદી યુદ્ધવિરામ'' માટે હાકલ કરી.

બીજા દિવસે, ઇઝરાયલી સૈન્યએ કહ્યું કે તેણે ગાઝાની અંદર તેના ગ્રાઉન્ડ ઓપરેશનને ''વિસ્તૃત'' કર્યું છે. નેતાન્યાહુએ હમાસની સૈન્ય અને નેતૃત્વ ક્ષમતાઓને નષ્ટ કરવા અને બંધકોને બચાવવાના હેતુથી ''યુદ્ધના બીજા તબક્કા'' ની જાહેરાત કરી. તેમણે જાહેર કર્યું કે યુદ્ધવિરામ નહિ થાય.

૩૧ ઓક્ટોબરના રોજ, ઇઝરાયલી સૈન્યએ ગાઝાની અંદર ''ભીષણ લડાઈ''ની જાણ કરી.

**શરણાર્થી શિબિરો પર બોમ્બધડાકા કરવામાં આવ્યા હતા:** ઑક્ટોબર ૩૧ અને નવેમ્બર ૩ ની વચ્ચે, ઇઝરાયલી દળોએ ઉત્તરી ગાઝાના જબાલિયા શરણાર્થી શિબિર પર ત્રણ વખત હુમલો કર્યો, જે પટ્ટીમાં સૌથી મોટો છે. હમાસ સંચાલિત સરકારના જણાવ્યા અનુસાર, કેમ્પ પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૯૫ પેલેસ્ટિનિયન માર્યા ગયાં હતાં.

ઈઝરાયલે હુમલાનો બચાવ કરતા કહ્યું કે હમાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કરવામાં આવ્યો હતો જેણે ''નાગરિક ઈમારતો પર કબજો કર્યો હતો''. ઇઝરાયલી સૈન્યએ ઉત્તર ગાઝામાં હમાસના મુખ્ય કમાન્ડર સહિત ડઝનેક આતંકવાદીઓને માર્યા હોવાનો દાવો પણ કર્યો હતો.

વિસ્થાપિત લોકોને આશ્રય આપતી સંયુક્ત રાષ્ટ્રની ચાર શાળાઓને પણ અસર થઈ હતી. યુએન દ્વારા ફરજિયાત માનવાધિકાર નિષ્ણાતો કહે છે કે ''ગાઝામાં નરસંહાર અને માનવતાવાદી વિનાશને રોકવા માટે સમય સમાપ્ત થઈ રહ્યો છે''.

**ઇજિપ્તમાં સ્થળાંતર:** ૧ નવેમ્બરના રોજ, ઇજિપ્તે રફાહ સરહદ ક્રોસિંગ ખોલ્યું. ડઝનેક ઘાયલ પેલેસ્ટિનિયનો અને સેંકડો વિદેશીઓ અને નાગરિકોએ એન્ક્લેવ છોડી દીધું.

ઇજિપ્તે કહ્યું કે તે ''લગભગ ૭,૦૦૦'' વિદેશીઓ અને નાગરિકોને બહાર કાઢવામાં મદદ કરશે.

**ગાઝા શહેરને ઘેરી લીધું:** ઉત્તરી ગાઝામાં લગભગ એક સપ્તાહની જમીની લડાઈ પછી, ઈઝરાયલના સૈન્યએ ૨ નવેમ્બરના રોજ જાહેરાત કરી કે તેણે ગાઝા શહેરને ઘેરી લીધું છે. બીજા દિવસે, ઇઝરાયેલે દુશ્મનાવટની શરૂઆતથી ઇઝરાયલમાં ફસાયેલા હજારો પેલેસ્ટિનિયન કામદારોને દેશનિકાલ કરવાનું શરૂ કર્યું.

**યુએસએ 'માનવતાવાદી વિરામ' માટે હાકલ કરી:** તેલ અવીવમાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને પુનરોચ્ચાર કર્યો કે ઇઝરાયેલ પાસે પોતાનો બચાવ કરવાનો અધિકાર અને જવાબદારી છે, પરંતુ તેને ગાઝામાં પેલેસ્ટિનિયન નાગરિકોનું રક્ષણ કરવા વિનંતી કરી. એએફપીના અહેવાલ મુજબ, તેમણે કહ્યું કે ઈઝરાયલને પેલેસ્ટાઈન રાજ્યના નિર્માણ દ્વારા જ સુરક્ષા મળશે.

૪ નવેમ્બરના રોજ, બ્લિંકને લડાઈમાં ''માનવતાવાદી વિરામ'' માટે યુએસના સમર્થનની પુનઃ પુષ્ટિ કરી, આ વિચાર નેતાન્યાહુએ નકારી કાઢ્યો.

**હિઝબુલ્લાહ તરફથી મોટી ચેતવણી:** હિઝબુલ્લાના વડા હસન નસરાલ્લાહે લેબનોન પર હુમલો કરવા સામે ઇઝરાયેલને ચેતવણી આપતાં કહ્યું કે ''સંપૂર્ણ યુદ્ધ'' સહિત ''તમામ વિકલ્પો'' ટેબલ પર છે.

યુદ્ધ શરુ થયા પછીના તેમના પ્રથમ ભાષણમાં, શક્તિશાળી ઈરાન સમર્થિત ચળવળના વડાએ ચેતવણી આપી હતી કે લેબનોનમાં સંઘર્ષના વિસ્તરણ માટે ''બધા વિકલ્પો'' ખુલ્લા છે. નસરાલ્લાહે એક ટેલિવિઝન પ્રસારણમાં જણાવ્યું હતું કે, ''ગાઝા અને તેના લોકો પર ચાલી રહેલા યુદ્ધ માટે સંપૂર્ણ રીતે યુ.એસ. જવાબદાર છે, અને ઇઝરાયલ માત્ર કઠપૂતળી છે.'' તેમણે સંઘર્ષને નિર્ણાયક ગણાવ્યો.

**અમેરિકાની દખલ:** અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન પશ્ચિમ એશિયાના રાજદ્વારી પ્રવાસે છે. તે તુર્કીમાં છે. બગદાદમાં અગાઉ બ્લિંકને કહ્યું હતું કે પ્રાદેશિક નેતાઓ ગાઝામાં માનવતાવાદી વિરામનું સ્વાગત કરશે. યુદ્ધ શરૂ થયા બાદ પ્રદેશની આ તેમની બીજી મુલાકાત છે.

**આગલું પગલું: ગાઝા શહેરમાં પ્રવેશ થશે?:** એક સૈન્ય પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ઇઝરાયલના ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ હરઝી હલેવીએ ૪ નવેમ્બરના રોજ ગાઝાની અંદર જમીન પર સૈનિકોની મુલાકાત લીધી હતી. ઇઝરાયલી ટેલિવિઝન ચેનલોએ ગાઝાની અંદર સૈનિકોની મુલાકાત લેતા હલેવીના ફોટા પ્રસારિત કર્યા.

૬ નવેમ્બરના રોજ, ઇઝરાયલની સૈન્યએ જાહેરાત કરી કે તેણે ઘેરાયેલા દરિયાકાંઠાની પટ્ટીને બે ભાગમાં વહેંચી દીધી છે. ''આજે ઉત્તર ગાઝા અને દક્ષિણ ગાઝા છે,'' રીઅર એડમિરલ ડેનિયલ હગારીએ પત્રકારોને જણાવ્યું હતું.

ઇઝરાયલ ઉત્તરી ગાઝા પટ્ટી અને મોટા ગાઝા શહેરમાં જોરદાર હુમલાઓ કરવાનું ચાલુ રાખશે અને અમારી ગ્રાઉન્ડ કામગીરીને વધુ તીવ્ર બનાવશે. અહેવાલો અનુસાર, ઇઝરાયલી દળો આગામી ૪૮ કલાકમાં એન્ક્લેવના મુખ્ય શહેરમાં પ્રવેશ કરે તેવી અપેક્ષા છે.

નેતાન્યાહુએ 'હમાસ' વિરુદ્ધની લડતને 'ત્રાસવાદ' વિરોધી ગણાવી છે તેઓ કોઈ પણ ભોગે હમાસને ખતમ કરીને જ રહેશે એવું તેમના હાલના તેવર જોઈને લાગે છે.

## મસ્તરામની મસ્તી (સાતમા પાનાનું ચાલુ)

એટલા સરળ બની ગયા છે કે સામે મેસેજ ફોરવર્ડ કરીને સંતોષ માની લે છે કે આપણે જાણે એકબીજાને ગળે લગાડીને નૂતનવર્ષાભિનંદન કહી દીધું! દિવાળીની રજાઓનો મહિમાં પાછો બેસતા વર્ષે પૂરો નથી થઈ જતો, બીજા દિવસ ભાઈબીજ. આ તહેવારે ભાઈને બહેન ઘેર બોલાવીને જમાડે છે અને ભાઈ બહેનને રોકડ અથવા કોઈ ગીફ્ટ આપે છે. આ પછીના તેરસ અને ચૌદસ બે દિવસ તમને એ માટે શાંતિના આપવામાં આવ્યા છે કે દિવાળી દરમિયાન કરેલ ખર્ચ અને પગે લાગીને મળેલા રુપિયાનો હિસાબ કરીને નક્કી કરી શકો કે લાભપાંચમમાં બોણીના નામે કોને શું શું બટકાવવું જેથી આ હિસાબ સરભર કરી શકાય. સારુ લ્યો ત્યારે હું કહી દઉં કે મારો હિસાબ હંમેસા માઇનસમાં જ હોય છે એટલે જો કોઈએ બોણીમાં હાસ્યના પ્રોગ્રામ કરવા હોય તો એડવાન્સ કરાવી ૫૦% પેમેન્ટ મોકલી આપવું અને આજ દિવસ સુધી કોઈને પણ એડવાન્સ પાછા આપ્યાનો દાખલો નથી બેઠો! એડવાન્સમાં હેપ્પી ન્યૂઇયરના મેસેજીસ આવે એમ કોઈ એડવાન્સ પેમેન્ટ આવે તો જ આપણી દિવાળી સુધરે એમ છે.

દીવાળી જેણે સાળી સાથે માણી તેને દિલમાં પણ ફટાકડા ફૂટ્યા અને ''જેના ભાગ્યમાં સાળા, એના ભાગ્ય ભમરાળા''. સાળા દીવાળી કરવાં આવ્યા તેના મગજમાં ફટાકડા ફૂટ્યા.

સાળી ફટાકડા ફોડવા આવે, થોડી બીતી હોય થોડી બીવાની એક્ટિંગ કરતી હોય.હરખપદુડા જીજાઓ સમજતા હોય તો પણ હાથ પકડાવી બોમ્બ ફોડવામાં મદદ કરે. ક્યારેક લગ્નના ૧૦વર્ષ પછી ઘરવાળીનો હાથ પકડીને એકાદ લવિંગ્યો ટેટો ફોડાવ! પણ ના દરેક જીજુને ભાગ્યશાળી બનવુ છે.

દેવદિવાળીએ દરેક પત્નીને ખાસ કહેવાનું કે જો આ વખતે ફટાકડા ન ફોડાવે તો ધણીના હાથમાં સુતળી બોમ્બ પકડાવી અને વાટે અગરબત્તી ચાંપી દેજો.

ચુનિયાનુ દિલ આ દિવાળીએ વગર બોમ્બ ફૂટયે તાર તાર થઈ ગયું.

સાળી એ ફોનમાં લટુડા પટુડા કરીને કીધેલું કે 'જીજુ જીજુ હું દીવાળી કરવા આવું છું'.ત્યાં તો ચુનીયાને ડોલમાં ભરવો પડે એમ ઢોળાઇ ગયો. હજુ ચાર દિવસ પહેલાં જ છોકરાઓ અને ઘરવાળી ને 'ફટાકડા ન ફોડવા જોઈએ કારણ કે પર્યાવરણને નુકસાન થાય, પૈસાનો વ્યય થાય' વિષય ઉપર બે કલાક સુધી ભાષણ આપેલું. પરંતુ સાળીનો ફોન આવ્યો હવે વાત વાળવી કઈ રીતે?આ ચિંતામાં ચુનીયો ત્રણ દિવસ અને રાત સૂતો નહીં.પછી હિંમત કરી અને ઘરવાળી કરતા છોકરાઓની અને ઘરવાળી સાથે મિટિંગ કરી અને કહ્યું કે 'તમે બહુ આગ્રહ કરો છો તો આ વર્ષે પણ આપણે થોડા ફટાકડા ફોડીશુ.' છોકરાઓને એમ થયું કે તેની મમ્મીએ આગ્રહ કર્યો હશે અને છોકરાઓ ની મમ્મી ને મનમાં એમ કે છોકરાઓ એ આગ્રહ કર્યો છે.પણ સરવાળે ઘીના ઠામમાં ઘી પડી ગયું. ત્રણ દિવસ રાત ન સૂતેલો ચુનીયો ચોથો દિવસ અને રાત સાળીના આવવાની રાહ માં ન સુતો. દિવાળીની સવારે આસોપાલવના તોરણ બાંધતો ચુનીયો બારણે તોરણ હારો હાર ટિંગાણો પણ સાળીની જગ્યાએ સાળો પ્રગટ થયો.ચુનીયાએ કાળી ચૌદસની રાત્રે જાતે કકળાટ કાઢેલો છતાં આમ કેમ થયુ તેમ વિચારતો ચુનીયો ફટાકડાની જેમ ફુટયો,'કેમ અચાનક આવ્યો?' સાળાનું મોઢુ તો ચડ્યુ પણ ઘરવાળી અંદર આ શબ્દો સાંભળીને રસોડામાંથી શબ્દો સાથે છુટ્ટા ડોળા ફેંક્યા 'કેમ સપરમા દાડે ઘરે આવવા માટે પણ અરજી કરવાની?' ફરી વાત વાળતા ચૂનીયો કેડેથી વળી ગયો.'અરે એવું નથી, મને અગાઉથી જાણ કરી હોત તો હું સ્ટેશને લેવા ગયો હોત ને' એમ કઈ ધરાહાર સાળાને સારું લગાડ્યું. હકીકતમાં બનેલું એવું કે ફટાકડા ફોડવા માટે ચુનિયાના ઘરવાળાએ જ નાની બેન પાસે ફોન કરાવેલો કે 'હું આવું છું'. બાકી આવવાનો હતો તો નાનો ભાઈ જ.

ચુનિયાએ ચાર-પાંચ દિવસ ના આજુબાજુ ફરવા ના પ્રોગ્રામ પણ સેટ કરી દીધેલા.ભાઈબંધ ને પગે પડી ધરાહાર એક દિવસ ફાર્મ હાઉસનું ગોઠવેલું. સાળીના હાથ પકડી શકાય તે માટે ધરાહાર બીક લાગે તેવા મોટા બોમ્બ પણ લાવેલો. દિવાળી બગડી એવું થયુ. ખૂણામાં ઉભા ઉભા લવિંગીયા ટેટા ફોડ્યા અને ફુલઝર કર્યા.

## કેરોલિના રીપર (નવમા પાનાનું ચાલુ)

પાસે નહોતો. ગોડબોલેએ બે-ત્રણવાર પોતાના ખાસ ખબરી શંભુભાઉને ય ફોન કર્યો પણ કંઇ ઉપયોગી હાથ ન લાગ્યું.

અચાનક ગોડબોલેના ધ્યાનમાં આવ્યું કે પ્રસાદ રાવની પાછળ પડી જવાના ઝનૂનમાં પિંટયા પર વધુ ધ્યાન અપાયું નથી. ભલે એ મરી ગયો પણ એના વિશે ઊંડાણપૂર્વકની પૂછપરછમાં કદાચ ગન-સપ્લાયર કે પ્રસાદ રાવ વિશે કોઇ મહત્ત્વની જાણકારી મળી જાય.

ગોડબોલેએ પાછળના લાકડાના ઘોડામાંથી પિંટયા ઉર્ફે પ્રકાશ પાંડુરંગ બર્વેની ફાઇલ ખેંચી કાઢી. એ નજીકના રાજપુરી ગામનો વતની હતો. પ્રમાણમાં મોટું ગામ ગણાતું એ, ૮૦૦થી વધુ પરિવાર અને પાંચેક હજાર આસપાસની વસતિ. મુરુડથી ચાર કિલોમિટરનું અંતર. મહત્ત્વની બાબત એ કે ઝંઝીરા કિલ્લા પર અવરજવર બોટથી થાય અને એ માટેની નાનકડી જેટ્ટી આ રાજપુરીની વિશિષ્ટતા.

ન જાણે શું સુઝ્યું કે એક કોન્સ્ટેબલને સાથે લઇને પ્રશાંત ગોડબોલે બાઇક પર નીકળી પડયા. પાછળ બેઠેલા કોન્સ્ટેબલને કંઇ સમજાયું નહીં કે કયાં અને શા માટે જઇ રહ્યાં છીએ! ગોડબોલેના ચહેરા પરની ગંભીરતા અને મક્કમ મૌન જોઇને તેણે ન બોલવામાં નવ ગુણનો નિયમ અપનાવ્યો....

લગભગ ૪૫-૫૦ મિનિટમાં બાઇક રાજપુરીમાં પ્રવેશી. કોન્સ્ટેબલને થયું કે હવે સર લઇ જશે સીધા પોલીસ સ્ટેશન. એવું જ થયું. ગોડબોલે તો દરિયાકિનારે બાઇક ફેરવવા માંડ્યા. એમની નજર ચારેકોર ફરતી હતી. એક સ્થળે પાંચ-છ યુવાન બેઠા હતા કોઇકે લેંઘો પહેર્યો હતો, તો કોઇકે શોર્ટસ. ગોડબોલે સમજી ગયા કે આ લોકલ યુવાનોછે. તેણે નજીક જઇને બાઇક ઊભી રાખી, તો એક-બે જણાં બિઅરની બોટલ સંતાડવા માંડયા.

ગોડબોલે બાઇક પરથી ઉતર્યા... ''અરે ભાઇ, બોટલ સતાડવાનું રહેવા દે. ચાલુ રાખો.'' ''તમતમારે. તેમણે કોન્સ્ટેબલને હજાર રૂપિયા અને બાઇકની ચાવી આપી.'' જાઓ આસપાસથી થોડી બિઅરની બોટલ લઇ આવો. સાથે કંઇક ચખના પણ.

ગોડબોલે લાકડાની બેંચ પર એમની સાથે બેઠા. ''હું સમજું છું કે માણસ હળવા થવા ક્યારેક બિઅર પીવે. પણ તમારા ગામના એક ભાઇને ન્યાય આપવા હું તમારી મદદ લેવા આવ્યો છું.''

આ યુવાનોમાંથી એક હિંમતવાન બોલ્યો, ''બોલ સર, અમે શું મદદ કરી શકીએ?''

''તમારા ગામના પ્રકાશ ઉર્ફે પિંટયાનું મર્ડર થયું છે. એના ખૂનીને પકડવા તમારી મદદ જોઇએ છે. સૌથી પહેલા થોડા ફોટા બતાવું છું. એના વિશે કંઇ જાણતા હોય તો કહેજો.''

ગોડબોલેએ મોબાઇલ ફોનમાં પ્રસાદ રાવ, પવલા, એનડી, સોલોમન અને બાદશાહના ફોટા બતાવ્યા. મોબાઇલ ફોન એક એક કરતા બધા પાસે ફર્યા. અમુકના ચહેરાના હાવભાવ જોઇને ગોડબોલેને થયું કે પોતાનો ધક્કો નકામો નહીં જાય. (ક્રમશઃ)

## ઝાકળની પ્યાલી (નવમા પાનાનું ચાલુ)

મારા ઘરની આવી ખરાબ સ્થિતિમાં તું શા માટે વરસાદ માટે દુઆ માંગી રહ્યો છે! તું તારા ઘરની ખંડિત ભીંત અને દરવાજા તરફ પ્રથમ નજર તો નાખ.

** તેરી યાદોં કી ચમકતી હુઈ મશઅલ કે સિવા,*
*મેરી આંખો મેં કોઈ ઔર ઉજાલા હી નહીં.*

તારી આંખોમાં તારી યાદોની ચમકતી મશાલ છે. મારી આંખોમાં તે સિવાય બીજો કોઈ ઉજાસ છે જ નહીં.

** ધૂપ હૂં સાયા-એ-દીવાર સે ડર જાતા હૂં,*
*તુઝ સે મિલતા હૂં તો કુછ ઔર બિખર જાતા હૂં.*

હું તડકો છું અને ભીંતના પડછાયાથી હું ડરી જાઉં છું. તને મળું છું ત્યારે હું વધારે વિખેરાઈ જાઉં છું.

## ભાત ભાત કે લોગ (આઠમા પાનાનું ચાલુ)

કામગીરીમાં એટલો સુધારો આવ્યો છે, કે ૨૦૧૯મા યોજાયેલ છેલ્લા કુંભમેળામાં કરોડો લોકોએ હાજરી આપી હોવા છતાં ભાગ્યે જ કોઈ વ્યક્તિ પોતાના ગ્રૂપ, મિત્રો કે પરિવારથી કાયમી વિખૂટું પડ્યું હશે!

ઉમેશ કુમાર તિવારી નામના સજજનનો પરિવાર ઠેઠ ૧૯૫૪થી કુંભમેળાના આયોજન વખતે પરિવારથી વિખૂટા પડેલા લોકોની મદદ માટે 'ભૂલે ભટકે' શિબિર ચલાવે છે. ઉમેશ કુમારના મતે ૨૦૧૯ના કુંભમેળામાં એક્કેય વ્યક્તિ કાયમી ધોરણે ખોવાઈ ગઈ હોય, એવી બન્યું નથી. જે લોકો ભીડમાં અટવાયા, એ પૈકીના લગભગ તમામ લોકો એક-બે દિવસ કે વધુમાં વધુ અઠવાડિયામાં પાછા જડી આવ્યા! આવડા મોટા આયોજનમાં અ એક બહુ મોટી-વિરલ સિદ્ધિ ગણાય!

વિશાળતાની વાત કરીએ તો આપણી રેલવેને ગણતરીમાં લેવી જ પડે! એક અંદાજ મુજબ આખા ઓસ્ટ્રેલિયાની કુલ વસ્તી જેટલા લોકો તો આપણે ત્યાં રોજ રેલ્વેની મુસાફરી કરતા હોય છે! રેલવે વિષે લખવું હોય તો આખો અલગ લેખ કરવો પડે.

લેખની શબ્દ મર્યાદાને કારણે આપણે હજી ચેસથી માંડીને સાપ-સીડી જેવી રમતો અને જ્ઞાનના ભંડાર સમા પુરાણોથી માંડીને અદ્યતન સેક્સોલોજી-સાઈકોલોજીને ટક્કર મારે એવા કામસૂત્ર વિષે તો વાત જ નથી કરી. સો ફ્રેન્ડ્સ, મોરલ ઇઝ, કોઈ કુછ ભી કહે લે... ભારતમાં એવું ઘણું બધું છે, જેના વિષે ગર્વપૂર્વક વાત થઇ શકે. વિદેશી ચમકદમકથી અને વિદેશોની સારી બાબતોથી ભલે અંજાઈએ, પણ ભારતની ગૌરવ લેવા જેવી બાબતોને ભૂલીએ નહિ, એ પણ એટલું જ જરૂરી છે. સહુને દિવાળીની અઢળક શુભકામનાઓ.

# વીકએન્ડ

કવર સ્ટોરી

feedback@bombaysamachar.com
અભિમન્યુ મોદી

## ઈઝરાયલ-હમાસ યુદ્ધનું અથથી ઈતિ!

# હવે શું થશે?





**ઑક્ટોબર** ૭ ના રોજ ઇઝરાયલ પર હમાસના કાયરતાપૂર્ણ હુમલાના એક મહિના પછી યુદ્ધ સતત વધી રહ્યું છે. યુ.એસ. લડાઈ રોકવાનો આગ્રહ રાખે છે તેમ છતાં, ઇઝરાયલી દળો પેલેસ્ટાઇનના સૌથી મોટા ગાઝા શહેરની નજીક આવી રહ્યા છે.

પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ હમાસ દ્વારા ઇઝરાયલ પર ઓચિંતા હુમલાઓ શરૂ કર્યાને એક મહિનો થઈ ગયો છે, જેમાં ૧,૪૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને ૨૦૦ થી વધુ લોકોનું અપહરણ કરવામાં આવ્યું છે. જવાબમાં, ઇઝરાયલી સૈન્યએ હમાસ-નિયંત્રિત ગાઝા પટ્ટીને કાટમાળમાં ફેરવીને હવાઈ હુમલો કર્યો. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૭ ઓક્ટોબરથી સ્ટ્રીપમાં ૯,૭૦૦ થી વધુ લોકોના મોત થયાં છે.

ઇઝરાયલ-હમાસ યુદ્ધે વિશ્વમાં વિભાજન સર્જ્યું છે અને સંઘર્ષ વધશે તેવી ભીતિ છે, જેના કારણે ત્રીજા વિશ્વયુદ્ધની અટકળો શરૂ થઈ છે. આજે, યહૂદી રાષ્ટ્ર પોતાને વધુને વધુ અલગ પડે છે અને તેના સૌથી મોટા સાથી, યુનાઇટેડ સ્ટેટ્સ પણ ''યુદ્ધ વિરામ'' માટે મનાવે છે. યુદ્ધવિરામની માગ પણ વધી રહી છે, પરંતુ જેરૂસલેમે નરમ વલણ અપનાવવાનો ઈનકાર કરી દીધો છે.

સપ્તાહના અંતમાં, ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે એન્ક્લેવના ઉત્તરીય ભાગમાં હમાસની સંરક્ષણની ફ્રન્ટ લાઇનનો ભંગ કર્યો છે અને એક કમાન્ડરે જણાવ્યું હતું કે તેના સૈનિકો ''ગાઝા શહેરના દરવાજા'' પર હતા. યુદ્ધ તેના ૩૧મા દિવસમાં પ્રવેશે છે, અમે ૭ ઓક્ટોબરના રોજ હમાસના કાયરતાપૂર્ણ હુમલા પછી શું બહાર આવ્યું છે તેના પર એક નજર કરીએ છીએ.

**હમાસનો હુમલોઃ** ઑક્ટોબર ૭ ના રોજ સવારના સમયે, સેબથ અને યહૂદીઓની રજાના દિવસે ગાઝાથી ઇઝરાયલ પર રોકેટનો વરસાદ થયો અને સેંકડો હમાસ લડવૈયાઓ જમીન, સમુદ્ર અને હવા દ્વારા દક્ષિણ ઇઝરાયલમાં ઘૂસી ગયા. પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથે દાવો કર્યો છે કે તેણે ઇઝરાયલની અત્યાધુનિક આયર્ન ડોમ એર ડિફેન્સ સિસ્ટમ પર ૨૦ મિનિટમાં ૫,૦૦૦ રોકેટ છોડ્યા છે.

દરમિયાન,ઇઝરાયલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, યહૂદી રાજ્યમાં ઘૂસેલા હમાસના આતંકવાદીઓએ ૧,૪૦૦ લોકોની હત્યા કરી હતી, જેમાં મોટા ભાગના નાગરિક હતા. માર્યા ગયેલા લોકોમાં મુખ્યત્વે એક મ્યુઝીક કોન્સર્ટમાં ભાગ લેવા આવેલા યુવાનો હતા. તે ઉપરાંત સરહદ નજીક વસતા લોકોમાં શિશુઓ સહિત સેંકડો લોકોનો સમાવેશ થાય છે. અધિકારીઓનું કહેવું છે કે આતંકવાદીઓએ ૨૪૦ થી વધુ ઈઝરાયલ અને વિદેશીઓનું અપહરણ કર્યું હતું.

ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ હોલોકોસ્ટ માટે હિબ્રુ ભાષામાં ''શોઆહ પછીથી ન જોવા મળેલી બર્બરતા'' વિશે વાત કરી હતી. તેણે યુનાઇટેડ સ્ટેટ્સ, બ્રિટન, ઇઝરાયલ અને યુરોપિયન યુનિયન દ્વારા ''આતંકવાદી સંગઠન'' તરીકે નિયુક્ત કરાયેલ હમાસને ''કચડી નાખવા''ની પ્રતિજ્ઞા લીધી.

**ઈઝરાયલ યુદ્ધની જાહેરાત કરીઃ** ઇઝરાયલે તરત જ ગાઝા પર હવાઈ હુમલા સાથે જવાબ આપ્યો, જ્યારે તેના દળો હજુ પણ દેશની અંદર હમાસ લડવૈયાઓ સામે લડી રહ્યા હતા. તેણે ૮ ઓક્ટોબરના રોજ પેલેસ્ટિનિયન આતંકવાદી સંગઠન સામે ઔપચારિક રીતે યુદ્ધની ઘોષણા કરી, કારણ કે ટેન્કો અને વ્યક્તિગત કેરિયર્સ સરહદની નજીક આવી ગયા હતા અને મોટી લશ્કરી કાર્યવાહીની તજવીજ શરૂ થઇ ગઈ હતી માટે દુનિયાને જાણ કરવી જરૂરી હતી.

ઑક્ટોબર ૯ ના રોજ, ઇઝરાયલે સંપૂર્ણ ઘેરાબંધી જાહેર કરી, ગાઝાના ૨.૪ મિલિયન રહેવાસીઓને વીજળી, ખાદ્યપદાર્થ વિતરણ અને પછી પાણી પુરવઠો કાપી નાખ્યો. બીજા દિવસે, તેણે ગાઝા સરહદ પર ફરીથી નિયંત્રણ મેળવ્યું.

૧૩ ઓક્ટોબરના રોજ ઈઝરાયલે ઉત્તર ગાઝાના નાગરિકોને ૨૪ કલાકની અંદર દક્ષિણ તરફ જવા વિનંતી કરી હતી. ઇઝરાયેલના સતત બોમ્બમારાથી હજારો પેલેસ્ટિનિયનોને ભાગી જવાની ફરજ પડી હતી. આરબ લીગે ''ફોર્સફૂલ ટ્રાન્સફર'' ની નિંદા કરી.

**પશ્ચિમ એશિયામાં વ્યાપક સંઘર્ષની શરૂઆતઃ** ગાઝા પર હવાઈ હુમલાથી આરબ દેશો નારાજ થઈ ગયા. વધુ ઉત્તરમાં, ઇઝરાયલે લેબેનોનના હિઝબુલ્લાહ સાથે સરહદ પારથી ગોળીબાર કર્યો, જે હમાસનો સાથી પણ છે, જેને ઈરાનનું સમર્થન છે.

દક્ષિણ લેબેનોનમાં, ૧૩ ઓક્ટોબરના રોજ, રોઇટર્સના એક વીડિયો પત્રકારની હત્યા કરવામાં આવી હતી અને એએફપી, રોઇટર્સ અને અલ જઝીરાના છ પત્રકારો હુમલામાં ઘાયલ થયા હતા. લેબેનોને ઈઝરાયલને જવાબદાર ગણાવ્યું.

**જીવલેણ હૉસ્પિટલ હડતાલઃ** ૧૭ ઓક્ટોબરે ગાઝાની અલ-અહલી હૉસ્પિટલ પર ઘાતક હુમલો થયો હતો. હમાસના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૪૭૧ લોકો માર્યા ગયા હતા. જો કે, યુએસ ગુપ્તચર સૂત્રોએ જણાવ્યું હતું કે ''૧૦૦ થી ૩૦૦'' માર્યા ગયા હતા.

હમાસે બોમ્બ ધડાકા માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું છે. જો કે, ઇઝરાયલે જવાબદારી લેવાનો ઇનકાર કર્યો હતો અને ઇસ્લામિક જેહાદના આતંકવાદીઓ દ્વારા મિસ ફાયર કરાયેલા રોકેટને જવાબદાર ઠેરવ્યો હતો. અમેરિકાએ ઈઝરાયેલના દાવાને સમર્થન આપ્યું હતું અને તેની ગુપ્તચર સંસ્થાએ પણ કહ્યું હતું કે હૉસ્પિટલ બ્લાસ્ટ માટે પેલેસ્ટિનિયન આતંકવાદીઓ જવાબદાર છે.

પરંતુ આરબ જગત આ વાત સાથે સહમત નહોતું અને હજારો લોકોએ ઈઝરાયલનો વિરોધ કર્યો હતો.

**જો બાઇડન ઇઝરાયલની મુલાકાત લીધીઃ** અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન ૧૮ ઓક્ટોબરે હૉસ્પિટલમાં બોમ્બ વિસ્ફોટના કલાકો બાદ તેલ અવીવ પહોંચ્યા હતા. જ્યારે હુમલા પહેલા મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું, આ ઘટનાએ અમેરિકન નેતાની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી હતી.

જ્યારે બાઇડન તેલ અવીવમાં ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુને મળ્યા હતા, ત્યારે ગાઝા હૉસ્પિટલમાં વિસ્ફોટ પછી જોર્ડનની તેમની યાત્રા રદ કરવામાં આવી હતી. જોર્ડને બાઇડન અને ઇજિપ્તીયન અને પેલેસ્ટિનિયન નેતાઓ સાથે દેશની યજમાનીની સમિટ રદ કરી.

**બંધકોને મુક્ત કરવામાં આવ્યા હતાઃ** ૨૦ અને ૨૨ ઑક્ટોબરના રોજ, ચાર બંધકો, તમામ મહિલાઓ, હમાસ દ્વારા મુક્ત કરવામાં આવી હતી. મુક્ત કરાયેલા પ્રથમ લોકોમાં બે અમેરિકનો, જે. જુડિથ રેનન અને તેની પુત્રી નતાલી રેનનનો સમાવેશ થાય છે, જેનું દક્ષિણ ઇઝરાયલ પરના હુમલા દરમિયાન અપહરણ કરવામાં આવ્યું હતું.

હમાસના પ્રવક્તા અબુ ઉબૈદાએ જણાવ્યું હતું કે હમાસની સશસ્ત્ર પાંખ, એઝેદ્દીન અલ-કાસમ બ્રિગેડે કતારના મધ્યસ્થી પ્રયાસોને પગલે ''માનવતાવાદી કારણોસર'' બંધકોને મુક્ત કર્યા હતા.

થોડા દિવસો પછી, ૨૮ ઓક્ટોબરે, હમાસે કહ્યું કે તે ઇઝરાયલની જેલમાં બંધ પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં બંધકોને મુક્ત કરવા તૈયાર છે.

૩૦ ઑક્ટોબરના રોજ, એક ઇઝરાયલી સૈનિક અને એક મહિલાને પણ, ઇઝરાયલી દળોએ ગ્રાઉન્ડ ઓપરેશનમાં બચાવી હતી.

**મદદની પ્રથમ ડિલિવરીઃ** ગાઝામાં માનવતાવાદી સંકટ સતત વધી રહ્યું છે. સ્ટ્રીપમાં સ્વચ્છ પાણી સમાપ્ત થઈ ગયું છે. ઇઝરાયલ

(જુઓ પાનું ૬) ▶▶

મસ્તરામની મસ્તી

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી

## સુતળી બોમ્બથી સુરસુરિયા સુધી....



'સોનાનો ભાવ તો જો ભૈ સાબ કેટલો વધી ગયો. તો પણ તમારા ભાઈ કંઈક ને કંઈક લેતા તો આવે જ'.'અમારે એને પણ શુકન પૂરતું એકાદ બિસ્કીટ તો લેવું જ એવું નક્કી..' બે ઘરની દીવાલ વચ્ચે ડોકા કાઢી અને આજુબાજુના બૈરાઓ આવી રીતે વાત કરતા હોય. અને એમના બટકી ગયેલા 'ઈ'જુના થઈ ગયેલા પેંટ ના પાઈચા ગોઠણથી બટકાવી ચડ્ડી બનાવી માળિયામાં ચડ ઉતર કરતા પતિ નામના પ્રાણીઓને કાણાં વાળા ગંજી સાથે પત્નીની સલાહ પ્રમાણે બાવા-જાળા સાફ કરતા જોવા એ એક લ્હાવો છે. બે ટાઇમની આદુવાળી ચા અને જમવાની ફી માં હરાખપદુડો આખો દિવસ ઘરઘાટીની જેમ પારસેવો પાડે.પત્ની એની મા સાથે ફોન પર કલાકો સુધી સફાઇ પ્રોગ્રામનો જીવંત ચિતાર આપે અને જ્યારે બે કલાકની વાત પછી એમ કહે કે થાકી ગઈ છું મમ્મી પછી નિરાંતે ફોન કરું ત્યારે માળીયા માથેથી પડતુ મુકવાનું મન થાય.

આપણી ઉત્સવ પ્રિય પ્રજા વાઘ બારસથી જ દિવાળીનું સ્વાગત કરવા તૈયાર થઈ ગઈ હોય. મને વાઘ બારસનો મહિમા વર્ષો સુધી નહોતો સમજાણો પણ લગ્ન થયા સાથે જ ખબર પડી કે સારામાં સારો વાઘ ઉંદરડો બની જાય છે! આ વાતને મેં એટલી સહજતાથી સ્વીકારી લીધી છે કે હવે કોઈ સાચી વાત કહેવાની કોશિશ કરે તો પણ મને ખબર છે એમ કહીને અટકાવી દઉં છું. કોણ ઘેર પૂછવાની હિંમત કરે! આ પછીનો દિવસ એટલે ધન તેરસ. આ દિવસ એટલે મને જરા પણ ન ગમતો દિવસ કેમ કે ધનતેરસનો મહિમાં મેં સંધિ છૂટી પાડીને સમજી જ લીધો છે 'ધન' હોય 'તે' જ 'રસ' લે, આપણે તો લોન પર જીવતા હોઈએ અને હપ્તા ભરવા માટે પણ હપ્તા કર્યા હોય તેમાં ધનતેરસને અને આપણને શું લાગે વળગે? આ પછીનો દિવસ એટલે કાળીચૌદશ. જૂનો અને જાણીતો જોક છે તો પણ આજની તારીખે લોકો હજુ હેપ્પી બથડે લખીને મોકલે છે ત્યારે મને એક વિચાર આવે છે કે જેમ દવાઓની એક્સપાયરી ડેઇટ હોય તેમ જોકની પણ એક્સપાયરી ડેઇટ હોવી જોઇએ.સરકારે જુના,ચવાઈ ગયેલા જોક્સ પર કળ ન વળે એવો ટેક્ષ નાખવો જોઈએ. અથવા જે રીતે એક્સપાયર્ડ દવા વેચનાર સામે કાનૂની પગલા લેવાય છે તેમ જ આવા લોકો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવવી જોઇએ. જો કે આ દિવસે ઘણા લેભાગુ બાબાઓનો જન્મ થાય છે અને હજુ પણ તંત્રમંત્રમાં માનતી પ્રજા આ દિવસ ઉજવતી હોય છે. મેં તો વિજ્ઞાનમાં જ વિશ્વાસ કરતા લોકોને અંધશ્રધ્ધા દૂર કરવા આ દિવસે સ્મશાનમાં રાત્રે ૧૨ વાગ્યે જઈને વડા ખાતા જોયા છે. હું પણ તેમાં જોડાવ છું, તમે એવું જરા પણ ન ધારી લેતા કે મને વિજ્ઞાનમાં રસ છે, મને વડાનું વળગણ ખરું એટલે એકલા ન ભાવે તો હું ઘેરથી સાંભાર લઈને જાઉં અને સારી પેટે ખાય લઉં! પણ એક સત્ય એ છે કે પરણેલા માણસે ડાકણથી ડરવાની જરૂર મને નથી લાગતી

દિવાળી સાથે સીઝન પૂરી નથી થતી પણ દિવાળીનો મહિમા વિશેષ છે. આખુ ઘર નવે નવું લાગે, રોશની અને દિવાથી ઝળહળતી શેરીઓ, મકાનો, મહોલ્લાઓ, દુકાનો. ઘરના આંગણમાં સજાવેલી ચિરોડીની રંગોળીઓ જોવો તો દિલ બાગબાગ થઈ જાય પણ બીજાના ઘરમાં! આપણને જ ખબર પડે કે મેડો સાફ કરવામાં, શેટ્ટીઓ, સોફાઓ, સામાન ફેરવવામાં કમર કેવી દુખી ગઈ હોય. રોશની માટે દિવામાં પૂરવાના ઘીના રૂપિયા કોની કોની પાસેથી ઉધાર લીધા હોય! અને રંગોળીના રંગ પૂરવામાં સમસ્યા આવી રહી હોય કેમ કે ચીંટુ, પીંટુ, રીન્કુ, મુન્નો આવીને ત્રણ ચાર વાર તો રંગોળી બગાડી જ ગયા હોય! રોશનીનું તો એવું છે કે આજ દિવસ સુધી મેં આજુ બાજુ વાળાની 'રોશની' જોઈને જ આનંદ માણ્યો છે એટલે હું આપણા ઘરની રોશનીને બચાવવા પ્રયત્ન કરતો હોઉં છું! આમ તો મેં રૂપિયાના કારણે ઘણા સંબંધો ગુમાવ્યા છે પણ તમે સવાલના પૂછતા 'કેમ?' નહિતર મારે જવાબ આપવો પડશે કે બસ ઉછીના લીધા હોય અને પાછાં ન આપ્યા હોય જો કે જેમની પાસેથી ઉછીના રૂપિયા નથી લીધા એવા ચાર પાંચ મિત્રો સાથે આજે પણ સારા સંબંધો છે એટલે તેમને ત્યાં ચોપડાપૂજનમાં હાજરી આપવા જવાનું થાય છે અને મને તો પેઢીઓથી આ પ્રસંગમાં જવાનું થાય છે એટલે હું કોન્ફીડન્સ સાથે કહી શકુ છું કે હવે આ પૂજનનું નામ કોમ્પ્યૂટર પૂજન થવામાં વાર નહીં લાગે એ વાત નક્કી છે! આજે જ મેં એક એડ જોઈ કે તમારા કોમ્પ્યૂટરના ઓનલાઇન પૂજન માટે અત્યારથી જ બૂક કરાવો મારો ધ્યેય તો એટલો હોય કે ફટાકડાનો ખર્ચ બચી જાય કેમ કે ચોપડાપૂજન પત્યા પછી ફટાકડા હોસ્ટના જ ફોડવાના હોય. હું તો સહપરિવાર હાજરી આપુ. મારા આ મળતાવડા સ્વભાવને લીધે આજે હું કહી શકુ છું કે મારો છોકરો હિંમતવાન બન્યો છે અને એ પણ આવા કોઈકના સૂતળી બોમ્બ ફોડીને! બાકી મેં તો ૬ રૂપિયાનો લવીંગ્યા ટેટાનો બાંધો લઈ દિધો હોય અને એક એક છૂટા પાડીને ફોડાવ્યા હોય. આ તો માલેતૂજાર વ્યક્તિઓ છે કે જે પોતાના રૂપિયાનો ધૂમાડો કરી શકે પણ દરેકના નસીબમાં આવું શક્ય નથી બનતું એટલે અમારા કોર્પોરેશને એક સરસ વ્યવસ્થા કરી છે. એક જાહેર સ્ટેડિયમમાં જાત જાતના ફટાકડાઓ ફોડી અને લોકોની દિવાળી સુધારવામાં આવે છે. આવા અલભ્ય ફટાકડાઓ ફૂટતા જોઈને ગરીબ લોકો પોતે ફોડ્યાનો આનંદ મેળવી લેતા હોય છે પણ આ માત્ર ગરીબોની જ નહીં ઘણા બધા ઓફીસર્સની પણ દિવાળી સુધરતી હોય છે! અમારે ત્યાં જાંગડ ફટાકડા મળે. ૧૦ લાખના ફટાકડામાંથી મીડિયા હાજર હોય ત્યાં સુધીના જ ફૂટે અને બાકીના ક્યાં જાય તેનો ખુલાસો કરવાની જરૂર નથી લાગતી

એક સમય હતો કે લોકો દિવાળીની રાતે મોડે સુધી જાગે અને બીજે દીવસે બેસતું વર્ષ એટલે સવારે પાંચ વાગ્યાથી એકબીજાને શુભેચ્છા પાઠવવા, આશિર્વાદ લેવા, આશિર્વાદ આપવા પહોંચી જાય અને સવારે ૯ વાગ્યા સુધીમાં તો લગભગ સગા સંબધીઓને ત્યાં જઈ આવ્યા હોય પણ અત્યારના સંજોગોમાં દિવાળીની રાત્રે દારુ અને ગોળાનું પ્રમાણ ખૂબ વધી ગયું હોય એટલે સવારે હેંગઓવરમાં ક્યાંય જવાનું થતું નથી, વળી એક જાહેર સુવિધા પણ ઊભી થઈ ગઈ છે કે ફેસબૂક પર લખી નાખો કે 'હેપ્પી દિવાળી ટુ ઓલ' અથવા થોડા વોટ્સએપ પર આવેલા સારા મેસેજને સાચવીને ફોરવર્ડ કરી દો એટલે નવા વર્ષની શુભેચ્છાઓ પહોંચી જાય છે! અને લોકો પણ

(જુઓ પાનું ૬) ▶▶

**વિચારવાયુ**


**'ચાઇનીસ ફટાકડા ફોડતા ફોડતા વોકલ ફોર લોકલની વાતું કરવાની મજા જ કંઈક ઔર છે.' આ કટાક્ષ છે.**

અરાઉન્ડ ધ વર્લ્ડ

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી

## લાર્નાકા સોલ્ટ લેક - સાયપ્રસની ગ્રીક લોકવાયકાઓ વચ્ચે...













**આર્જેન્ટિનાનો** પ્રવાસ એટલો મજેદાર રહ્યો કે ત્યાંથી પાછાં આવવામાં ફ્લાઇટના કપરા ૧૪ કલાકની મુસીબતો પણ એટલી અઘરી ન લાગી. બુએનોસ એરેસથી પહેલાં પેરિસ લેન્ડ થયાં. આ ફ્લાઇટમાં બાજુમાં એક ભાઈ બેઠેલા, જેમને સખત શરદી અને વાઇરલ હતું. તેમની પાસે ન પૂરતા ટિસ્યૂ હતા, ન કોઈ દવા કે ન માસ્ક. એવામાં સમય જાણે અત્યંત ધીમો પડી ગયો હતો. દરેક પળ સાથે મને પણ ચેપ લાગતો અનુભવી શકાતો હતો. મેં તો માસ્ક પહેરી લીધું હતું, પણ આટલા બધા કલાકો દરમ્યાન આટલું નજીક બેસવાનું થાય ત્યારે માત્ર માસ્ક પૂરતું ન હતું. ફ્લાઇટ એવી ફુલ હતી કે બીજે ક્યાંય મૂવ થવાનું પણ શક્ય ન હતું.લાંબી ટ્રિપમાં ખાવા-પીવામાં અખતરા કરવાની મજા તો આવે, પણ ઘરે પાછાં આવીને પહેલાં તો ખીચડી કે દાળ-ભાત ખાવાની જ ઇચ્છા થાય. કમ્ફર્ટ ફૂડ અને શરદીમાં થોડા સમય માટે તો બધી મજા જાણે ભુલાઈ ગઈ હતી.

જોકે જેવાં રિકવર થયાં, ફરી ક્યાંક જવાનો કીડો સળવળ્યો. આ વખતે બીચ પર પડ્યાં રહેવાનો મૂડ હતો. ફ્લાઇટ પ્રમાણમાં ટૂંકી હતી અને જર્મનીના પ્રમાણમાં સાયપ્રસમાં મે મહિનાની શરૂઆતમાં ઘણી ગરમી હતી. અમારે એ જ જોઈતું હતું. સાયપ્રસનો એક હિસ્સો તો માત્ર બીચ રિસોર્ટ અને રિલેક્સિંગ વેકેશન માટે જ બની ગયો હોય તેવું છે. સાથે ત્યાંનો વિભાજિત હિસ્સો અને રાજકીય ઊથલપાથલ, લોકો અને શહેરોના ભાગલજ, બધું હજી પ્રમાણમાં ઘણું તાજું છે. આ બધું પણ જોવા મળવાનું હતું. ખરેખર દુનિયાનો દરેક હિસ્સો પોતાની અલગ વાર્તા સમાવીને બેઠો છે. તેમાંય સાયપ્રસ જેવા ઐતિહાસિક ખૂણામાં તો જાણે વાર્તાઓનો ખજાનો જ છે.

ફ્રેન્કફર્ટથી લાર્નાકાની ફ્લાઇટ છેલ્લી બુએનોસ એરેસથી લીધેલી ફ્લાઇટની તકલીફો ભુલાવી દે એટલી રિલેક્સિંગ નીકળી. લાર્નાકા એરપોર્ટ પર પહોંચીને પહેલાં તો એરપોર્ટ લાઉન્જમાં સમરનાં કપડાં બદલ્યાં. એરપોર્ટની બહારથી જ કાર રેન્ટ કરવાની હતી. આ રેન્ટલ કાર પોઇન્ટ પર કામ કરનારાં બધાં છોકરાંઓ બ્રિટિશ ઇન્ડિયન હતાં. આ સાથે જ સાયપ્રસના હિસ્ટ્રી લેસનની પણ શરૂઆત થઈ ગઈ હતી. પહેલાં ખાલી એટલી જ ખબર હતી કે આજે તો સાયપ્રસ યુરોપિયન યુનિયનનો હિસ્સો છે. એક જમાનામાં ભારતની જેમ જ તે બ્રિટિશ કોલોની હતું અને તેને ૧૯૬૦માં આઝાદી મળી છે અને આઝાદી પછી થોડાં વર્ષોમાં ત્યાં ટર્કિશ અને ગ્રીક સંઘર્ષમાં દેશનાં બે ભાગલા પડી ગયા છે. હવે એ પણ જાણવા મળ્યું કે અહીં થોડો હિસ્સો હજી પણ બ્રિટિશ ટેરેટરી છે અને આજે પણ ટૂરિઝમ માટે જાણીતો સાઉથ સાયપ્રસનો હિસ્સો મોટાભાગે બ્રિટિશ ટૂરિસ્ટથી જ ખીચોખીચ ભરેલો હોય છે.

અમે લાર્નાકા એરપોર્ટથી નજીક લાર્નાકા બીચ પર જ એક હોટલમાં રહેવાનાં હતાં. આખુંય સાયપ્રસ અહીંથી એક્સપ્લોર કરવાનું સાવ સરળ હતું. સવારમાં નીકળ્યાં અને બપોર પહેલાં જ લાર્નાકા પહોંચી ચૂક્યાં હતાં. હજી હોટલમાં ચેક-ઇન બાકી હતું. એરપોર્ટથી હોટલની વચ્ચે જ એક અનોખું જોવાલાયક સ્થળ પણ આવતું હતું. હવે તેનાથી વધારે બીજું શું જોઈએ. અમે બીચ વેકેશન માટે કપડાં તો બદલાવી જ ચૂક્યાં હતાં. હવે ગાડીમાં સામાન લોડ કર્યો અને ચાલી નીકળ્યાં.

અહીંની હવામાં જ રજાઓ સૂંઘી શકાતી હતી. લાર્નાકા એરપોર્ટ પાસેના આ લેકનું નામ સોલ્ટ લેક છે. લેક એરપોર્ટથી માંડ ૧૦ મિનિટની ડ્રાઇવ પર હતો. બે કિલોમિટરમાં પથરાયેલો આ લેક એવા શહેરમાં પોતાની ઓળખ બનાવીને બેઠો છે જ્યાં નજીકમાં જ બીચ છે. અને કેમ ન હોય, લેક દેખાતો ભલે એક જ હોય, પણ અંદર તે ત્રણ નાનાં લેક્સનું નેટવર્ક છે. આલીકી, ઓર્ફાની અને સોરોસ નામનાં આ ત્રણ લેકને અલગ પાડી શકવાનું જરા મુશ્કેલ છે. સાયપ્રસમાં લિમાસોલમાં આનાથી પણ મોટો વધુ એક સોલ્ટ લેક પણ છે.

લાર્નાકાના આ સોલ્ટ લેકની બીજી મોટી ખાસિયત છે ત્યાંનાં પિંક લેમિંગો. આ પક્ષીઓ હજી સરખો ઉનાળો બેસે તે પહેલાં જતાં રહેવાનાં હતાં. અમને હજી થોડાંક જોવા મળી જ ગયાં. જોકે લેક પાસે ખરી જોવાલાયક જગ્યા તો લેકની બીજી તરફ આવેલી એક ઐતિહાસિક શ્રાઇનની ઇમારત હતી. આ લેક પાસેની લોકવાયકા સેંટ લઝારસે આસપાસમાં વસેલી એક ખેડૂત મહિલાને આપેલા શાપ સાથે પણ જોડાયેલી છે. જાત્રાએ નીકળેલા સેંટ લઝારસેએ ખેડૂત મહિલા પાસે ખાવા-પીવાનું માંગ્યું હતું. તેણે ના પાડી અને ખોટું બોલી કે તેની વાઇન સુકાઈ ગઈ છે અને તેની પાસે આપવા માટે કશું નથી. બદલામાં સેંટ લઝારસેએ તેને શાપ આપેલો કે તેની વાઇન હંમેશાં સુકાયેલી રહે અને તેના તળાવનું પાણી ખારું થઈ જાય. આવી વાર્તાઓ તો ગ્રીક, ટર્કિશ અને સાયપ્રસના દરેક મહત્ત્વના સ્થળ પાસે મળી જ જવાની હતી.

લેકની પરિક્રમા કર્યા પછી 'હાલા સુલતાન ટેકે' શ્રાઇન આવી. આ સાવ નાનકડી જગ્યામાં એક મોસ્ક, મિનારો, કબ્રસ્તાન અને સૂફી ગેધરિંગ માટે રહેવાની જગ્યા પણ છે. સત્તરમી સદીની આ શ્રાઇન ઓટોમાન સ્ટાઇલમાં બનેલી છે. અને આ વિસ્તાર સાથે જોડાયેલી લોકવાયકાઓ ગ્રીક છે. અહીં પાછળના હિસ્સામાં આજે પણ આર્કિયૉલોજિકલ એક્સકાવેશન સાઇટ છે. છેક છઠ્ઠી સદીથી અહીં કોઈ ને કોઈ સ્વરૂપે રહેણાંક મકાનો તો હતાં જ. અમે મજાક પણ કરી કે ક્યાંક આ સેંટ લઝારસેએ જેને શાપ આપ્યો હતો તે ખેડૂતોનું ઘર ન હોય. આ ઐતિહાસિક ઇમારતના દરેક ખૂણામાં બિલાડીઓ આંટા મારતી હતી. તે સમયે જરા નવાઈ લાગી હતી, પણ સાયપ્રસમાં કદાચ જેટલાં માણસો છે એટલી જ બિલાડીઓ પણ છે. સોલ્ટ લેકના આ વિસ્તારમાં વચ્ચે બેસવા માટે થોડી બેન્ચ સિવાય બીજું કોઈ કોમર્સિયલ સ્ટ્રકચર નથી. અહીં ઘણાં ચક્કરો માર્યાં પછી હવે ભૂખ લાગી રહી હતી. લાર્નાકા બીચ નજીક હોટલ તરફ જવાનો સમય આવી ગયો હતો.

ભાત ભાત કે લોગ

feedback@bombaysamachar.com
જવલંત નાયક

# ભારતઃ આ દેશમાં ગૌરવ લેવા જેવું તો ઘણુંય છે!

ભારત. ત્રણ અક્ષરનો આ શબ્દ આપણા માટે માત્ર શબ્દ નથી, પણ ઈમોશન છે. ભારત' એક સંવેદન છે, જે આપણી નસોમાં લોહી બનીને દોડે છે. લાખ બૂરાઈ હોઈ શકે ભારત દેશમાં, તેમ છતાં વિશ્વનું સૌથી પ્રિય સ્થળ તો માતૃભૂમિ જ હોઈ શકે! સંસ્કૃતમાં ઉક્તિ છે ''જનની જન્મભૂમિશ્વ સ્વર્गादपि गरीयसी'' અર્થાત, સ્વર્ગ કરતાં પણ ચડિયાતું જો કોઈ હોય, તો એ છે માતા અને માતૃભૂમિ!

છાસવારે ફલાણા અને ઢીકણા સર્વે આવતા રહે છે જે હેપ્પીનેસ ઇન્ડેક્સ કે હંગર ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન કેટલામું, એની ચિંતા કરતા રહે છે. અચરજ તો ત્યારે થાય જ્યારે આવા સર્વે આતંકવાદ અને ભૂખમરાથી ગ્રસ્ત પાકિસ્તાનને આપણા કરતા ઊંચી પાયરીએ મૂકે! ઘણીવાર આવા સર્વેનાં તારણો શંકાસ્પદ લાગે, તો કોઈક વાર સર્વેનો હેતુ જ શંકાસ્પદ લાગે. વળી કોઈક વાર એવીય શંકા થાય કે આ લોકોને ભારતમાં કશું સારું દેખાતું જ નહિ હોય? હકીકતે કોઈ દેશમાં બધું સારું કે બધું ખરાબ ન હોઈ શકે. (અમુક દેશોને આમાં અપવાદ ગણવા) ભારતમાંય ઘણી એવી બાબતો છે, જેનો ઉલ્લેખ કરતા આપણે ગર્વની લાગણી અનુભવીએ.

આપણા પુરાતન સ્થાપત્યોથી માંડીને સ્ટેચ્યૂ ઓફ યૂનિટી સુધી કે પછી ઉત્તર-પૂર્વીય પહાડી વિસ્તારોમાં તાજેતરમાં ડેવલપ થયેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી માંડીને વિશ્વના સહુથી વિશાળ રેલ નેટવર્ક સુધીની ઘણી બાબતો એવી છે, જેના વિષે મસ્તક ઉન્નત રાખીને વાત થઇ શકે.

ચાલો આજે સામી દિવાળીએ એવી જ કેટલીક બાબતોની વાત કરીએ, જે આપણી સંસ્કૃતિ સાથે વણાયેલી છે, તેમ છતાં આપણે પોતે જ એને વિસારે પાડવા બેઠા છીએ!

## મસાલા અને ભોજનનું વૈવિધ્ય



આજે ભારતના મેટ્રો સિટીઝ તો ઠીક, નાના નાના કસ્બાઓમાં પણ ચાઈનીઝની સાથે થાઈ, મેક્સિકન ફૂડ અને અમેરિકન પિત્ઝાના જોઇન્ટસ ખૂલી રહ્યા છે. ભારતીયોએ ઘણી વિદેશી વાનગીઓને પોતાના મેનુ કાર્ડમાં સમાવી લીધી છે. પણ હકીકત એવી છે કે વિદેશી વાનગીઓની સરખામણીએ આપણી દેશી વાનગીઓ ક્યાંય વધુ ચટાકેદાર, વધુ સ્વાદિષ્ટ હોય છે! શું તમે જાણો છો, ભારતને the land of spices (મસાલાની ભૂમિ) તરીકે ઓળખવામાં આવે છે?! મસાલાની શોધમાં જ તો યુરોપિયન પ્રજાઓ ભારત આવી અને આપણે ગુલામી વેઠવી પડી, એ જુદો ઇતિહાસ છે! પણ ભારતીય મસાલો પરાપૂર્વથી માંડીને આધુનિક કાળમાંય જગપ્રસિદ્ધ રહ્યા છે, એમાં બેમત નથી. એક અંદાજ મુજબ વિશ્વભરમાં જુદા જુદા મસાલાની આશરે ૧૦૯ જેટલી જાત પૈકી ૭૫ જેટલા મસાલા ભારતમાં પેદા થાય છે! આમ ભારત વિશ્વમાં 'કિંગ ઓફ સ્પાઈસ'નું સ્થાન ભોગવે છે. મસાલાના ઉત્પાદન, વપરાશ અને એકસપોર્ટ – એમ ત્રણેય ક્ષેત્રે ભારત ટોચના સ્થાને બિરાજે છે.

કદાચ આજ કારણોસર ભારતના ભોજનમાં પણ અપાર વૈવિધ્ય જોવા મળે છે. યુરોપ-અમેરિકાની પ્રજા જે ભોજન આરોગે, એ આપણી સરખામણીએ થોડું 'મોળું' ગણાય. આપણને તો ભાઈ થાળીમાં તમામ પ્રકારના રસના ચટાકા પીરસાયેલા જોઈએ. આપણી ખાટી-મીઠી-તીખી ચટણીઓ અને મુરબ્બા-અથાણાની આખી રેન્જ સામે બિચારા ફોરેનર્સના સોસ ફિક્કા જ લાગે. આપણે ત્યાં દાળ અને કઢી વ્યવસ્થિત રીતે વ્યાખ્યાયિત છે. પણ બિચારા વિદેશીઓ તમામ રસાવાળી આઇટમને 'કરી' તરીકે જ ઓળખતા હોય એવું લાગે! અને 'ઇન્ડિયન કરી'એ તો દુનિયાભરના સ્વાદશોખીનોને ઘેલાં કર્યા છે. ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયેલ એક મિત્ર જણાવે છે કે ત્યાં જો કોઈ ભારતીય રેસ્ટોરન્ટ ખૂલે, તો ઇન્ડિયન કરીનો ટેસડો માનવા ધોળિયાઓ હોંશે હોંશે આવે છે.

## લગ્ન સંસ્થા અને પરિવારનું બંધન

બોસ, ગમે એટલી ફરિયાદો હોય, કે ગમે એટલા ઝગડા-ટંટા હોય, આપણે ભારતીયો 'ફેમિલી પર્સન્સ' છીએ. વિદેશીઓને જેમ લાંબો સમય સુધી એકલવાયાં જીવવાનું કે નાનાં-મોટાં છમકલાં થાય તો છૂટાછેડા લેવા દોડવાનું આપણને નથી ફાવતું. આજે જમાનો બદલાઈ રહ્યો છે અને ભૌતિકવાદ પાછળ ઘેલા થયેલા ભારતીયો સંયુક્તને બદલે વિભક્ત (nuclear family) કુટુંબ પ્રણાલી પસંદ કરવા માંડ્યા છે, તેમ છતાં પશ્ચિમી દેશોની સરખામણીએ આપણું ફેમિલી બોન્ડિંગ અનેકગણું વધુ મજબૂત છે. મોટા પરિવારોના તમામ નબળા પાસાઓને ધ્યાને લઈએ તો પણ મુસીબત સમયે એકલવાયા આદમી કરતા પરિવાર સાથે રહેનારને સધિયારો મળી રહેવાના ચાન્સીસ વધી જાય છે. આપણી લગ્ન સંસ્થા પણ પશ્ચિમની દૃષ્ટિએ ઘણી વધુ મજબૂત છે. અગેઇન, તમામ નબળા પાસાઓ ધ્યાને લીધા બાદ પણ 'પડેલું પાનું નિભાવી લેવા'ની આપણી માનસિકતાએ એકંદરે સામાજિક બંધારણ જાળવી રાખવામાં મોટો ફાળો આપ્યો છે. પુખ્ત વયના એકલવાયા યુવક-યુવતીઓ કરતાં 'ફેમિલી પર્સન' તરીકે જીવતા લોકોને આપણા સમાજમાં વહેલી સ્વીકૃતિ મળે છે, એની પાછળ ઘણા સાઈકો-સોશિયલ કારણો છે, જે આખી અલગ ચર્ચાનો મુદ્દો છે. તમામ મુદ્દાઓ બાજુએ રાખીએ, તો પણ એક વાત તો સ્વીકારવી જ પડે, કે સંયુક્ત પરિવારમાં રહેવાની ટેવ અને લગ્નજીવન ટકાવી રાખવાની આપણી વૃત્તિએ આપણને ઘણે અંશે સહિષ્ણુ બનાવ્યા છે.



## વિવિધતામાં એકતા



સંયુક્ત પરિવારોમાં આપણે જે સહિષ્ણુતાના સંસ્કાર મેળવ્યા છે, એની રાષ્ટ્રીય સ્તરે પણ ઘેરી અસર જોવા મળે છે. અનેક મતભેદ અને ધાર્મિક વિરોધાભાસો વચ્ચે પણ ભારત ટકી રહ્યું છે, કેમકે પ્રજા સહિષ્ણુ છે. રાજકીય તકસાધુઓ ભલે ગમે એવો દુષ્પ્રચાર કરે, પણ વિશ્વના બીજા દેશોની સરખામણીએ ભારતીય પ્રજા ખાસ્સી સહિષ્ણુ છે. એ જ કારણોસર અહીં દુનિયાના દરેક ધર્મનું પ્રતિનિધિત્વ જોવા મળે છે. નાનામાં નાની લઘુમતી કોમ ગણાતી પારસી પ્રજા અહીં સદીઓથી દૂધમાં સાકરની જેમ ભળી ગઈ છે. ઉપરાંત, અહીં ૨૨ જેટલી મુખ્ય ભાષાઓ બોલનારા લોકો વસે છે! આ ઉપરાંત જો તમે વસ્તીના આધારે સરખામણી કરો, તો આખા થાઈલેન્ડ જેટલી વસ્તી એકલા ગુજરાતમાં જ છે! ઉત્તર પ્રદેશની વસ્તી એટલે બ્રાઝિલ+ઇક્વાડોરની સહિયારી વસ્તી! તુર્કીયે જેટલી વસ્તી એકલા મધ્ય પ્રદેશમાં રહે છે. એ પ્રમાણે મહારાષ્ટ્રની વસ્તી જાપાન જેટલી અને રાજસ્થાનની વસ્તી યુક્રેન+પોલેન્ડ જેટલી છે! જરા વિચાર કરો કે જુદી જુદી ભાષા બોલતી સવા અબજ ઉપરાંતની વસ્તી કઈ રીતે મેનેજ થતી હશે! સમયાંતરે એવા બનાવો બનતા રહે છે, જેનાથી 'વિવિધતામાં એકતા'ની વાતો આપણને સાવ બોગસ લાગવા માંડે. તેમ છતાં હજી સુધી આપણા દેશનું સર્વસમાવેશક પોત ટકી રહ્યું છે. પશ્ચિમના દેશોમાં આખી દુનિયાની પ્રજાઓ જઈને વાસી છે, પણ ત્યાં ધન કમાવાની લાલચ મોટો ભાગ ભજવે છે. બાકી અંદરખાને એકબીજા પ્રત્યેનો રોષ ખદબદતો હોય છે. જ્યારે ભારતમાં ભૂખે મરતી પ્રજા પણ હજી સુધી લોહિયાળ વિગ્રહો સુધી નથી પહોંચી, એ વાત કોઈ ચમત્કારથી કમ નથી! (થેન્ક ગોડ!) લોહપુરુષ સરદાર પટેલે પાંચસો ઉપરાંત રજવાડાઓને લોહીનું ટીપું પાડ્યા વિના એક અને અખંડ ભારતના છત્ર નીચે લાવીને મૂક્યાં, ત્યારે યુરોપિયન રાજનિતિજ્ઞો મોઢામાં આંગળા નાખી ગયેલા.

## કુંભમેળો અને સીથી વિશાળ ટ્રેન નેટવર્ક

આટલી મોટી વસ્તીને મેનેજ કરતા ભારતીય તંત્રને હવે કુંભમેળો મેનેજ કરવાનીય સારી હથોટી આવી ગઈ છે. તમે અવલોકન કરજો, વિશ્વમાં જ્યાં પણ કાર્નિવલ પ્રકારના ફેસ્ટિવલ થાય અને હજારોની સંખ્યામાં લોકો ભેગા થાય, ત્યાં ગમે એટલી ચુસ્તી રાખવા છતાં અઘટિત બનાવો બનતા હોય છે, અને જાનહાની પણ નોંધાતી હોય છે. પરંતુ ૨૦૧૯માં પ્રયાગરાજ ખાતે યોજાયેલ ઐતિહાસિક કુંભમેળામાં વિશ્વભરમાંથી અધધ વીસ કરોડ ઉપરાંત લોકો આવ્યા! યુરોપના અનેક દેશોની વસ્તી ભેગી કરો ત્યારે માંડ આટલો આંકડો આવે! કુંભમેળો દર છ વર્ષે યોજાય છે, અને દર વખતે લાખોની મેદનીમાં અનેક લોકો પોતાના પરિવારોથી વિખૂટા પડી જાય છે. વિખૂટા પડવાની આ ઘટનાઓએ ભૂતકાળમાં કુંભમેળાને એટલી કુ-ખ્યાતિ અપાવેલી, કે 'કુંભ કે મેલે મેં બિછડે હુએ ભાઈ' ઉપર કેટલાય મીમ્સ અને ફિલ્મો બની ચૂક્યા હશે! પણ હવે તંત્રની

(જુઓ પાનું ૬) ▸▸

નિસર્ગનો નિનાદ

feedback@bombaysamachar.com
ધર્મેન્દ્ર ત્રિવેદી

# એક મચ્છર આદમી કો...

સન ૧૯૯૭માં એક ફિલ્મ આવેલી 'યશવંત'. આ ફિલ્મમાં નાના પાટેકરે દમદાર ભૂમિકા ભજવેલી. ફિલ્મ દમદાર હતી જ એમાં શંકાને કોઈ સ્થાન નથી, એ જમાનામાં નાના પાટેકર સુપર ડુપર હિટ કલાકાર હતા અને 'અંકુશ'ની સફળતા બાદ નાનાની ઉપરાછાપરી સફળ ફિલ્મો આવેલી અને યશવંત તેમાંની એક હતી. ફિલ્મમાં જે કાઇ પણ હોય, પરંતુ તે ફિલ્મનો એક ડાયલોગ જનમાનસમાં ઘર કરી ગયેલો. અને એ ડાયલોગ એ હતો કે 'સાલા એક મચ્છર આદમી કો હિજડા બના દેતાં હૈ!' હવે ડાયલોગની દૃષ્ટિએ સફળ ગયેલા આ ડાયલોગને વાસ્તવ સાથે સ્નાન સુતકનો સંબંધ નહોતો, અને કદાચ એટલે જ 'એક નાનો જીવ ધારણાઓ બહાર કેવો ઘાતક નીવડી શકે છે' તેના પ્રતીક સ્વરૂપ આ ડાયલોગ બાળકોથી લઈને બુઢાના સુધી હોઠે ચડી ગયેલો.

યસ... યુ આર રાઈટ. આજે આપણે મચ્છરની વિધ્વંસતા વિશે એક ચોંકાવનારો મુદ્દો હાથ ઉપર લેવાના છીએ. પર્યાવરણ પ્રકૃતિનું એક એવું અંગ છે કે જે સંતુલન પર નિર્ભર હોય છે. પ્રકૃતિ પ્રેમીઓને મળું અને અનેક પ્રકારની વાતો થાય ત્યારે એ બધાની વાતો સાંભળીને એક વાતનો તીવ્ર અહેસાસ અને એક પ્રશ્ન જરૂર થાય કે 'શું આ લોકો ન હોત તો પૃથ્વીનું શું થાત?' મને પણ એવો ભ્રમ હતો કે ઈસ દુનિયા કો બદલ ડાલો... પણ હકીકતે એવું કશું હોતું નથી. પ્રકૃતિને માનવ જો નડવાનું બંધ કરે તો પ્રકૃતિ હંમેશાં પોતાના મૂળ સ્વરૂપમાં આવી જતી હોય છે, પરંતુ માનવની ભૌતિક એષણાઓ પ્રકૃતિની સહજતાને હણી નાખે છે. અને આ અવિરત માનવ હસ્તક્ષેપના પરિણામોને આપણે ઈસ્ટાઈલથી 'ગ્લોબલ વોર્મિંગ' કહીએ છીએ અને જાણકાર હોવાનું અભિમાન પણ કરીએ છીએ.

પૃથ્વી પર માનવ હસ્તક્ષેપના લીધે વધતાં જતાં ઉષ્ણતામાનના વિપરીત પરિણામો માત્ર આપણે જોઈએ કે જાણીએ છીએ તેના કરતાં અનેકગણી સૂક્ષ્મ અસરો આપણી આજુબાજુમાં જ હોય છે, પરંતુ આપણી પાસે આંખો છે, દૃષ્ટિ ક્યાં છે? આજે આપણે ગ્લોબલ વોર્મિંગની આડકતરી અસરના કારણે પૃથ્વી પર એક પક્ષી નામ શેષ થવાના આરે આવીને ઊભું છે તેની વાત કરીશું. પશ્ચિમ અમેરિકા અને પપુઆ ન્યૂ-ગિની વચ્ચેના અફાટ પ્રશાંત મહાસાગરમાં હવાઈ ટાપુઓ આવેલા છે. હવાઈ ટાપુઓની રાજધાની કહી શકાય એવા હોનોલુલૂથી થોડે ઉપર ઉત્તર દિશામાં એક 'કાઉઆઈ' નામનો ટાપુ આવેલો છે. આ ટાપુ દરિયામાંથી ઉપસી આવેલો પર્વત જ છે. આ પર્વત પર અડાબીડ વર્ષાવન એટલે કે રેઇન ફોરેસ્ટ (યુ નો?) છેક પર્વતની ટોંચ સુધી છવાયેલા છે.

ગાર્ડન આઈલ એટલે કે બગીચાનો ટાપુ તરીકે ઓળખાતા 'કાઉઆઈ'ના વર્ષાવાનોમાં લગભગ ૮૦ જાતિના મનમોહક પક્ષીઓ વસે છે. આ પક્ષીઓમાં એક ટચૂકડું છતાં ગમી જાય એવું એક પક્ષી પણ વસે છે. આ પક્ષીનું નામ છે 'અકીકીકી'. ઓ તેરી, આવા તે કયાંય નામ હોય? પણ ભાઈ આ નામ છે હવાઈયન ભાષાનું એટલે એ હોનોલુલૂ અને 'કાઉઆઈ' જેવુ વિચિત્ર જ લાગેને આપણને? આપણો આજનો હીરો 'અકીકીકી' કદમાં માત્ર ૧૩ સેન્ટિમીટરનો જ છે. અને તેનો મુખ્ય ખોરાક મધ હોવાથી તેનો સમાવેશ હનીઈટર્સ પ્રકારના પંખીડાઓના સમુદાયમાં કરવામાં આવ્યો છે. 'કાઉઆઈ'ના પર્વત પર ખૂબ ઊંચાઈએ આવેલા અડાબીડ જંગલોમાં ઘણી ઊંચાઈ પર આ પક્ષી ખાતું-પીતું અને રાજ કરતું હતું, પરંતુ છેલ્લા પંદરથી વીસ જેટલાં વર્ષમાં આ ટાપુ પર સંશોધનોમાં વ્યસ્ત પક્ષી વૈજ્ઞાનિકોના ધ્યાન પર આવ્યું કે આ અકીકીકી પંખીઓ હમણાં હમણાંથી ખૂબ ઓછા કેમ દેખાવા લાગ્યા? અને પછી એના પર ધ્યાન કેન્દ્રિત કરીને એક સઘન અભ્યાસ થયો.





આ અભ્યાસના તારણો ખૂબ જ ચોંકાવનારા નીકળ્યા. 'કાઉઆઈ'ના જંગલોમાં ફરી વળેલા વૈજ્ઞાનિકોને જંગલમાં માત્ર પાંચ કે છ જ અકીકીકી પક્ષીઓ બચ્યા છે એવું જાણવા મળ્યું. વૈજ્ઞાનિકોએ માથા ખંજવાળ્યા પણ ઉત્તર ના મળ્યો, અને રાત દિવસ એક કર્યો અને પછી અકસ્માતે જે જાણવા મળ્યું એ અચંબિત કરી દે તેવું હતું. સંશોધન દરમિયાન વૈજ્ઞાનિકોને એક માંદુ અકીકીકી પક્ષી મળી આવ્યું. તેને પક્ષી સંશોધન કેન્દ્ર પર લાવી તબીબી તપાસમાં જાણવા મળ્યું કે તેને તો મેલેરિયા થયો છે! મતલબ એ થયો કે આ પક્ષી જે ઊંચાઈ પર રહેતા હતા ત્યાં સુધી મચ્છર પહોંચી ગયા છે. અરે એ તો મચ્છર છે, ગમે ત્યાં પહોંચી જાય, ના યાર એવું ન હોય. મચ્છર હૂંફાળા અને ગરમ વાતાવરણમાં જ જીવી શકે, અને આ પંખીઓ પર્વતના જે વર્ષાવનોમાં ઊંચાઈ પર રહેતા ત્યાં મચ્છર જાય પણ નહીં અને જાય તો બચે પણ નહીં, કારણ કે 'કાઉઆઈ' ટાપુ પર ગરમી જમીનથી પચીસ પચાસ ફૂટ સુધી હોય અને જેમ જેમ ઊંચાઈ પર જઈએ તેમ તેમ ભેજ અને ગરમી ઓછા થતાં જાય.

પછી વૈજ્ઞાનિકોએ મચ્છરો પર સંશોધન ચાલુ કર્યું તો જે ઊંચાઈ પર અકીકીકી હજારો વર્ષોથી જીવતા હતા એ ઊંચાઈ પર પણ મચ્છરા મળ્યા! અંતે એક તારણ એ નિકળ્યું કે ગ્લોબલ વોર્મિંગના કારણે 'કાઉઆઈ' ટાપુ પર જે ગરમી નીચેના સ્તર સુધી જ રહેતી એ વધતી ચાલી અને પર્વતની ઉપરનું વાતાવરણ પણ બદલાઈને મચ્છરો માટે અનુકૂળ બન્યું. આમાં જે પંખીડા સદીઓથી મચ્છરથી બચેલા, તેઓ પણ વર્ષોપરાંતના ગ્લોબલ વોર્મિંગના કારણે મેલેરિયાની ચપેટમાં આવી ગયા. કલ્પના કરો કે પંદર વીસ વર્ષમાં હજારોની સંખ્યામાં ફૂલીફાલી રહેલું આપનું અકીકીકીડુ નાશ પામવાને આરે આવીને ઊભું રહી ગયું છે. વૈજ્ઞાનિકોને લાગ્યું કે કશું જ કરવામાં નહીં આવે તો ચાર-છ મહિનામાં જ એક પણ અકીકીકી નહીં બચે. તેમણે યુદ્ધના ધોરણે એક અભિયાન ઉપાડ્યું અને પક્ષી સંશોધન કેન્દ્રમાં અકીકીકી જેવા વાતાવરણમાં રહે છે એવા જ વાતાવરણ વાળું એક વિશાળ એન્ક્લોઝર એટલે કે પીંજરુ બનાવ્યું. પર્વત પરથી મહામહેનતે અકીકીકીના માળા શોધીને તેના ઇંડા કેન્દ્રમાં ઇન્કયુબેટરમાં સેવ્યાં. આમ આજે ભલે નાનકડું અકીકીકીડુ જંગલમાં ઓછી સંખ્યામાં હોય પણ સંશોધન કેન્દ્રમાં સાચવાઈ રહ્યું છે. વધુમાં 'કાઉઆઈ' પર મચ્છરના વિનાશની યોજનાઓ પણ અમલમાં મુકાઈ હોવાથી રિસર્ચ સેન્ટર સિવાય પણ આપણા અકીકીકીની સંખ્યા કૂદકે અને ભૂસકે વધી રહી છે હો... હવે સમજાયું ને કે એક મચ્છર આદમી કો...

ઊડતી વાત

feedback@bombaysamachar.com
ભરત વૈષ્ણવ

# એક કરોડના ભાવની મીઠાઇ લોન્ચ કરવી છે

ખરા અર્થમાં ચોવીસ કલાક ખણખોદ કરતી 'સબ સે તેજ ખણખોદ, લક્કડખોદ સે તેજ-ઘોરખોદિયા સે તેજ' 'બખડજંતર ચેનલના અવિશ્વસનીય, બિનાધારભૂત, કપોલકલ્પિત અને બેજવાબદાર ખોદી (ત્રિકમ, હળ કે કોદાળી, પાવડાથી સમાચાર ખોદવામાં માહિર હોય તેને ખોદી-ઇન્વેસ્ટિંગ જર્નાલિસ્ટ- મીડિયા કહેવામાં આવે છે. (ઇટસ લેટેસ્ટ ટ્રેન્ડ! ડયુડ યુ ડોન્ટ નો! ભોગ તારા ભોગીલાસ!) જે ભલભલાનું યુરીન (મુતર) ખોદી નાખે છે.) પત્રકાર ગિરધરભાઇ અને કેમેરામેન રાજુ રદ્દી એક સમાચારની ધૂળને ઉજાગર કરવા પ્રવૃત્ત છે. એટલે કે પુસ્તક પર ધૂળ ચડી જાય અને હાથની ઝાપટથી મારે ઝાપટિયા વિના ખંખેરવા હતા ચોપડા જેવું શ્રમદાન કરતા હતા! રાજુ રદ્દી આમરણ કપટિયો, ખાપરો અને ખોડિયો છે! અલાઉદ્દીનનો ચિરાગ ઘસો તો જ જીન પ્રગટ થાય! અમારો રાજુ રદ્દી દીવો ઘસ્યા વિના પણ પ્રગટ થાય! રાજુ અભિમાન, સ્વમાન કે અપમાન પરત્વે હવાકમલવત! આસક્ત યોગી જ સમજો! (અનાસક્ત શબ્દ રાજુના વ્યક્તિત્વ સાથે ગ્રહોની જેમ મેચ થતો નથી!)

તમે અકળાઇ ન જશો. અમને પણ કકળાટ કપૂરની રોનાધોના સિરિયલની માફક પ્રસ્તાવનામાં પંદર એપિસોડ ખેંચવાની સુઆદત છે! દેખતે રહિયે બખડજંતર ચેનલ. કછુઆ સે ભી સ્લો. દુનિયા કે એકમાત્ર સ્લોએસ્ટ ચેનલ! (હા, ભાઇ હા સરકાર કે કોબ્રાથી પણ સુસ્તતમ!)

લો વાંચો અથ થી ઇતિ!

ઢેંનટેંનઢેનટેન! અમે અવાજ કરવામાં માથું કે મોઢું મારતા નથી. આ કામ માટે અર્બન સોરી અર્નબ ગોસ્વામી કે અંજના કશ્યપનો કોન્ટેકટ કરો! એમને જયાં ત્યાં મોં મારવાની સુટેવ છે!

'રાજુ, મેગ્નિફાઇંગ ગ્લાસ લગાવ. જરૂર પડે ટેલિસ્કોપ, પેરિસ્કોપ, બાયોસ્કોપ, માઈક્રોસ્કોપ, સ્ટેસ્થોસ્કોપ લગાડ. રડાર લગાડ. કિન્તુ, પેલી તિલસ્મી કરિશ્માઇ દુકાન શોધ.' મેં કહ્યું.

'કંઇ દેખાતું નથી.' રાજુ રદ્દીએ અકળાઈને કહ્યું. રાજુએ પોતાની આંખને બદલે કેમેરાના લેન્સ પર બિલોરી કાચ લગાડ્યો હતો!

'અરે ડફોળ તારી આંખે બિલોરી કાચ લગાવ.' મેં રાજુ રદ્દીનો કાન આમળતા કહ્યું.

'આ એ જ કોમ્પ્લેકસ છે. જે કોમ્પ્લેકસ હોટ કેક ઓફ ધી ટાઉન બનેલ છે. જયાં અભૂતપૂર્વ અને અશ્રુતપૂર્વ ઐતિહાસિક કીર્તિમાન નોંધાઇ રહ્યો છે. આપણે ચશ્મેદીદ ગવાહ છીએ! જયાં કદી ન સાંભળી હોય તેટલા અધધધધધ ભાવની મોંઘી મીઠાઇ અહીં મળે છે' રાજુએ કેમેરો ગોઠવીને અને 'રોલ' કહેતાં જ મેં આ મુજબ કહ્યું.

'હવે આપણે ટીંચર સ્વિટ માર્ટ પાસે પહોંચી ગયા છીએ. કંજુસ કાકડી જેવા શહેરમાં અડધી પેટી (જો ગેરસમજ ન કરતાં અડધી પેટી એટલે તમે સમજો છો એ પેટીની વાત નથી પ્લીલીઇઇઝ... આપણું સ્ટેટ ડ્રાય સ્ટેટ છે, જયાં અત્ર તત્ર સર્વત્ર મદ્યની રેલમછેલ છે! દારુ ભરેલી પોટલી મને ગમે છે, કારણ જ નહીં આપું. બાટલી મને ગમે છે એમ મનહર ઉધાસ ગઝલમાં કહે છે! અમે અડધો લાખ રૂપિયાની વાત કરીએ છીએ. પિયકકડોની મુશ્કેલી જ આ છે. પિયકકડોનું ચિત્ત બાટલીએ.) એટલે ૫૦,૦૦૦ રૂપિયાની કિંમતની મીઠાઇ વેચાણ માટે મુકાઇ છે.' હું આટલું બોલ્યો. રાજુએ દુકાનનું બોર્ડ, દુકાનનો બહારનો ભાગ, ઊભેલી ભીડ વગેરે વિઝયુઅલ્સ શૂટ કર્યા.

દુકાનની બહાર બે કાઉન્ટર છે. દુકાનની અંદર જવા માટે રજિસ્ટ્રેશન કરવા માટે. તત્કાળ દર્શન માટે રૂપિયા બે હજાર અથવા સો ગ્રામ મીઠાઇની કિંમત પૈકી જે વધુ હોય તે રકમ ભરવાની. અત્રે હપ્તા બપ્તા સિસ્ટમ નથી, કેમ કે આ સરકારી ઑફિસ નથી, જયાં સહનૌભૂકતું સિસ્ટમ અમલમાં હોય! જીએસટી અલગ. જનરલ માટે પચાસ ટકા જીએસટી અલગ! રજિસ્ટ્રેશન કર્યા પછી દુકાનમાં દાખલ થનારના સિકયોરિટી ચેકિંગ માટે બે કેબિનો હતી. મહિલા અને જેન્ટસ. ચેકિંગ પતી જાય કે પ્રાણપ્યારીના દર્શન કરવા માટે પાંચસો રૂપિયા ભરવાના!

અભિમન્યુના કોઠા કે દ્રોપદીના સ્વયંવર માટે ત્રાજવાના પલડામાં ઊભા રહી નીચે પાણીમાં નજર કરી ફરતી માછલીને વીંધવા કરતાં પણ દુષ્કર પ્રક્રિયા સંપન્ન થયા બાદ જયાં પ્રાણપ્યારીની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવેલ હતી તે નિજ મંદિર કે ગર્ભગૃહમાં પ્રવેશ્યા. ચકાચૌંધ રોશની. સિરીઝો લબકઝબક થતી હતી. શિતાગાર જેવી ઠંડક હતી. માનો કે કોઇ ગ્લેશ્યર કે ઉત્તર-દક્ષિણ ધ્રુવ પર એન્ટ્રી લીધી ન હોય! કોઇ હોટલના કપલ રૂમ જેવા ઉત્તેજક રૂમ સ્પ્રેની માદક સુગંધ માશુકાની જેમ આગોશમાં લઇ લેતી હતી!

રૂમની વચ્ચોવચ્ચ નિયોનેટલ કે મેટરનિટી હૉસ્પિટલમાં હોય તેવું ઇન કયુબેટર હતું. જેને દેશી ભાષામાં કાચની પેટી કહેવામાં આવે છે. નવજાત શિશુ માસૂમિયતથી કાચની પેટીમાં એશોઆરામથી પોઢયું હોય અને પરાણે વહાલું લાગે તેમ પ્રાણપ્યારી કાચની પેટીમાં મખમલના કપડાંમાં શોભતી હતી. શિયાળાની ઋતુમાં સવારના સમયે જેમ કોઇ પુષ્પ પર ઔંસબિંદુ હીરાની જેમ પ્રાણપ્યારી ભાસતી હતી. માનો કે સમુદ્રમંથનના અંતે અમ્લાન પંકજ (કદી શરમાય કે કરમાય નહીં તેવું કમળ. અત્રે ગળચટી રાજકીય કલ્પના કરવાની અનર્ગળ છૂટ છે!)

બખડજંતર ચેનલના રીપોર્ટર ગિરધરલાલ ગરબડિયા એટલે કે હું પોતે-સ્વયં, ટીંચર સ્વિટ માર્ટના માલિક લોભશંકર વાલીદ (પિતાજી) ધૂતારા સુખડિયા પાસે પહોંચ્યો. લોભશંકરને સ્વપરિચય આપીને મેં ઇન્ટરવ્યૂ શરૂ કર્યો.

'સાહેબ, આટલી મોંઘી મીઠાઇ બનાવવાથી સામાજિક તુલાના પલડા સરખા કેવી રીતે રહેશે? મીઠાઇ વિહીનોની જઠરાગ્નિ જાગશે તો મીઠાઇમહેલની ભસ્મકણી લાધશે નહીં તેમ કવિ ઉમાશંકર કહી ગયા છે. એની કોમેન્ટસ?' મેં પૂછયું.

'અમે કોરોના પછી લોકોના ઇમોશન, ડિમાંડને ધ્યાને લઇને મીઠાઇ લોંચ કરી છે. સમાજમાં સામાજિક એકતા ફેલાવશે.

અમે દસ ગ્રામના પેકેટમાં પ્રાણપ્યારીના પીસીસ પર બીપીએલ કાર્ડ હોલ્ડરને ૧% ડિસ્કાઉન્ટ આપીશું!' લોભશંકર સુખડિયાએ ડિપ્લોમેટિક જવાબ આપ્યો.

'લોભશંકર, આટલો લોભ સારો કહેવાય? કેસરનો કિલોનો ભાવ પાંચ લાખ રૂપિયા છે. ખાલી કેસરની મીઠાઇ બનાવતા હોવ તો પણ મીઠાઇનો ભાવ જસ્ટીફાય થતો નથી. કાજુ, બદામ, અખરોટ, પિસ્તા દોઢ હજારથી ત્રણ હજાર રૂપિયે મળે છે. સોના ચાંદીનો વરખ લગાડો તો પણ આટલી મોંઘી મિઠાઇ ન બને. થોડી તો શરમ કરો.' મેં મીઠાઇનું ઇનગ્રેડ્યેન્સ શાસ્ત્ર સ્પષ્ટ કર્યું!

'ભાઇ. આ ચિલ્ડ્રનવેર એટલે કે બાળકોના વસ્ત્રો જેવું છે. એમાં કપડાની કવૉલિટી ન જોવાય, પણ બાળકો માટેનો માબાપનો પ્રેમ એન્કેશ કરવાનો હોય. દિવાળીના સપરમા તહેવારમાં પચાસ હજાર રૂપિયાની મીઠાઇ ખરીદો તો તમને કેટલો બધો સેલ્ફ પ્રાઇડ અને સેલ્ફ એસ્ટીમ મળે! રૂપિયા ઇમ્પોર્ટન્ટ છે કે સેલ્ફ એસ્ટીમ? રૂપિયા તો હાથનો મેલ છે. (બંને હાથ ઘસવા છતાં રૂપિયા નામનો મેલ આવતો નથી અને હથેળીમાં લાલ ચકામા પડે છે એ વાત અલગ છે. રૂપિયાને શ્વાન પણ સૂંઘતા નથી. રૂપિયા કાગળના ટુકડા છે. તમે કોલર ઊંચા કરીને પાંચ જણને તમારી સોસાયટીમાં મિઠાઇ ખરીદીની વાત કહો એટલે તમારો રોલો કેટલો વધે!' લોભશંકરે આખી સ્ટ્રેટેજી સમજાવી. ટૂંકમાં દલીલથી બાટલામાં ઉતારી બૂચ લગાવી દીધો!

'તમારું ફયુચર પ્લાનિંગ શું છે?' મેં લોભશંકરને પૂછયું.

'દેશની એકસો બેતાલીસ કરોડ જનતાના આશીર્વાદ અમારા પર રહે અને તમારા જેવા (અકકલમઠા) મીડિયાનો, સરકારી તંત્રનો સહકાર સતત મળતો રહે, મ્યુનિસિપલ કોર્પોરેશન મીઠાઇના નમૂના લે નહીં અને મા ભેળસેળદેવીની અસીમ અને નિસીમ કૃપાદ્રષ્ટિ અને કૃપાવર્ષા અવિરત રહે તો આવતી દિવાળીએ ૧,૦૦,૦૦,૦૦૦/- કિલોના ભાવની મીઠાઇ લોંચ કરવાનો ધાંસુ પ્લાનિંગ છે' લોભશંકરે ઇન્ટરવ્યૂ સમાપ્ત કર્યો.

'હેઅંહેઅં' અમારા મોંઢામાંથી રાડ નીકળી ગઇ. અમારા મોંની ડાકલી ત્યારથી ખૂલી કી ખૂલી ખિડકી બની ગયેલ હૈ!

રાજુના કહેવા મુજબ લોભશંકરની વાત સાંભળી અમને માઇલ્ડ હાર્ટએટેક અને લો બ્રેઇનસ્ટ્રોક (અમારા વિરોધીઓ અમને મગજ અને પાષાણહૃદય માને છે. બ્રેઇનસ્ટ્રોક અને હાર્ટએટેકના માધ્યમથી અમે એમને સનનન સાંઇ જેવો સણસણતો કણસતો જવાબ આપી દીધો છે!) આવી ગયેલો અને ૧૦૮ બોલાવી હૉસ્પિટલમાં આઇસીયુમાં ઇનડોર પેશન્ટ તરીકે એડમિટ કરેલ છે!■

# જાડા કાચના ચશ્મા અને નબળી નજર વચ્ચે આશાના આગિયા ચમકતા હતા




દિપક અને રોમાને નવાઇ લાગી કે પપ્પાએ અત્યાર સુધી ક્યારેય નહીં અને આજે બધાને બોલાવ્યા? રોમા લુચ્ચા સ્મિત સાથે બબડી કે સવારે મેં કિરણભાભી વિશે કરેલા ધડાકાની અસર થઇ લાગે છે.

બન્ને ફ્રેશ થઇને ડિનર ટેબલ પર પહોંચ્યા તો રાજાબાબુ, માલતી અને મમતા હાજર હતા. ત્રણેમાંથી કોઇએ દિપક -રોમા સામે જોયું. થોડા છોભીલા પડીને બન્ને બેસી ગયા. ત્રણ-ચાર મિનિટના મૌન પછી કિરણે દેખા દીધી.

''હાલ આપણી ફેમિલીની હાલત અને એનો લાભ લેવાના હવાતિયા વચ્ચે આ બેઠક બોલાવવા માટે મેં જ બાપુજીને વિનંતી કરી હતી. થેન્કયુ. બાપુજી'' કિરણે શરૂઆત કરી.

કોઇ કંઇ ન બોલ્યું એટલે કિરણ જઇને રાજાબાબુ અને માલતી વચ્ચે ઊભી રહી ગઇ. ''આ હાલતમાં આપણું વર્ણન કેવું રહ્યું. એ મારો સવાલ છે? શરૂઆત મારાથી કરીએ. ઘરની નાની વહુ રોમાને શરમ આવી. બિચારીને મરવા જેવું થયું કે ભાભી કોઇ પરાયા પુરુષને મળે છે. માત્ર ગપગોળા હોય તો સમજયા... મોટી વહુના ફોટા પણ વ્હોટ્સઅપ પર ફરતા થઇ ગયા. તમારી આ સંસ્કારી વહુ વિશે લોકો એને પૂછપૂરછ કરે છે. શું જવાબ આપે એ? આપણે નસીબદાર છીએ કે ઘર, પરિવાર અને આપણી આબરૂ વિશે ફિકર કરનારી વહુ મોના મળી, હવે વાત પરાયા પુરુષને મળવાની. હા, હું વિકાસને મળું છું. શા માટે એ યોગ્ય સમયે કહીશ પણ એમાં પરિવારને જરાય લાછન નહીં લાગે. રહી વાત ફોટાની. આ ફોટા વ્હોટ્સઅપ પર ફરતા થઇ ગયા




છે, પરંતુ એવું નથી જ. માત્ર એક વ્યક્તિએ આ ફોટા રોમાને મોકલ્યા. શા માટે? કારણકે રોમાએ એને મારો પીછો કરવા રોકયો હતો.

રોમાએ ગુસ્સામાં પૂછ્યું, ''પ્લીઝ ભાભી. પોતાના પર આળ આવ્યું તો મને બદનામ ન કરો.''

કિરણ હસી પડી. ''તમે મારી પાછળ કોને રોકયો? એને કેટલી રકમ આપી એ બધી વિગતો મારી પાસે છે. હું ઇચ્છું તો પોલીસમાં ય જઇ શકું. પણ એવું નહીં કરું. મહાજન પરિવારની આબરૂનો સવાલ છે.''

''પ્લીઝ ભાભી, ખોટા દંભ અને નાટક છોડો. તમારી સચ્ચાઇ ઉઘાડી પડી રહી છે...''

''અરે હા. સચ્ચાઇ અને દંભ પરથી યાદ આવ્યું. મારા એક દોસ્તે આપ બન્નેને કફ પરેડના એક આલીશાન બિલ્ડિંગમાં આવતા જોયા હતા. અલબત્ત, એ તમારો પર્સનલ મામલો છે એટલે મારે ન પુછાય. પણ મમતા બહેન તમને ખબર છે કે અજયકુમાર મુંબઇ આવ્યા હતા? બાપુજી આપને જાણ છે કે આપણા હરીફ કરણ રસ્તોગીને કોણ મળવા ગયું હતું? અને પેલા બિઝનેસ કન્સલટન્ટ.... શું નામ એમનું? હા, સમીર પટેલ કેમ આપણી કંપનીમાં રસ લઇ રહ્યો છે?''

દિપક અને રોમા ગુસ્સામાં ઊભા થઇ ગયા. કિરણ મોટા અવાજે બોલી, ''આ રીતે ઊભા થઇને જતા રહેવા સિવાય તમારી પાસે કોઇ જવાબ કે વિકલ્પ નથી, પરંતુ એક વાત સાંભળી લો કે હું ભલે દેખાવમાં, સ્વભાવમાં કેપ્સિકમ જેવી હોઉં પણ મને છંછેડશો તો હું શું બની શકું છું. એની તમે કલ્પના ય નહીં કરી શકો.''

* * *

રાતે લીંબુ-પાણી પીતી વખતે કિરણના ચહેરા પર ગજબની નિરાંત હતી. તેણે વિકાસને ફોન કર્યો. ''ઊંઘી તો નથી ગયા ને?''

''ના. લેપટોપ પર ટાઇમ પાસ કરી રહ્યો છું.''

''તમને ખાસ થેન્કસ કહેવા ફોન કર્યો છે.''

''અચ્છા, એવી ફોર્માલિટી રાખવાની છે. આપણી વચ્ચે?''

''ના.ના. ભાઇ-ભાભીના મોબાઇલ ફોનની હ્યુમેન પરથી આપે જે માહિતી આપી એના ઉપયોગથી એકદમ સોંપો પડી ગયો. એમાં મેં સહેજ મસાલાનો વઘાર કર્યો તો દિપક-રોમાની બોલતી એકદમ બંધ થઇ ગઇ. આપની માહિતી વગર ઘરમાં અને ઑફિસમાં મારી હાલત ખૂબ કફોડી થઇ ગઇ હોત. થેન્ક યુ વેરી મચ.''

''યુ, આર ઑલ્વેઝ વેલકમ. હવે હોટલમાં માર્યા ગયેલા મોટાભાગના નિર્દોષ હોવાનું સાબિત કરવાનો સમય આવી ગયો છે. મેં બધી તૈયારી કરી લીધી છે. એ સમજાવવી છે તો સમય છે?''

''હા. બોલો...'' સામેથી વિકાસ બોલતો ગયો અને કિરણ વધુને વધુ પ્રભાવિત અને ખુશ થતી રહી. એને થયું કે વિકાસે ગજબનાક મહેનત કરી છે. વાત પતી એટલે એને બગાસું આવ્યું, બન્નેએ 'ગુડ નાઇટ' કહીને ફોન મૂકયા, ત્યાં કિરણને મોહનકાકુનો ફોન આવ્યો. ''બેટા, પેલા આર્ટવર્ક તૈયાર થઇ ગયા છે. કાલે અનુકૂળ હોય ત્યારે જોવા જઇએ?''

કિરણે હા પાડી એ હળવેકથી પથારીમાં આડી પડી. આજે પહેલીવાર એને આકાશના વિચાર ન આવ્યા, ને ઝડપથી ઊંઘ આવી.

* * *

ડૉ. સલીમ મુઝફફરની એક સારી કે ખરાબ આદત એ કે તેઓ કોઇ કામ ક્યારેય અધૂરું ન મૂકે. એમાં ય આ તો પરમવીર બત્રાની વિનંતી હતી. એ બત્રા કે જેણે ઇંગ્લેન્ડમાં ખોટા કેસમાં પકડાયેલા પોતાના દિકરાને મદદ કરી હતી. ને એકવાર શકમંદ આતંકવાદી તરીકે પોલીસના તાબામાં ગયેલા ખાસ દોસ્તને નિર્દોષ છોડાવ્યો હતો.

અત્યારસુધીના વાંચનનું સંશોધન અને અભ્યાસ પરથી એમને લાગ્યું કે મરાઠા સામ્રાજયના અને ખાસ તો છત્રપતિ શિવાજી મહારાજના સંઘર્ષ અને શાસનકાળમાં ઊંડા ઉતરવાથી તોપચી અબ્દુલ્લા હમીદુલ્લા ગુલાબ વિશે કદાચ માહિતી મળી શકે. આ માટે તેમણે જે લાઇબ્રેરીમાં મળે ત્યાં જઇને મરાઠા સામ્રાજય પર વધુને વધુ લખનારા જેમ્સ ગ્રાંટ ડફ, ડેનિસ કિનકેડ, સ્ટીવર્ટ એન. ગોર્ડનના પુસ્તક અને અભ્યાસ પત્રો ખંખોળવાનું શરૂ કરી દીધું. આ વિષય પર વધુ એક નામ સામે ગોવિંદ સખારામ સરદેસાઇ.

ડૉ. સલીમ મુઝફફરનો મુરુડ બ્લાસ્ટ્સ કેસ, પોલીસની ખાસ કે એટીએસની કામગીરી સાથે સંબંધ નહોતો. તેમની એક માત્ર નિસ્બત ભારતીય તરીકે સચ્ચાઇને બહાર લાવવા અને સન્મિત્ર પરમવીર બત્રાનો ઉપકાર ફેંદવા માટે શકય એટલા સંનિષ્ઠ પ્રયાસ કરી છૂટવાની હતી.

એમના આ પ્રયાસ અદ્‌ભુત રંગ લાવવાના હતા. પણ વિસરાયેલા અતીત થકી વર્તમાનને લોહિયાળ બનતો રોકી શકશે ખરા આ નેક બંદા? એમની ઝાંખી પડતી નજર અને જાડા કાચના ચશ્મા વચ્ચે આશા ક્યાંક આગિયાની માફક ઝબુકઝબુક થતી હતી.

* * *

મુરુડ પોલીસ સ્ટેશનના ઇનચાર્જ ઇન્સ્પેક્ટર પ્રશાંત ગોડબોલે બરાબરના સોલોમન, પવલા અને પ્રસાદ રાવની શોધખોળમાં મચી પડયા બતા. નીચલા સ્તરે બધે સત્તાવાર માહિતી પહોંચાડયા બાદ તેઓ શક્ય એટલા પોલીસ સ્ટેશનમાં પોતે ફોન કરીને પૂછપરછ કરતા હતા. ખબરીઓને ઢંઢોળતા હતા, પાનો ચડાવતા રહેતા હતા.

શક્ય છે કે ત્રણેય મુરુડ તો ઠીક અલીબાગ છોડીને ય ભાગી છૂટયા હોય. કદાચ બીજા રાજ્ય કે દેશમાં પહોંચી ગયા હોય, પરંતુ મન માનતુ નહોતું, હોય ન હોય આ ત્રિપુટી બહુ દૂર નહીં ગઇ હોય. શા માટે? આ પ્રશ્નનો જવાબ તેમની આંતઃસ્ફૂરણા

(જુઓ પાનું ૬) ▶▶

---

સ્થાપત્યનું વાઈ-ફાઈ
feedback@bombaysamachar.com
હેમંત વાળા

# સ્થાપત્યનું મૂલ્યાંકન







આમ તો પીઝાનો ઢળતો મિનારો પણ સ્થાપત્યની નિષ્ફળતાનો નમૂનો છે, પણ તે જે રીતે ટકી ગયો છે તેનાથી તે સીમાચિહ્ન બની ગયો. જિંદગીનું અને સ્થાપત્યનું આ એક કડવું સત્ય છે.

સ્થાપત્યની સફળતા અને નિષ્ફળતાનો માત્ર એક માપદંડ છે. સ્થાપત્યની રચના પૂર્ણ નિર્ધારિત હેતુ અનુસાર કરાય છે. આ હેતુ પાછળ કેટલીક પૂર્વધારણાઓ હોય છે, જેને આધારે અગ્રતાક્રમ નક્કી થાય છે. કોઈપણ મકાનની રચનામાં સૌથી વધારે શેનું ધ્યાન રાખવાનું, તેના પછી કઈ બાબત અગત્યની છે, ત્યારબાદ શેને પ્રાધાન્ય આપવાનું છે અને અંતે કઈ કઈ બાબતોની ગણના ગૌણ બની રહેશે - આ બધાને આધારે સ્થાપત્યનું મૂલ્યાંકન થાય.

બની શકે કે કેટલાક મકાનમાં કિંમતનું નિયંત્રણ સૌથી વધારે મહત્વનું હોય તો અન્ય કોઈક પરિસ્થિતિમાં પ્રતિકાત્મક દેખાવને મહત્ત્વ આપવાનું હોય. મકાનની રચનામાં ક્યારેક કાર્યક્ષમતા સૌથી મહત્ત્વની બાબત બની રહે તો ક્યારેક મકાનના વિવિધ ભાગો સાથેની સંભવિત તાદાત્મ્યતાને વધુ મહત્ત્વ આપવું પડે. કેટલાક મકાનોમાં અનૌપચારિક બાબતો તો કેટલાક મકાનમાં ઔપચારિકતા વધારે ઇચ્છનીય હોય. મકાનની રચના નિર્ધારિત કરતા પહેલા એક અગ્રતાક્રમ નક્કી કરવો પડે. આવી ઇચ્છિત અગ્રતાવાળી બાબતોની અગ્રતા ચોક્કસ ક્રમમાં ગોઠવી તેના મહત્ત્વ પ્રમાણે તેના ગુણાંક નક્કી કરવા પડે. પછી આ ગુણાંક સાથે મકાન ઉપયોગીતામાં આવ્યા પછીની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું પડે. અંતે નક્કી થાય કે મકાન કેટલું સફળ રહ્યું કે કેટલું નિષ્ફળ.

આવી ગણતરી એટલી સહજતાથી શક્ય નથી. આ કંઈ ગણિતનો દાખલો નથી કે જેમાં પાંચ અને પાંચનો સરવાળો દશ થાય. સ્થાપત્યના મૂલ્યાંકનની આવી ગણતરી મહદઅંશે બિન-યથાર્થ ગણાય છે. પણ સંભાવનાઓ છે. મૂલ્યાંકન માટે ઉપયોગકર્તા વ્યક્તિસમૂહનો વૈજ્ઞાનિક ઢબે અભિપ્રાય લઈ શકાય. પરોક્ષ તથા પ્રત્યક્ષ અવલોકનથી પણ ચોક્કસ પ્રકારની માહિતી ભેગી કરી તેના આધારે નિર્ણય લઈ શકાય. માનસિક મેપિંગ - આલેખનથી પણ અમુક માહિતી એકત્રિત થઈ શકે. જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા પ્રકારના કાર્યમાં સંમિલિત કરી તેમના પ્રતિભાવ તથા પ્રતિક્રિયાઓ સમજી તેને આધારે પણ કેટલાક નિર્ણયો લઈ શકાય. અને આ બધું વૈજ્ઞાનિક ધોરણે થાય તે પણ શક્ય છે.

પ્રશ્ન એ છે કે સ્થપતિઓ પોતાના મકાનના આવા મૂલ્યાંકન માટે તૈયાર થાય? સ્થાપત્યની તકલીફ એ છે કે સમય પ્રમાણે તેને કળામાં તો ક્યારેક વિજ્ઞાનમાં પ્રસ્થાપિત કરી દેવાય છે. કળાની બાબત જ્યાં ટૂંકી પડે ત્યાં વિજ્ઞાનની વાતો થાય અને વિજ્ઞાનમાં જ્યાં ખોટ વર્તાય ત્યાં કળાના ગુણગાન ગવાય. આમ પણ સ્થાપત્યને અસર કરતા પરિબળોની સૂચિ એટલી લાંબી છે કે ક્યાંક ને ક્યાંક તો કોઈક ને કોઈક બાબતે તો હકારાત્મકતા દેખાઈ જ આવે. આવા સંજોગોમાં તટસ્થતાથી મૂલ્યાંકન કરવું અઘરું બની રહે. પણ સ્થાપત્યને અસર કરતાં પરિબળોને પણ એક ચોક્કસ અગ્રતાક્રમમાં સૂચિત કરી શકાય. આ અગ્રતાક્રમને અનુલક્ષીને જુદી જુદી બાબતને વધુ કે ઓછા ગુણાંક આપી શકાય અને તે પ્રમાણે મકાનનું મૂલ્યાંકન પણ થઈ શકે. આની માટે એક વ્યવસ્થિત માળખું બનાવવું પડે.

સ્થાપત્યમાં પોસ્ટ ઓક્યુપન્સી ઈવેલ્યુએશનની વાતો થતી હોય છે. આમાં મકાન ઉપયોગમાં આવ્યા પછી ચોક્કસ સમયગાળામાં તેના પ્રત્યેના પ્રતિભાવો તથા મંતવ્યોની સૂચિ તૈયાર કરી તેને આધારે મૂલ્યાંકન કરાય છે. આ બધી પ્રક્રિયામાં ક્યાંક વૈજ્ઞાનિક અભિગમ જરૂરી છે.

સ્થાપત્યમાં શું સારું, શું સ્વીકારવા જેવું, શું આગળ વધારવા જેવું તથા શું આદર્શ તરીકે સ્થાપવા જેવું છે - તે બાબતે આજે પણ ઘણી અસમંજસતા પ્રવર્તે છે. સ્થાપત્યનો ઇતિહાસ જોતાં જણાશે કે એવી ઘણી બાબતો વધારે પડતી ચગાવાઈ ગઈ છે કે જેની માટે ઘણા પ્રશ્નો શરૂઆતથી જ પૂછાતા રહ્યા છે - જેનો જવાબ આજની તારીખ સુધી નથી મળ્યો. સ્થાપત્યમાં વિચિત્ર બાબતોને સર્જનાત્મકતાની સ્વતંત્રતાના નામે ચલાવી લેવાય છે. અહીં અસાંદર્ભિક બાબતોને પણ વધારાનું સ્થાન મળી રહે છે. માત્ર દેખાડા માટે પ્રયોજાતો દંભ પણ એક નવીનતા તરીકે ચાલી જાય છે. જે બે બાબતો વચ્ચે કોઈપણ પ્રકારનું સમીકરણ શક્ય ન હોય ત્યાં પણ જાતજાતના તર્ક ઊભા કરાય છે. ચીલાચાલુ રચનાને પણ નવીનતાના નામે બજારમાં મૂકવામાં આવે છે. બીબાઢાળ રચનાને પણ વૈવિધ્યસભર સર્જન તરીકે સ્થાપિત કરવામાં આવે છે. મૂલ્યાંકન જરૂરી છે અને આવા મૂલ્યાંકન માટે સર્વ સ્વીકૃત પદ્ધતિ અસ્તિત્વમાં આવે તે ઇચ્છનીય છે.

આજના ઝડપી યુગમાં જે ઝડપે સ્થાપત્યના વિવિધ પરિમાણો બદલાય છે તે જોતાં એમ ચોક્કસ કહી શકાય કે ક્યાંક ન્યૂનતમ ગુણવત્તા જળવાઈ રહે તે જરૂરી છે. આવી ગુણવત્તા ત્યારે જ જળવાઈ રહે જ્યારે સમાજને ગુણવત્તા સભર સ્થાપત્ય કેવું હોય તેની પ્રતીતિ થાય. જ્યારે સમાજને ખબર પડે કે શું ઇચ્છનીય છે અને શેની માટે પ્રશ્નો પૂછવા જરૂરી છે ત્યારે ગુણવત્તાની ખાતરી થતી જાય. આ માટે એક સભાનતાપૂર્વકનો પ્રયત્ન જરૂરી છે અને જેમાં બધી જ વ્યવસાયિક સંસ્થાઓ સંમિલિત થાય તે ઇચ્છનીય છે.

શક્ય તો છે જ, સમાજ અને સ્થાપત્તિઓએ તૈયાર રહેવું પડે. સારા મકાનની વ્યાખ્યા તો બાંધી જ શકાય, તે માટે શૈક્ષણિક માર્ગદર્શન પણ જરૂરી છે. સ્થાપત્યના ક્ષેત્રમાં આમ પણ તટસ્થ વિવેચન ભાગ્યે જ જોવા મળે છે. આંકડાકીય દૃષ્ટિએ નહીં તો ગુણાત્મકતાને આધારે પણ જો તટસ્થ મૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ થાય તો સ્થાપત્ય નવી ઊંચાઈઓને પામશે. નહીંતર માત્ર મકાનો ઊંચા થશે પણ માનવ જીવનની ગુણવત્તાને અસર કરતી સ્થાપત્યની બાબતો ત્યાંની ત્યાં જ રહી જશે. ■

---

ઝાકળની પ્યાલી
feedback@bombaysamachar.com
ડૉ. એસ. એસ. રાહી

# જિસ ને હમ સે આશાઓં કા ઝરના છીન લિયા, આઓ ગિરા દેં મિલકર હમ પત્થર કી દીવાર

***રાત અંધેરી દૂર સવેરા ફિર ભી ઉડતા જાઉં,***
***મન કે પાગલ પંછી કો હૈ તેરે મિલન કી આસ.***

*

***કોઈ નહીં જો મુઝ સે બસ મુઝ સે હી પ્યાર કરે,***
***સબ હરજાઈ, સબ મતવાલે, સબ કો અપની પ્યાસ.***


*

***જબ સે તેરે હોટોં કી પંખડિયાં ચુપ-ચુપ હૈં,***
***મેરી ધડકન સુન લેતી હૈ બેઅવાઝ પુકાર.***

*

***કુછ મેરે ધડકતે હુવે દિલ ને ભી પુકારા,***
***કુછ આપ કો બાઝાર મેં ધોખા ભી હુવા હૈ.***
***- જાઝિબ કુરૈશી***

જાઝિબ કુરૈશીનું મૂળ નામ મુહમ્મદ સાબિર હતું. ૬ ઑગસ્ટ, ૧૯૪૦ના રોજ કલકત્તામાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા કલકત્તાના ગવર્મેન્ટ પ્રેસમાં સુપરવાઈઝર હતા. તેમને ગળાનું કેન્સર હોવાથી લખનૌ અને પટણામાં તેમને સારવાર અપાઈ હતી. પરંતુ તેઓ બચી શક્યા ન્હોતા. પિતાના અવસાન પછી જાઝિબે લખનૌમાં સ્થળાંતર કર્યું હતું. જાઝિબ અને તેમના ભાઈ બીબાં ઢાળવાના કામમાં જોડાઈ ગયા હતા. જૂના કારીગરોની તુલનામાં બંને ભાઈઓ સારું કમાવા લાગ્યા હતા. એક દિવસ જાઝિબના આત્માએ ઢંઢોળીને કહ્યું,: ''આ જિંદગી તારી નથી. તું આગળ ભણ. તું કોઈ એવું કામ કર કે જે તારા ગયા પછી પણ લોકો તને યાદ કરે.''



૧૯૫૦ની સાલમાં તેમનું કુટુંબ લાહોર જઈને વસી ગયું હતું. ૧૯૫૩માં તેમણે શાયરી લખવાનો આરંભ કર્યો હતો. આ શાયર દિવસમાં પ્રેસમાં કામ કરતા અને તેમની રાત્રિ ગઝલ સર્જનમાં પસાર થતી હતી. દરમિયાન આ શાયર શાકિર દેહલવી નામના એક બુઝુર્ગ શાયર પાસે તેમની ગઝલો સુધરાવતા હતા. જાઝિબે સાંજની શાળામાં ફરીથી ભણવાનું શરૂ કર્યું હતું. અનેક વિઘ્નો વચ્ચે છેવટે તેમણે એમ.એ.ની ડિગ્રી મેળવી લીધી હતી.

જાઝિબને રોજગારી માટે જાતજાતના કામ કરવા પડ્યા હતા. તેમણે જનરલ સ્ટોર ખોલ્યો હતો, 'નકશ' નામના ડાઈજેસ્ટમાં પટ્ટાવાળાની નોકરી કરી હતી, 'પત્થર કે સનમ' નામની ફિલ્મનું નિર્માણ પણ કર્યું હતું. જેમાં તેમને ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. આ શાયરને અનેક ઠોકરો ખાધા બાદ ફરીથી એહસાસ થયો હતો કે તેમની જિંદગીનો હેતુ શાયરી રચવાનો છે. આથી ફરીથી તેઓ શાયરીની દુનિયામાં પાછા ફર્યા હતા.

'પહચાન', 'શનાસાઈ' અને 'શીશે કા દરખ'માં તેમની ગઝલો તથા 'શાઈરી ઔર તેહઝીબ' અને 'મૈંને યે જાના'માં તેમના લેખો ગ્રંથસ્થ થયેલ છે. તેમની શાયરીની સૃષ્ટિમાં હવે ડોકિયું કરીએ.

**** વો આઈના હૈ ન વો અક્સ હૈ ન વો ચેહરા,***
***યે ક્યા હુવા મેરા કોઈ નિશાં નહીં મુઝ મેં.***

ન દર્પણ છે, ન પ્રતિબિંબ છે, ન તો ચ્હેરો છે. મારામાં મારી જ ઓળખાણની કોઈ નિશાની રહી નથી એવું કેમ થયું?

**** કિસી કી આંખો ને મેરે અક્સ પહન રકખે હૈં,***
***ખુદ સે મિલના હો તો ઉસ શખ્સ કે ઘર જાતા હૂં.***

કોની આંખોએ મારું પ્રતિબિંબ પ્હેરી રાખ્યું છે? મારી મારી જાતને મળવું હોય તો મારે તે વ્યક્તિના ઘેર જવું પડે છે!

**** કિસી ને મુઝ કો બહુત દૂર સે પુકારા હૈ,***
***વો આપ હી તો નહીં હૈ, ઝરા બતા દીજે.***

કોઈએ મને ખૂબ દૂરથી બોલાવ્યો છે. મને જરાર એ તે કહો કે તે તમે તો નથી ને!

**** દીવાર આઈને કી હૈ, શીશે કા બામો-દર,***
***લેકિન ગુબાર ઉઠતા હૈ મેરે મકાન સે.***

અરીસાની ભીંત છે અને કાચના બારી-બારણાં છે છતાં મારા મકાનમાંથી આ શેની ધૂળ ઊડી રહી છે!

**** વો અપને ઘર મેં ઉજાલા ન કર સકા 'જાઝિબ',***
***તમામ રાત જો સૂરજ કે ખ્વાબ દિખતા થા.***

એ 'જાઝિબ'! જે આખી રાત સૂરજનું સ્વપ્નું જોતો હતો તે માણસની કેવી મજબૂરી હશે?

**** શિકસ્તા અક્સ થા વો યા ગુબારે-સહરા થા,***
***વો મૈં નહીં થા જો ખુદ અપને ઘર મેં રહતા થા.***

તે કોઈ ખંડિત પ્રતિબિંબ હતું અથવા તો રણની રજોટી હતી. હું ભલે મારા પોતાના ઘરમાં રહેતો હતો, પણ તે હું ન્હોતો.

**** મેરા ઘર બટ ગયા પરછાઈયોં મેં,***
***કોઈ સૂરજ ન ઉતરા આસમા સેં,***

મારું ઘર તો પડછાયાઓમાં જ વ્હેંચાઈ ગયું. મારી મદદ કરવા માટે આકાશમાંથી કેમ સૂર્ય આવ્યો નહીં?

**** ન જાને કૌન સે મૌસમ મેં જી રહા થા મૈં,***
***કિ મેરી પ્યાસ થી મેરી ન મેરા દરિયા થા.***

હું કંઈ ઋતુમાં જીવી રહ્યો હતો તેનું મને ભાન ન્હોતું. કેમ કે તે તરસ મારી ન્હોતી કે તે નદી પણ મારી ક્યાં હતી!

**** દુઆ માંગી થી કિસને બારિશોં કી,***
***કિ દરિયા આ મિલા મેરે મકાં સે.***

વરસાદ માટે કોણે પ્રાર્થના કરી હતી? જુઓ તો ખરા કે નદી છેક મારા ઘર સુધી આવી ગઈ!

**** તેરી ખુશ્બૂ મેં જલના ચાહતા હૂં,***
***મૈં પત્થર હૂં પિઘલના ચાહતા હૂં.***

તારી સુગંધમાં હું બળી જવા માગું છું અને હું પથ્થર છું માટે તો પીગળવા ઈચ્છું છું.

**** અગર સૂરજ નહીં હૂં મૈં તો ફિર ક્યૂં!***
***અંધેરોં સે નિકલના ચાહતા હૂં!***

જો હું સૂર્ય નથી તો પછી શા માટે હું અંધકારમાંથી બહાર નીકળવા ઝંખુ છું?

**** ખયાલ-ઓ-ખ્વાબ કે સબ ઘર જલા કર,***
***બદન કી સમ્ત ચલના ચાહતા હૂં.***

વિચારો અને સ્વપ્નોની દુનિયાને બાળીને હું શરીરની દિશામાં ચાલવા માગું છું. ચિંતનાત્મક કોટિનો આ શે'ર ભાવકોને અલગ દુનિયામાં વિહાર કરાવે છે.

**** ઝુલ્ફો-લબો-રૂખસાર કે આઝર તો બહોત હૈ,***
***ટૂટે હુવે ખ્વાબોં કા મસીહા નહીં મિલતા.***

વાળ, હોઠ અને કપાળના શિલ્પી તો ઘણા મળી આવે છે. પણ તૂટેલાં સ્વપ્નાંઓના કોઈ ઉદ્ધારક મળતા નથી.

**** તેરી શર્માહટ કી કલિયાં, મેરે પ્યાર કે બોલ,***
***સંગદિલોં કી બસ્તી મેં આ કર દોનો ઘબરાયે.***

તારી લાજ-શરમની કળીઓ અને મારા પ્રેમના શબ્દો- આ પથ્થર-હૃદય ધરાવતી આબાદીમાં આવીને બંને ગભરાઈ ગયા.

**** તેરે ખયાલો-ખ્વાબ મેં ઇક ઉમ્ર કટ ગઈ,***
***જો રાસ્તે કઠિન થે વો આસાન હો ગયે.***

તારા વિચારો અને સ્વપ્નામાં રહીને એક ઉંમર (વય) પસાર થઈ ગઈ. જે માર્ગો મુશ્કેલ હતા તે પણ સરળ થઈ ગયા.

****તેરે મેરે બીચ ખડી હૈ દુનિયા કી દીવાર,***
***કોઈ કબ તક આઈને કો પથ્થર સે ટકરાયે.***

તારી અને મારી વચ્ચે દુનિયા નામની ભીંત ઊભી છે. આમ પણ કોઈ અરીસાને ક્યાં સુધી પથ્થર સાથે ટકરાવી શકે?

**** શાઈર કે ખ્વાબ હોં કે મુસવ્વિર કે રંગ હોં,***
***તુઝ સે મિલે તો હુસ્ન કા ઇમકાન હો ગયે.***

કવિનું સ્વપ્નું હોય કે ચિત્રકારના રંગ હોય. તારી પાસે આ બધું પ્હોંચે છે તે પછી સૌંદર્ય ફેલાઈ જતું હોય છે.

**** ચાહત કે રસ્તોં મેં મુઝ કો હાર મિલે કે જીત,***
***એક જાની-પહચાની સૂરત મુઝે બુલાયે હૈ.***

પ્રેમના રસ્તા પર મને વિજય મળે કે પરાજય મળે તેથી શો ફરક પડે છે! જુઓ તો ખરા કે એક પરિચિત ચ્હેરો મને બોલાવી રહ્યો છે.

**** ક્યૂં માંગ રહે હો કિસી બારિશર કી દુઆએં,***
***તુમ અપને શિકસ્તા દર-ઓ-દીવાર તો દેખો.***

(જુઓ પાનું ૬) ▶▶

ડેવલપરોને મળી દિવાળી ગિફ્ટ

# મુંબઈ મનપાએ ડિફેન્સ લેન્ડની જમીનની આસપાસ વિકાસને મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડિફેન્સ લેન્ડની આસપાસની જમીનના અટકી પડેલા વિકાસને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા શુક્રવારે મોટી દિવાળી ગિફ્ટ આપતાં ડિફેન્સની જગ્યાની આસપાસ ૫૦૦ મીટર સુધીની જે વિકાસ કામો પર મર્યાદા હતી તેને ઉઠાવી લીધી છે અને હવે ડિફેન્સની એનઓસી લેવાનું આવશ્યક ન હોવાનું જણાવ્યું હોવાથી મલાડ, કાંદિવલી, ઘાટકોપર, ટ્રોમ્બે વગેરે વિસ્તારના અનેક પ્રોજેક્ટ આડેનો અવરોધ દૂર થયો છે.

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા શુક્રવારે બહાર પાડવામાં આવેલા સરક્યુલર નં. ૧૧૧૨૫માં જણાવ્યા મુજબ ડિફેન્સની જમીનની આસપાસ ૫૦૦ મીટર સુધીના બફર ઝોનમાં આવેલા પ્રોજેક્ટ માટે ડીપી-૧૯૯૧ મુજબ રાખવામાં આવેલી એનઓસીની શરત રદ કરવામાં આવી છે. અત્યારે ડીપી-૧૯૯૧ મુજબ પાંચસો મીટરના બફર ઝોનમાં કોઈપણ પ્રકારના વિકાસ કામ માટે એનઓસી આપવું આવશ્યક છે. અહીં ઉલ્લેખનીય છે કે ૨૦૧૬થી અત્યાર સુધીમાં અનેક વખત ડિફેન્સ દ્વારા એનઓસી નકારી કાઢવામાં આવ્યા છે.

આ પહેલાં ૨૩-૧૨-૨૦૨૨ના રોજ ડિફેન્સ લેન્ડની જમીનની ૫૦ મીટરમાં આવતા બાંધકામ માટેના સરક્યુલરને ૨૩-૦૭-૨૦૨૩ના સરક્યુલરને સ્થગિત કરી નાખવામાં આવ્યો હોવાથી અત્યારના તબક્કે આ સરક્યુલર લાગુ થતો નથી.

આવી જ રીતે નગરવિકાસ ખાતા દ્વારા ત્રીજી નવેમ્બરે મુંબઈ મનપાના કમિશનરને મોકલવામાં આવેલા સરક્યુલરમાં કાંદિવલી અને મલાડના સેન્ટ્રલ ઓર્ડિનન્સ ડેપોની આસપાસની જગ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવા છતાં આખા મુંબઈને માટે લાગુ પડે છે અને તેને આધારે ઘાટકોપરમાં આવેલા મટેરિયલ ઓર્ગેનાઈઝેશન ડેપોને પણ આ મંજૂરી લાગુ પડે છે.

આ બાબતનો ઉલ્લેખ કરીને આ સરક્યુલરમાં જણાવવામાં આવ્યું છે કે મુંબઈમાં આવેલા ડિફેન્સના સંસ્થાનોની આસપાસના ૫૦૦ મીટરના બફર ઝોનમાં આવતા વિકાસ કામોને માટે હવે કોઈપણ પ્રકારની એનઓસીની આવશ્યકતા નથી અને આ બાબત ઘાટકોપર માટે પણ લાગુ પડે છે.

ઘાટકોપરમાં અગાઉ એનઓસી નકારવામાં આવી હોય અથવા તો સ્ટોપ વર્કની નોટિસ આપવામાં આવી હોય તેને પણ હવે પરવાનગી આપવામાં આવશે.

કમિશનર ઈકબાલ સિંહ ચહલે ૧૦-૧૧-૨૦૨૩ના રોજ આ સરક્યુલર પર કરેલી ટિપ્પણીમાં સ્પષ્ટ કર્યું છે કે જે પ્રકરણો અત્યારે સુપ્રીમ કોર્ટમાં પડતર છે તેમના કિસ્સામાં લો ઓફિસર સાથે ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે. બાકીના કિસ્સામાં હવે ડિફેન્સની જમીનની આસપાસના ૫૦૦ મીટરના બફર ઝોનમાં એનઓસીની પરવાનગી આવશ્યક ન હોવાનું જણાવવામાં આવ્યું છે.

### શું થશે ફાયદો?

મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં અનેક બાંધકામો ડિફેન્સની એનઓસીને કારણે રખડી પડ્યા છે. હવે એનઓસીની શરત દૂર કરવામાં આવી હોવાથી આ વિસ્તારોમાં ડેવલપમેન્ટને મંજૂરી મળી જશે અને તેને કારણે મોટું લેન્ડ પાર્સલ હવે ડેવલપરોને ઉપલબ્ધ થશે. આને કારણે મુંબઈમાં આગામી વર્ષોમાં મોટા પ્રમાણમાં ઘરો ઉપલબ્ધ થઈ શકશે.

### લોકોને શું ફાયદો?

મુંબઈમાં ડિફેન્સ લેન્ડની એનઓસીને કારણે અનેક બાંધકામો રખડી પડ્યા છે. ખાસ કરીને ઘાટકોપરમાં અનેક જૂની ઈમારતોનું રિડેવલપમેન્ટ એનઓસીને કારણે રખડી પડ્યું છે. કેટલેક સ્થળે તો જૂની ઈમારત તોડી નાખવામાં આવી છે અને રહેવાસીઓ રિડેવલપમેન્ટની રાહ જોઈ રહ્યા છે. આ બધા રિડેવલપમેન્ટના કામ હવે આગળ વધી શકશે અને વર્ષોથી પોતાના ઘરની રાહ જોઈ રહેલા હજારો લોકોના સપનાં પૂરા થશે.

# ‘મુંબઈને દિલ્હી ન બનાવો’ ત્રણ નહીં, ફક્ત બે કલાક

## ફટાકડા ફોડવા માટે હાઈકોર્ટનો આદેશ કાટમાળના પરિવહન પર પણ ૧૯મી સુધી પ્રતિબંધ યથાવત્

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે રાત્રે આઠ થી ૧૦ વાગ્યાની વચ્ચે જ ફટાકડા ફોડવાની મંજુરી આપી છે અને કહ્યું છે કે પ્રદૂષણના મામલે મુંબઈ દિલ્હી ન બનવું જોઈએ. મુંબઈ સહિત એમએમઆર વિસ્તારમાં દિવાળી દરમિયાન રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી માત્ર બે કલાક માટે ફટાકડા ફોડવાની પરવાનગી હશે, ત્રણ કલાક માટે નહીં.

બાંધકામ સ્થળોએથી કાટમાળના પરિવહન પર ૧૯ નવેમ્બર સુધી પ્રતિબંધ યથાવત્ છે. પાલિકા દ્વારા પ્રતિબંધ હટાવવાની માગને ફગાવી દેવામાં આવી હતી. કોર્ટે એમ પણ કહ્યું છે કે પ્રદૂષણ ઘટાડવા માટે મહાનગરપાલિકા દ્વારા માર્ચ ૨૦૨૩માં જાહેર કરાયેલા નિયમોનો કડકપણે અમલ કરવામાં આવશે.

### સ્પેશિયલ કમિટીની નિમણૂક કરી

વાયુ પ્રદૂષણ માટે જવાબદાર ચોક્કસ કારણો શું છે? આના અભ્યાસ માટે હાઈ કોર્ટે એક સમિતિની નિમણૂક કરી છે. કમિટી દર અઠવાડિયે કોર્ટમાં રિપોર્ટ રજૂ કરશે. તેમજ, એમએમઆર વિસ્તારની તમામ નગરપાલિકાઓની સમિતિ, આયોજન પ્રણાલીને દૈનિક પ્રગતિ અહેવાલો સબમિટ કરવામાં આવશે. આ અંગે કોર્ટે સ્પષ્ટતા પણ કરી છે. સત્તાવાળાઓએ એકસાથે આવવાની જરૂર છે અને બગડતી હવાની ગુણવત્તાની સ્થિતિને પહોંચી વળવા પગલાં ભરવાની જરૂર છે. બધું કાગળ પર છે; પરંતુ વાસ્તવિકતા જુદી છે, એમ કોર્ટે જણાવ્યું હતું. સત્તાધીશોના ઇરાદા પર અમને શંકા નથી. જો કે, કોર્ટેકહ્યું કે એ પણ સાચું છે કે કાર્યવાહી નથી થઈ રહી. જો કે એક્શન પ્લાન અને અન્ય માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે, કોર્ટે નોંધ્યું છે કે નબળા અથવા અપૂરતા અમલીકરણને કારણે હવાની ગુણવત્તા નબળી છે.

# કોરોના કાળ જેવો જ સહયોગ અપેક્ષિતઃ પાલિકા કમિશનર

## હવામાનમાં થતા ફેરફારને કારણે ઍર પૉલ્યુશન વધી ગયું છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં પ્રદૂષણનું પ્રમાણ ઘટાડવાના પ્રયાસરૂપે દિવાળીના તહેવારમાં ફટાકડા ફોડવાનો સમય ઘટાડી નાખવામાં આવ્યો છે. દિવાળીમાં હવે રાતના ફક્ત બે કલાક જ ફટાકડા ફોડી શકાશે. અગાઉ સાતથી દસ વાગ્યા સુધી ફટાકડા ફોડવાની મંજૂરી હતી, તે સમયમાં હાઈ કોર્ટે ઘટાડો કરી નાંખ્યો છે અને હવે રાતના ફક્ત આઠથી દસ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે.

હવામાનમાં થતા ફેરફારને કારણે ઍર પૉલ્યુશન વધી ગયું છે, તેને ધ્યાનમાં રાખીને તેના પર નિયંત્રણ લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા આકરી ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી છે, તેના ભાગરૂપે દિવાળીના તહેવારમાં રાતના ફક્ત આઠથી દસ વાગ્યા સુધીના સમયગાળામાં જ ફટાકડા ફોડી શકાશે. શુક્રવારે મુંબઈ હાઈ કોર્ટે તે મુજબનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટેના આદેશનું પાલન તમામ મુંબઈગરાએ કરવું અને ઓછામાં ઓછું વાયુ અને ધ્વની પ્રદૂષણ કરનારા ફટાકડા ફોડવા એવી અપીલ પાલિકા કમિશનર અને પ્રશાસક ડૉ. ઈકબાલસિંહચહલે કરી હતી.મુંબઈ સહિત આજુબાજુના વિસ્તારમાં ફટાકડા ફોડવાના સમય પરનો પ્રતિબંધ હાઈ કોર્ટે વધારી દીધો છે. હવે ફક્ત રાતના આઠથી દસ વાગ્યા સુધીના સમયમાં ફટાકડા ફોડી શકાશે, તે પણ ઓછું પ્રદૂષણ કરનારા ફટાકડા જ ફોડવાના રહેશે. મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રદૂષણના મુદ્દા પર હાઈ કોર્ટમાં સુનાવણી થઈ હતી. હવાની ગુણવત્તા સુધરી નહીં તો દિવાળીના તહેવારમાં મુંબઈમાં બાંધકામ પર પ્રતિબંધ મૂકવાની ચેતવણી પણ હાઈ કોર્ટે આપી હતી. જોકે શુક્રવારે સુનાવણી દરમિયાન કોર્ટે ફટાકડા ફોડવાની આપેલી સમયમર્યાદાને ઘટાડી દીધી હતી.

પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે શુક્રવારે કહ્યું હતું કે વાતાવરણમાં થઈ રહેલા ફેરફાર અને તે સાથે જ મુંબઈમાં મોટા પ્રમાણમાં ચાલી રહેલા બાંધકામને કારણે ઉડનારી ધૂળ અને અન્ય કારણથી વાયુ પ્રદૂષણમાં વધારો થયો છે. પ્રદૂષણને ઘટાડવા માટે તમામ ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ આ કાર્યવાહીને ફક્ત સરકારી કામકાજ પૂરતી નહીં રાખતા તેને હવે લોકચળવળનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. પાલિકાએ પણ પ્રદૂષણ ઘટાડવા માટે મુખ્ય કારણ ગણાતી ધૂળ વધુ માત્રામાં ફેલાય નહીં તે માટે અનેક પગલાં લીધા છે. પરંતુ નાગરિકોએ પણ પ્રદૂષણ ઘટાડવા માટેની ઝુંબેશમાં જોડાવું જોઈએ, જે અંતર્ગત દિવાળીના તહેવારોમાં ઓછું વાયુ અને ધ્વનિ પ્રદૂષણ કરનારા ફટાકડા ફોડવા જોઈએ. ફટાકડાથી પ્રદૂષિત હવાને કારણે નાના બાળકો, ગર્ભવતી મહિલા, વૃધ્ધ વ્યક્તિ તથા અસ્થમાના દર્દીને આરોગ્યની તકલીફ થઈ શકે છે અને પર્યાવરણને પણ નુકસાન થઈ શકે છે. તેથી શક્ય તો લોકોએ ફટાકડા ફોડતા સમયે ઓછું પ્રદૂષણ થાય તેનું ધ્યાન રાખવું.કોવિડ મહામારી સમયગાળામાં પણ મુંબઈ મહાનગરપાલિકાની વિનંતીને કારણે મુંબઈગરાએ ફટાકડા ફોડવાનું ટાળ્યું હતું. નાગરિકોએ કોવિડ સમયે બહુ સારો પ્રતિસાદ આપ્યો હતો. તે મુજબ આ વર્ષે પણ વધતા ઍર પોલ્યુશનને ધ્યાનમાં રાખીને મુંબઈગરા દિવાળીનો તહેવાર ઉજવશે એવું કમિશનરે કહ્યું હતું.

# સી-લિંક પર વિચિત્ર અકસ્માતમાં અંકલેશ્વરના દંપતી સહિત ત્રણનાં મોત

## એક કાર સાથે ટકરાયા પછી ડ્રાઈવરે ઇનોવા પૂરપાટ દોડાવી ટોલ બૂથ નજીક ઊભેલાં વાહનોને અડફેટે લીધાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતના અંકલેશ્વર જઈ રહેલા પરિવારની કારને બાન્દ્રા-વરલી સી-લિંક પર નડેલા વિચિત્ર અકસ્માતમાં દંપતી સહિત ત્રણ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે છ જણ ઘવાયા હતા. મર્સિડીઝ કારને ટકરાયા પછી ડરી ગયેલા ડ્રાઈવરે ઇનોવા કાર પૂરપાટ દોડાવી મૂકી હતી અને ટોલ બૂથ નજીક ઊભેલાં ચારથી પાંચ વાહનને અડફેટે લીધાં હતાં.

બાન્દ્રા પોલીસના જણાવ્યા મુજબ અકસ્માતની ઘટના ગુરુવારની રાતે ૧૦.૧૫ વાગ્યાની આસપાસ બની હતી. આ ઘટનામાં મૃત્યુ પામેલાઓની ઓળખ હનીફ આદમ ફીર (૬૪), પત્ની હવાબીબી હનીફ ફીર અને સાસુ ખાતિલજાબીબી હાથિયા તરીકે થઈ હતી. ત્રણેય સિનિયર સિટિઝન અંકલેશ્વરના દીવા ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું.

અંકલેશ્વરમાં રહેતો પરિવાર બે દિવસ માટે મુંબઈમાં ફરવા અને હાજી અલી તેમ જ માહિમની દરગાહના દર્શને આવ્યો હતો. મુંબઈમાં ફર્યા પછી પરિવાર ગુરુવારની રાતે અંકલેશ્વર જવા ઇનોવા કારમાં નીકળ્યો હતો. કાર તેમના પરિવારનો સભ્ય સરફરાઝ શેખ (૪૦) ચલાવી રહ્યો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના સમયે ઇનોવા કારમાં ડ્રાઈવર શેખ સહિત સાત જણ હાજર હતા. મુંબઈ સેન્ટ્રલમાં સગાંને ઘેરથી નીકળ્યા પછી શેખે કાર સી-લિંક તરફ લીધી હતી. વરલીથી સી-લિંક પર પ્રવેશ્યા પછી બાન્દ્રા તરફના ટોલ બૂથથી ૧૦૦ મીટરના અંતરે ઇનોવા કારે એક મર્સિડીઝ કારને ટક્કર મારી હતી. ઘટનાસ્થળેથી રફુચક્કર થવાને ઇરાદે શેખે કાર પૂરપાટ દોડાવી મૂકી હતી, જેને કારણે તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો.

ઇનોવા કાર પહેલા ટોલ બૂથ નજીક ઊભેલી ટૅક્સીને ટકરાયા પછી ટેમ્પો સાથે ભટકાઈ હતી. ત્યાર બાદ ડિવાઈડર કુદાવી બીજાં વાહનો સાથે અથડાઈ હતી. અકસ્માતમાં જખમી નવ જણને નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ત્રણને મૃત જાહેર કરાયા હતા. જખમી છમાંથી ડ્રાઈવર શેખ સહિત બેની હાલત ગંભીર હોવાનું પોલીસનું કહેવું છે. આ પ્રકરણે બાન્દ્રા પોલીસે શેખ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# પૅરોલ પર છૂટ્યા પછી ફરાર થયેલો ડ્રગ્સ કેસનો આરોપી ૧૨ વર્ષે ઝડપાયો

## પરિસરમાં રહેતો હોવાની માહિતી મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસને મળી હતી

થાણેઃ પૅરોલ પર છૂટ્યા પછી ફરાર થઈ ગયેલા આરોપીને ૧૨ વર્ષે મીરા રોડ ખાતેથી પકડી પાડવામાં આવ્યો હતો.


પોલીસના જણાવ્યા મુજબ આરોપી નાસિરઅલી શેરઅલી ખાન (૫૨)ને મુંબઈની સેશન્સ કોર્ટે એનડીપીએસ ઍક્ટ હેઠળ મે, ૨૦૧૦માં કસૂરવાર ઠેરવ્યો હતો. ખાનને ૧૦ વર્ષની સખત કેદની સજા સંભળાવવામાં આવી હતી. તેને નાશિક રોડ સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો.

મુંબઈમાં રહેતો ખાન ફેબ્રુઆરી, ૨૦૧૧માં ૩૦ દિવસના પૅરોલ પર જેલમાંથી બહાર આવ્યો હતો. જોકે પૅરોલનો સમયગાળો પત્યા પછી પણ તે જેલમાં પાછો ફર્યો નહોતો. આ પ્રકરણે ખાન વિરુદ્ધ ઑક્ટોબર, ૨૦૧૩માં ભારતીય દંડ સંહિતાની કલમ ૨૨૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

તાજેતરમાં ખાન બીજી પત્ની સાથે મીરા રોડ પરિસરમાં રહેતો હોવાની માહિતી મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસને મળી હતી.

પોલીસે છટકું ગોઠવી બુધવારે તેને પકડી પાડ્યો હતો, એવું સેન્ટ્રલ ક્રાઈમ યુનિટના અધિકારી રાહુલ રાખે જણાવ્યું હતું. વધુ કાર્યવાહી માટે ખાનને મુંબઈ પોલીસના તાબામાં સોંપાયો હતો. (પીટીઆઈ)

પ્રગટ થઈ ચૂક્યો છે








**શુકનવંતી ક્ષણો**...દિવાળીનો શુભારંભ થઇ ગયો છે અને શુક્રવારે ધનતેરસની શુકનવંતી ક્ષણોમાં શુકનનું સોનું લેવા ઝવેરી બજારની જ્વેલર્સની દુકાનોમાં રીતસરની લોકોએ લાઇન લગાવી હતી, જ્યારે ચોપડા પૂજન માટે ચોપડા ખરીદી કરવા પણ ભીડ જોવા મળી હતી. (જયપ્રકાશ કેળકર)

# ચાર વર્ષમાં સગીર બાળાની આત્મહત્યામાં વધારો

મુંબઈઃ ફોન પર વધુ પડતો સમય વીતાવવા બદલ માટે પિતાએ વારંવાર ઠપકો આપતા મુંબઈના પશ્ચિમ પરામાં રહેતી ૧૫ વર્ષની છોકરીએ જાતે શારીરિક ઈજા પહોંચાડવાની કરવાની કોશિશો બાદ આ વર્ષના એપ્રિલ મહિનામાં આત્મહત્યાનું આત્યંતિક પગલું ભર્યું હતું. પૂર્વના ઉપનગરોમાં નવમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીએ કેટલાક ફોટોગ્રાફ્સના જોરે બ્લેકમેલ કરવામાં આવ્યા બાદ તાજેતરમાં આત્મહત્યા કરી હતી. મુંબઈ શહેરમાં આત્યંતિક પગલું ભરનારી સગીર બાળકીના આ બે કેસ તો માત્ર ઉદાહરણ છે. આત્મહત્યા કરનારી સગીર બાળાઓની સંખ્યા ઘણી વધારે છે.

આ સમગ્ર મામલો જાહેર આરોગ્ય અંગે ચિંતા ઉપજાવનારો છે. મુંબઈ પોલીસ પાસેથી આરટીઆઈ એક્ટ હેઠળ મેળવેલી માહિતી અનુસાર અગાઉ ક્યારેય જોવા ન મળી હોય એ કરતા વધુ સંખ્યામાં સગીર બાળાઓ આત્મહત્યા કરી જીવ ગુમાવી રહી હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ આત્મહત્યા કરનારા કિશોરની સંખ્યા વધુ જોવા મળતી હતી. જોકે, છેલ્લા ચાર વર્ષમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાનની પોલીસે આપેલી માહિતી અનુસાર ૧૮૮ કિશોરોએ આત્મહત્યાથી જીવ ગુમાવ્યો છે, જ્યારે ૨૩ ટકા વધુ કિશોરીઓએ (૨૩૧) જીવ ટૂંકાવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પુખ્તવયની વ્યક્તિમાં હજી પણ આત્મહત્યા કરનારા પુરુષોની સંખ્યા સ્ત્રીઓ કરતાં વધુ જોવા મળે છે. માહિતી અનુસાર આત્મહત્યા કરતી સ્ત્રીની સરખામણીમાં પુરુષની સંખ્યા ત્રણ ગણી વધારે છે. વિશ્વભરમાં મૃત્યુના પ્રથમ ૧૦ કારણમાં આત્મહત્યા ઉપલા ક્રમે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપેલી જાણકારી અનુસાર ૧૫થી ૨૯ વર્ષના મૃત્યુના કેસ ચોથા નંબરે આવે છે. મુંબઈની વાત કરીએ તો ૨૦૧૯માં ૧,૨૨૯ આત્મહત્યાના કેસ નોંધાયા હતા. ૨૦૨૨માં એમાં ૨૨ ટકા વધારો થયો અને મૃત્યુની સંખ્યા ૧,૪૯૯ પર પહોંચી ગઈ હતી. ■

# બેન્ક સાથે ₹ ૨૯ લાખની છેતરપિંડીઃ ચોથો આરોપી પકડાયો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં બેન્ક સાથે રૂ. ૨૯.૨૯ લાખની છેતરપિંડી આચરવાના કેસમાં પોલીસે ચોથા આરોપીની પુણેના પિંપર-ચિંચવડથી ધરપકડ કરી હતી. ફેબ્રુઆરી, ૨૦૧૮થી સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમિયાન ચાર જણે બોગસ દસ્તાવેજો રજૂ કરી બેન્કમાંથી રૂ. ૨૯.૨૯ લાખની લોન મેળવી હતી. આ છેતરપિંડી પ્રકાશમાં આવ્યા બાદ અર્નાળા સાગરી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો, એમ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ના સિનિયર ઇન્સ્પેક્ટર પ્રમોદ બદકે કહ્યું હતું. આ કેસના ચોથા આરોપી દીપક શુકલાને ૮ નવેમ્બરે પિંપરી-ચિંચવડથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેસમાં અગાઉ પોલીસે ચેતન શાહ, વિનોદ મિશ્રા અને પંકજ તિવારીની ધરપકડ કરી હતી. આરોપી શુકલાએ આ જ પ્રમાણે અન્ય બેન્કો સાથે પણ રૂ. ૮૫ લાખની છેતરપિંડી આચરી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. (પીટીઆઇ) ■

# છેલ્લી ઘડીની લેવાલીના ટેકાએ સેન્સેક્સ અને નિફ્ટી પોઝીટીવ ઝોનમાં પાછા ફર્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના નબળા સંકેત અને એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે નિરસ બનેલા હવામાનમાં સત્રના મોટાભાગના સમયમાં નેગેટીવ ઝોનમાં અથડાયા બાદ છેલ્લા તબક્કામાં મેટલ, પાવર યુટીલિટી અને ફાઇનાન્શિયલ શેરોમાં નવેસરની લેવાલીનો ટેકો મળતાં સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટીવ ઝોનમાં સહેજ આગળ વધવામાં સફળ રહ્યાં હતાં. બેન્કિંગઅને ઓઇલ એન્ડ ગેસ સેકટરમાં પણ સત્રના પાછલા ભાગમાં લેવાલી નીકળી હતી. બ્રોડર માર્કેટમાં સારી સળવળટા જોવા મળ્યો હતો અને નાના શેરોના ઇન્ડેક્સમાં લાર્જ કેપ કરતા વધુ સારી આગેકૂચ જોવા મળી હતી.

બીએસઇ ફ્લેગશિપ ઇન્ડેક્સ સેન્સેક્સ ૭૨.૪૮ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકા વધીને ૬૪,૯૦૪.૬૮ પર બંધ થયો હતો. સત્ર દરમિયાન સેન્સેક્સ ૨૫૧.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૩૮ ટકાના ઘટાડા સાથે ૬૪,૫૮૦.૯૫ પોઇન્ટની સપાટીએ અથડાયો હતો. એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેકસ નિફ્ટી ૩૦.૦૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૧૯,૪૨૫.૩૫ પર પહોંચ્યો હતો. સપ્તાહના અંતે થયેલા સુધારા સાથે બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલ રૂ. ૪૩.૮૧ લાખ કરોડના વધારા સાથે રૂ. ૩,૨૦,૨૯,૨૩૨.૨૪ કરોડના સ્તરે પહોંચી હતી. સાપ્તાહિક ધોરણે બીએસઇનો બેન્માચર્ક સેન્સેક્સ ૫૪૦.૯ પોઇન્ટ અથવા તો ૦.૮૪ ટકા વધ્યો છે જ્યારે એનએસઇનો નિફ્ટી ૧૯૪.૭૫ પોઇન્ટ અથવા તો એક ટકા વધ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં એનટીપીસી, ટેક મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ, આઇટીસી, બજાજ ફિનસર્વ, એક્સિસ બેન્ક અને પાવર ગ્રીડ ટોપ ગેઇનર્સ બન્યા હતા. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એચસીએલ ટેકનોલોજી, ટાઇટન અને ઇન્ડસઇન્ડ બેન્ક ટોપ લુઝર્સ શેર રહ્યાં હતાં.

કોર્પોરેટ અર્નિંગ્સની મોસમ ચાલુ છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં છ ટકાના વધારા સથે રૂ. ૨૩૪૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ગયા વર્ષે સમાન સમયગાળામાં કંપનીએ રૂ. ૨૨૦૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. રેવન્યૂ વાર્ષિક ધોરણે ૧૫ ટકાના વધારા સાથે રૂ. ૩૪,૪૩૬ કરોડ રહી હતી. વૈશાલી ફાર્માની નાણાકીય વર્ષ ૨૪ની પ્રથમ અર્ધવાર્ષિક આવક નવ ટકાના વધારા સાથે રૂ. ૨૬.૬૫ કરોડના સ્તરે પહોંચી હતી. એબિટા રૂ. ૫.૬૨ કરોડ રહ્યો હતો, જ્યારે એબિટા માર્જિન ૨૧.૧૧ ટકાના સ્તરે પહોંચ્યુ છે. ચોખ્ખો નફો રૂ. ૩.૨૯ કરોડ રહ્યો છે, જ્યારે ચોખ્ખા નફાનું માર્જિન ૧૨.૩૪ ટકા નોંધાયુ છે. શેર દીઠ કમાણી રૂ. ૩.૧૦ રહી છે.

સિલિકોન રેન્ટલ સોલ્યુશન્સ લિમિટેડે વર્ષ ૨૦૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં કુલ આવક રૂ. ૨૪.૧૪ કરોડ નોંધાવી છે, જે ૨૦૨૩ના સમાન ગાળાના રૂ. ૧૭.૫૬ કરોડ સામે વાર્ષિક ધોરણે ૩૪.૨૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. એબિટા ૨૯.૪૭ ટકાના વધારા સાથે રૂ. ૧૮.૮૧ કરોડ, ચોખ્ફો નફો ૩૧.૪૫ ટકાના વધારા સાથે રૂ. ૭.૧૩ કરોડ રહ્યો હતો. એબિટા માર્જિન ૭૭.૯૩ ટકા, પીએટી માર્જિન ૨૯.૫૨ ટકા અને ઇપીએસ રૂ. ૬.૭૩ રહી હતી.

યુનિહેલ્થ કન્સલ્ટન્સી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં કુલ આવક રૂ. ૧૮૭.૮૩ લાખ નોંધાવી છે. એબિટા રૂ. ૬૪.૩૯ લાખ અને કરવેરા બાદનો ચોખ્ખો નફો રૂ. ૪૯.૬૧ લાખ નોંધાવ્યો છે. એબિટા




માર્જિન ૩૪.૨૮ ટકા જ્યારે ચોખ્ખા નફાનું માર્જિન ૨૬.૪૧ ટકા રહ્યું છે.

ડીજીકોર સ્ટુડિઓ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં રૂ. ૨૪.૭૯ કરોડની કુલ આવક અને રૂ. ૬.૧૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૯.૩૧ કરોડ અને એબિટા માર્જિન ૩૭.૫૬ ટકા રહ્યું છે. ચોખ્ખો નફાનું માર્જિન ૨૪.૮૦ ટકા રહ્યું છે, જ્યારે શેરદીઠ કમાણી રૂ. ૪૫.૭૦ રહી છે. અર્થશાસ્ત્રીઓ રિટેલ ફુગાવો નીચે આવવાની અપેક્ષા રાખી રહ્યા છે, જે રોકાણકારોને માટે રાહતના સમાચાર લાવી શકે છે. વધુમાં દિવાળીની આસપાસ મ્યુચ્યુઅલ ફંડની એકધારી લેવાલી અને તહેવારોને કારણે પણ બજારમાં સત્રના અંતિમ તબક્કે થોડી ખરીદી જોવા મળી હતી.

બજારના સાધનો અનુસાર સત્રના પાછલા તબક્કામાં અમુક હેવીવેઇટ શેરોમાં પસંદગીયુક્ત ખરીદીનો ટેકો મળવાને કારણે બેન્ચમાર્કને નજીવા ઊંચા સ્તરે પહોંચવામાં મદદ મળી હતી, જોકે અન્ય એશિયન અને યુરોપિયન શેરબજારમાં વેચાણના દબાણને કારણે ખેંચતાણનો માહોલ જોવા મળ્યો હતો.

સ્થાનિક બજારમાંથી વિદેશી ફંડોનો એકધારો જાવક પ્રવાહ મોટી ચિંતાનો વિષય છે. ઉપરાંત, અસ્થિર યુએસ ટ્રેઝરી યીલ્ડ પાછલા કેટલાક મહિનાથી વિદેશી રોકાણકારોને ઊભરતાં બજારોમાંથી બહાર નીકળવા માટે પ્રેરિત કરી રહી છે.

નિફ્ટી મિડકેપ ૧૦૦ ૦.૪૮ ટકા વધ્યો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ૦.૪૭ ટકા વધ્યો છે. નિફ્ટી મેટલમાં દિવસનો સૌથી મોટો ઉછાળો ૦.૭૦ ટકા હતો, ત્યારબાદ નિફ્ટી ઓઇલ એન્ડ ગેસ, નિફ્ટી ફાઇનાન્સિયલ સર્વિસિસ અને નિફ્ટી બેન્કનો નંબર આવે છે. નિફ્ટી મીડિયા સૌથી વધુ ઘટ્યું હતું, જે એક ટકાથી વધુ ઘટ્યું હતું અને ત્યારબાદ નિફ્ટી ઓટોનો નંબર આવે છે.

નિફ્ટી શેરોમાં એનટીપીસીએ સૌથી વધુ, લગભગ બે ટકાનો ઉછાળો નોંધાવ્યો હતો. ઓએનજીસી, ટાટા કન્ઝ્યુમર, ટેક મહિન્દ્રા અને અલ્ટ્રાટેક સિમેન્ટ અન્ય વધનાર શેરોમાં સામેલ હતા. હીરો મોટોકોર્પ બે ટકાથી વધુ ઘટીને ટોપ લૂઝર બન્યો હતો. એમએન્ડએમ, એચસીએલ ટેક, ટાઇટન અને હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ પેકમાં અન્ય ઘટેલા શેરો હતા.

સેન્સેક્સ શુક્રવારે ગઈ કાલના ૬૪,૮૩૨.૨૦ના બંધથી ૭૨.૪૮ પોઈન્ટ્સ (૦.૧૧ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૬૪,૭૫૬.૧૧ ખૂલી, ઉપરમાં ૬૫,૦૧૪.૦૬ સુધી, નીચામાં ૬૪,૫૮૦.૯૫ સુધી જઈ અંતે ૬૪,૯૦૪.૬૮ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૯ કંપનીઓ વધી અને ૧૧ કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ. ૩૨૦.૨૯ લાખ કરોડ રહ્યું હતું.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૧૧ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૧૦ ટકા, બીએસઈ મીડ કેપ ૦.૩૩ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૦.૩૮ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૧૪ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૧૬ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૧૮ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૦.૧૦ ટકા વધ્યા હતા. આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૯ ટકા અને એસએમઈ આઈપીઓ ૦.૯૧ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં કોમોડિટીઝ ૦.૩૫ ટકા, એનર્જી ૦.૦૩ ટકા, એફએમસીજી ૦.૧૭ ટકા, ફાઈનાન્શિયલ સર્વિસીસ ૦.૩૩ ટકા, હેલ્થકેર ૦.૩૫ ટકા, ઈન્ડસ્ટ્રીયલ્સ ૦.૩૨ ટકા, યુટિલિટીઝ ૦.૯૫ ટકા, બેન્કેક્સ ૦.૨૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૭ ટકા, મેટલ ૦.૬૭ ટકા, પાવર ૦.૯૨ ટકા, રિયલ્ટી ૦.૦૯ ટકા અને સર્વિસીસ ૦.૧૪ ટકા વધ્યા હતા, જ્યારે કંઝ્યુમર ડિસ્ક્રીશનરી ૦.૧૫ ટકા, આઈટી ૦.૨૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૦૯ ટકા, ઓટો ૦.૪૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૧૭ ટકા અને ટેક ૦.૩૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સમાં એનટીપીસી ૨.૧૨ ટકા, ટેક મહિન્દ્રા ૧.૨૭ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૦૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૮૩ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૭૫ ટકા વધ્યા હતા, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૮૬ ટકા, એચસીએલ ટેક્નોલોજીસ ૧.૧૩ ટકા, ટાઈટન કંપની ૦.૮૬ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૬૦ ટકા અને નેસલે ઈન્ડિયા ૦.૪૮ ટકા ટકા ઘટ્યા હતા. બી ગ્રુપની ૧ કંપનીને ઉપલી સર્કીટ સહિત બધા ગ્રુપની કુલ ૨૨ કંપનીઓમાંથી ૧૩ કંપનીઓને ઉપલી અને ૯ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

## ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા ઘટીને ૮૩.૩૨ની નીચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૮૩.૪૯ની ઓલ ટાઈમ લૉ સપાટીએ પહોંચ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ત્રણ પૈસા ઘટીને ૮૩.૩૨ના મથાળે બંધ રહ્યો હતો.

સ્થાનિક ફોરેક્સ ટ્રેડરો અને રોકાણકારો આજે મોડી સાંજે જાહેર થનારા ઔદ્યોગિક ઉત્પાદન અને ફુગાવાના ડેટા પર નજર રાખી રહ્યા હતા અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ અને ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૨૯ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩.૨૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૯ અને ઉપરમાં ૮૩.૨૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા ઘટીને અગાઉની ૧૮ સપ્ટેમ્બરની ઐતિહાસિક નીચી ૮૩.૩૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના વધ્યા મથાળેથી સાધારણ ૦.૦૨ ટકા ઘટીને ૧૦૫.૮૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૨.૪૮ પૉઈન્ટનો અને ૩૦.૦૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો, પરંતુ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૭૧૨.૩૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૮૧ ટકા વધીને બેરલદીઠ ૮૦.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## રૂપિયો નબળો પડતાં સ્થાનિકમાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૧૪૩નો અને ચાંદીમાં ₹ ૧૧૬નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરૉમ પૉવેલે ગઈકાલે આક્રમક નાણાનીતિના સંકેતો આપતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ ઘટીને ગત ૧૮ ઑક્ટોબર પછીની નીચી સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં આજે પણ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં મક્કમ વલણ રહેતાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હતો. એકંદરે આજે વૈશ્વિક સોનામાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૨૦ પૈસા ઘટ્યા બાદ અંતે ત્રણ પૈસા ઘટીને બંધ રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરમાં વધારો થવાથી સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૩ નો અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧૬ વધી આવ્યા હતા.

મધ્યપૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા તણાવને કારણે તાજેતરમાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનો અન્ડરટોન જોવા મળી રહ્યો હોવાથી ગત સાલના ધનતેરસના દિવસના ભાવની તુલનામાં અંદાજે ૨૦ ટકા જેટલો વધારો




થયો હોવાથી જ્વેલરો આ વર્ષે સાવચેતીના અભિગમ સાથે ધનતેરસના દિવસની માગમાં સાધારણ ૧૦ ટકા જેટલી વૃદ્ધિનો આશાવાદ રાખી રહ્યા છે. આજે ધનતેરસના દહાડે જ ડૉલર સામે રૂપિયો નબળો પડતાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૩ વધીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૯,૯૯૯ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૦,૨૪૦ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ વધ્યા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી શુકન પૂરતી જોવા મળી હતી. જ્યારે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૬ વધીને રૂ. ૭૦,૪૧૬ના મથાળે રહ્યા હતા. ફુગાવા સામેની લડતનો અંત લાવવા માટે તાજેતરમાં વ્યાજદરમાં કરવામાં આવેલો વધારો પર્યાપ્ત છે, એવી કોઈ ખાતરી ન હોવાનું ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલે જણાવતાં ડૉલર ઈન્ડેક્સ અને ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી ન્યૂ યોર્ક ખાતે સોનાચાંદીના ભાવમાં ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે પણ ડૉલર અને ટ્રેઝરીની યિલ્ડમાં મક્કમ વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૧૯૫૧.૮૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૧૯૫૬.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૨.૫૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જ

જૅરૉમ પૉવેલનાં આક્રમક નાણાનીતિના સંકેતો સાથે હવે ટ્રેડરો આગામી જૂન મહિનામાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી ધારણા મૂકી રહ્યા છે. આમ એકંદરે ઊંચા વ્યાજદરને કારણે વ્યાજની ઊપજ ન આપતી સોના જેવા અસ્ક્યામતોમાં રોકાણકારો રોકાણથી દૂર રહેતા હોય છે, એમ વિશ્લેષકોએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા માટે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૧૯૪૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે અને જો આ સપાટી તૂટે તો ભાવ ૧૯૦૦ ડૉલર સુધી ઘટી શકે છે.

## મલયેશિયા પાછળ આયાતી તેલમાં ઉછાળા, અંદાજે બે હજાર ટન આરબીડી પામોલિનના વેપાર ગોઠવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત ઑક્ટોબર મહિનાના અંતે મલયેશિયાનો પામતેલનો સ્ટોક બજારની અપેક્ષા કરતાં કરતાં ઓછો રહ્યાના અહેવાલ તેમ જ ગત તા. ૧થી ૧૦ નવેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં ઑક્ટોબર મહિનાના સમાનગાળાની તુલનામાં વધારો થતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૦ રિંગિટનો ઉછાળો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતેના સોયાતેલના વાયદામાં ૫૦ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ સાથે અત્યારે વાયદાના પ્રોજેક્શનમાં પણ ૩૬ પૉઈન્ટનો સુધારો દર્શાવાઈ રહ્યો હતો.



આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આયાતીતેલના ભાવમાં તેજીનો અન્ડરટોન રહેતાં હાજરમાં ૧૦ કિલોદીઠ સોયા ડિગમમાં રૂ. ૧૫નો, સોયા રિફાઈન્ડ, સન રિફાઈન્ડ અને સન ક્રૂડમાં રૂ. ૧૦નો, આરબીડી પામોલિનમાં રૂ. આઠનો અને ક્રૂડ પામતેલમાં રૂ. પાંચનો ઉછાળો આવ્યો હતો. આ સિવાય મથકો પાછળ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા.

મલયેશિયન પામ ઑઈલ બોર્ડની આંકડાકીય માહિતી અનુસાર ગત ઑક્ટોબર મહિનાના અંતે મલયેશિયાનો પામતેલનો સ્ટોક ૫.૮૪ ટકા વધીને ૨૪.૫૦ લાખ ટનની સપાટીએ રહ્યો હતો, જ્યારે રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં સ્ટોકનો અંદાજ ૧૦.૮ ટકા વધીને ૨૫.૬૦ લાખ ટન રહેવાની ધારણા મૂકવામાં આવી હતી. તેમ જ આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસની પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૦ નવેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ઑક્ટોબર મહિનાના સમાનગાળાના ૩,૯૪,૫૭૦ ટન સામે ૦.૪૬ ટકા વધીને ૩,૯૮,૩૭૫ ટન આસપાસની થઈ હોવાનું જણાવ્યું છે.

વધુમાં વૈશ્વિક બજાર પાછળ સ્થાનિકમાં ભાવ ઉછળી આવવાની સાથે આજે સેલરિસેલ અને ડાયરેક્ટ ડિલિવરી શરતે અંદાજે ૧૫૦૦થી ૨૦૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર થયા હતા, જેમાં સેલરિસેલ ધોરણે વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૮૨૫થી ૮૨૮ આસપાસના મથાળે થયા હતા, જ્યારે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રૂચીના વેપાર રૂ. ૮૩૦થી ૮૩૧માં, અલાનાના નવેમ્બર ડિલિવરી ધોરણે રૂ. ૮૩૦થી ૮૩૩મ અને ડિસેમ્બર ડિલિવરી ધોરણે રૂ. ૮૩૫માં અને રિલાયન્સ રિટેલના રૂ. ૮૩૪માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૮૨૮થી ૮૩૦, ક્રૂડ પામતેલના રૂ. ૭૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૩૦, સોયા ડિગમના રૂ. ૯૩૦, સન રિફાઈન્ડના રૂ. ૯૨૫, સન ક્રૂડના રૂ. ૮૬૦, સિંગતેલના રૂ. ૧૫૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૨૦ અને સરસવના રૂ. ૧૦૪૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતના મથકો પર સિંગતેલમાં દેશાવરોની માગને ટેકે સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૫૦૦થી ૧૫૨૫ અને વૉશ્ડ કૉટનના ભાવ રૂ. ૨૦ વધીને રૂ. ૮૫૦થી ૮૫૮ના મથાળે રહ્યાના અહેવાલ હતા. તેમ જ આજે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ઑક્ટોબરમાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડમાં ₹ ૮૪૧ કરોડનું રોકાણ

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં રોકાણકારોની સલામતી માટેની માગ જળવાઈ રહેતાં રૂ. ૮૪૧ કરોડનું રોકાણ આકર્ષાયું હતું, જે આગલા મહિનાના રૂ. ૧૭૫ કરોડની તુલનામાં વધુ છે.

વધુમાં ગત ઑક્ટોબર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આતરપ્રવાહ ઉપરાંત ફંડની અસ્ક્યામતોમાં પણ વધારો થયો હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)એ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

દરમિયાન ગઈકાલે સોનાના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો થયો હોવાથી ધનતેરસ-દિવાળી પૂર્વે દેશમાં સોના-ચાંદીમાં ખરીદીનો સળવળાટ શરૂ થયો હોવાનું મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર ઈન્ડિયાનાં મૅનૅજર અને વિશ્લેષક મેલ્વિન સેન્ટારિટાએ જણાવતાં ઉમેર્યું હતું કે મધ્યપૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ અને અમેરિકી ફેડરલ રિઝર્વનાં વ્યાજદર વધારાની ચિંતા વચ્ચે વધતા ફુગાવા સામેની હેજરૂપી અને સલામતી માટેની માગ જળવાઈ રહે તેવી શક્યતા છે. તેમ જ તાજેતરમાં સોનાના ભાવ ઊંચી સપાટીએથી થોડાઘણાં અંશે પાછા ફર્યા હોવાને કારણે પણ માગને ટેકો મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

એમ્ફીની આંકડાકીય માહિતી અનુસાર ગત ઑક્ટોબર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં રોકાણકારોનો આંતરપ્રવાહ સપ્ટેમ્બર મહિનાના રૂ. ૧૭૫.૩ કરોડ સામે વધીને રૂ. ૮૪૧ કરોડ રહ્યો હતો. જોકે, તે પૂર્વે ઑગસ્ટ મહિનામાં આંતરપ્રવાહ ૧૬ મહિનાની ઊંચી રૂ. ૧૦૨૮ કરોડની સપાટીએ રહ્યો હતો અને જુલાઈ મહિનાનો આંતરપ્રવાહ રૂ. ૪૫૬ કરોડ હતો.

આ પૂર્વે એપ્રિલથી જૂન સુધીના ત્રિમાસિકગાળામાં અગાઉ સતત ત્રણ ત્રિમાસિકગાળા સુધી બાહ્ય પ્રવાહ જોવા મળ્યા બાદ રૂ. ૨૯૮ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે અગાઉ માર્ચ અંતના ત્રિમાસિકગાળામાં રૂ. ૧૨૪૩ કરોડનો, ડિસેમ્બર અંતના ત્રિમાસિકગાળામાં રૂ. ૩૨૦ કરોડનો અને સપ્ટેમ્બર અંતના ત્રિમાસિકગાળામાં રૂ. ૧૬૫ કરોડનો બાહ્ય પ્રવાહ જોવા મળ્યો હતો.

છેલ્લા કેટલાક વર્ષોથી સોનામાં આકર્ષક વળતર મળી રહ્યું હોવાથી રોકાણકારોમાં આકર્ષણ વધવાને કારણે ફોલિયોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગત ઑક્ટોબર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં ફોલિયોની સંખ્યા જે સપ્ટેમ્બર અંતે જે ૪૮.૦૬ લાખની હતી તે વધીને ૪૮.૩૪ લાખના સ્તરે રહી હોવાનું એમ્ફીએ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

## ટીન અને નિકલમાં જળવાતી પીછેહઠ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ચીનની આર્થિક વૃદ્ધિની ચિંતા વચ્ચે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતા ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. ૧૩નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ શીટ કટિંગ્સમાં ભાવ કિલોદીઠ રૂ. એક ઘટી આવ્યા હતા, જ્યારે ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ખાસ કરીને નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૫૨૫ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૨૧૮૫ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૬૮૪ અને રૂ. ૪૯૭ના મથાળે રહ્યા હતા. એકમાત્ર ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૨૩૦ની સપાટીએ રહ્યા હતા, જ્યારે કોપર અને બ્રાસની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# રાજકોટમાં આતશબાજીઃ લોકોએ આકાશી નજારાનો આનંદ માણ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં મનપા દ્વારા સતત ૪૦ વર્ષથી ધનતેરસના દિવસે ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે શુક્રવાર રાત્રે ભવ્ય આતશબાજી યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં રાજકોટવાસીઓ જોડાયા હતા અને એક કલાક સુધી ભવ્ય આતશબાજી નિહાળી હતી.

રાજકોટ મનપા દ્વારા રેસકોર્સ મેદાન સ્થિત માધવરાય સિંધિયા ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આતશબાજીમાં અનેક અવનવી વેરાયટીના ફટાકડાથી રેસકોર્સનું આકાશ કલરફુલ બની ગયું હતું. અત્યાર સુધી ૪૫ મિનિટ સુધી ચાલતી આતશબાજી શુક્રવારે ૬૦ મિનિટ સુધી ચાલી હતી જેને રાજકોટવાસીઓએ નિહાળી હતી.

નાના બાળકોથી લઇ મોટેરાઓએ આ આતશબાજીનો પૂરેપૂરો આનંદ માણ્યો હતો. આતશબાજી કાર્યક્રમમાં અવનવા ફટાકડાઓના કારણે આકાશમાં અવનવી રંગબેરંગી રંગોળી જોવા મળી હતી. ધનતેરસના શુભ દિવસે આતશબાજીનું ઉદ્દઘાટન પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષના હસ્તે કરવામાં આવ્યું હતું.

કેબિનેટ પ્રધાન સહીતના નેતાઓ, આગેવાનો અધિકારીઓ આ પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.



(તસવીરઃ વિપુલ હિરાણી)



## સરતાનપર ગામના હત્યા કેસના ત્રણ આરોપીને આજીવન કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ત્રણેક વર્ષ પુર્વે ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના સરતાનપર ગામે સરકારી જગ્યામાં કબ્જો કરવા તથા અન્ય બાબતોએ થયેલ મારામારી ના બનાવમાં એક શખ્સને ગંભીર ઇજા પહોંચતા તેનું મોત નિપજયુ હતુ. આ બનાવ હત્યામાં પરીણમ્યો હતો. આ બનાવ અંગે સામસામી પોલીસ ફરીયાદ નોંધાઇ હતી જેમાં હત્યા કેસમાં સંડોવાયેલા ચાર આરોપી પૈકીના ત્રણ આરોપીઓ સામેનો હત્યાનો કેસ તળાજા કોર્ટે સાબીતમાંની આજીવન કેદની સજા ફટકારી હતી. જ્યારે અન્ય એક આરોપીને એક વર્ષની સજાનો હુકમ અદાલતે કર્યો હતો.

આ બનાવ ની વિગત એવી છે કે આ કામના આરોપીઓ રાઘવભાઇ વેગડ, મુન્નાભાઇ પ્રવિણભાઇ વેગડ, વિપુલભાઇ વેગડ અને રણજીતભાઇ વેગડ સહિતનાઓએ એક સંપ કરી પોતાનો સમાન ઇરાદો પાર પાડવા આ કામના ફરીયાદી ધનજીભાઇ મોહનભાઇ વેગડતથા મરણનાર શૈલેષ વેગડ સાથે સને ૨૦૧૨ ની સાલમાં આ કામના ફરીયાદીના રહેણાંકના ઘરની સામે આવેલા સરકારી જગ્યાના

કબ્જા બાબતે આ કામના આરોપી મુન્નાભાઇ પ્રવિણભાઇ વેગડ, પ્રવિણભાઇ વેગડ, વિપુલભાઇ વેગડ, રમેશભાઇ વેગડ સાથે મારા મારી થઇ હતી. જેમાં શૈલેષ વેગડનું ગંભીર ઇજાથી મોત થયું હતું. આ કેસ તળાજાની અદાલતમાં ચાલી જતા અદાલતે ત્રણ આરોપીઓ રાઘવભાઇ વેગડ, મુન્નાભાઇ વેગડ, વિપુલભાઇ વેગડને તકસીરવાન ઠરાવી ત્રણેય આરોપીઓને આજીવન કેદની સજા જ્યારે આરોપી રણજીતભાઇ વેગડ સામે ઇ.પી.કો. કલમ ૩૨૩ મુજબનો ગુનો સાબીત માની એક વર્ષની કેદ તેમજ ચારેય આરોપીઓને જુદી જુદી કલમો હેઠળ રોકડ દંડ અદાલતે ફટકાર્યો હતો.

## રાજકોટમાં ખૂલ્યું વેસ્ટર્ન ઝોન અને ગુજરાતનું પ્રથમ રેલ-કોચ રેસ્ટોરન્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં એસ્ટ્રોન ચોક અન્ડર બ્રિજ પાસે પશ્ચિમ રેલવે ઝોન અને ગુજરાતનું પ્રથમ રેલ કોચ રેસ્ટોરન્ટ ખુલ્લુ મકવામાં આવ્યુ છે. રાજકોટ ડિવિઝનની આ અનોખી પહેલનો હેતુ રેલવેની આવકમાં વધારો કરવાનો અને જૂના કોચને ફરીથી ઉપયોગમાં લાવવાનું રાજકોટ ડિવિઝન રેલવે મેનેજરે જણાવ્યું હતું. રાજકોટ ડિવિઝન દ્વારા નોન-ફેર રેવન્યુ પોલીસી હેઠળ આ પહેલ શરૂ કરવામાં આવી છે. રાજકોટ રેલવે ડિવિઝનને રેલ કોચ રેસ્ટોરન્ટમાંથી રૂ. ૧.૦૮ કરોડની આવક થવાની છે. ટેન્ડર પ્રક્રિયાને અપનાવીને, રેલવેએ એક પ્રાઈવેટ એન્ટરપ્રાઇઝને પાંચ વર્ષ માટે જૂનો બીજો સ્લીપર કોચ અને ૨૨૬ ચોરસ મીટર જગ્યા આપવામાં આવી છે. આ રેલ કોચ રેસ્ટોરન્ટમાં લોકો સ્વાદિષ્ટ વાનગીઓનો સ્વાદ માણી શકશે. આ આલીશાન કોચ રેસ્ટોરન્ટમાં બેસીને લોકોને ચાલતી ટ્રેનમાં બેઠા વગર મુસાફરી કરવાનો અહેસાસ મળશે અને તેઓ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ ઉઠાવશે. રેસ્ટોરન્ટમાં લગભગ ૨૦૦ લોકો માટે બેઠક વ્યવસ્થા હશે. આ રેલ કોચ રેસ્ટોરન્ટમાં ૨૪ કલાક સેવાની સુવિધા ઉપલબ્ધ રહેશે. રાજકોટના લોકો રેલ કોચ રેસ્ટોરન્ટમાં મિત્રો અને પરિવાર સાથે બેસીને સ્વાદિષ્ટ વાનગીઓનો સ્વાદ લઈ શકે છે અને સેલ્ફીની મજા માણી શકે છે.

## ગુજરાતની તમામ શાળાના શિક્ષકોને નિષ્ણાતો સીપીઆર ટ્રેનિંગ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની તમામ પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલના શિક્ષકોને સીપીઆર (કાર્ડીયોપલ્મોનરી રિસક્સિટેશન) ટ્રેનિંગ આપવામાં આવશે. જેના માટે શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા આ અંગે ટૂંક સમયમાં પરિપત્ર પણ પ્રસિદ્ધ કરવામાં આવશે. અત્યારના આયોજન મુજબ આગામી ૩જી અને ૧૭મી ડીસેમ્બર-૨૦૨૩ના રોજ આ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવશે. શિક્ષકોને ટ્રેનિંગ આપવા માટે રાજ્યની ૩૭ કોલેજોમાં કેમ્પ ગોઠવવામાં આવશે.

ગુજરાતમાં કોરોના મહામારી બાદ લોકોમાં હાર્ટ એટેકનું પ્રમાણ સતત વધવા લાગ્યું છે. નવરાત્રિ મહોત્સવમાં પણ મોટી સંખ્યામાં લોકો હાર્ટ એટકનો ભોગ બન્યાં હતા. જેથી હાર્ટ એટેક વખતે દર્દીને સ્થળ પર જ પ્રાથમિક સારવાર મળી રહે એ માટે શિક્ષણ વિભાગ દ્વારા એક પહેલ હાથ ધરવામાં આવી છે.

હાર્ટ એટેકના શરૂઆતના તબક્કે જ પ્રાથમિક સારવાર મળી રહે એ માટે રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટે મેગા સીપીઆર (કાર્ડીયોપલ્મોનરી રિસક્સિટેશન) ટ્રેનિંગ આપવાનો પ્રોગ્રામ હાથ ધરવામાં આવશે.

પ્રાથમિક શાળાનાં ૧,૬૯,૩૮૭ શિક્ષકો અને ૭,૧૭૭ એચ-ટાટ આચાર્યોને પ્રથમ તબક્કે ટ્રેનિંગ અપાશે. શિક્ષકોને ટ્રેનિંગ આપવાથી તમામ શહેર-ગામ સુધી તેનો લાભ મળી શકશે.

## દિવાળી પર્વ નિમિતે રંગોળી સ્પર્ધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દરવર્ષની જેમ આ વર્ષે પણ ભાવનગરની જાણીતી સંસ્થા કલાસંઘ દ્વારા દિપોત્સવ પર્વ અન્વયે શહેરના રૂપાણી સર્કલ ખાતે રંગોળી સ્પર્ધાનું કલરફૂલ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અવનવી ડિઝાઈનની રંગોળી દોરવામાં આવી હતી.

કલા સંઘ દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી રંગોળી સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવે છે, જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૫૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઈ આંગળીના ટેરવે થી નયનરમ્ય રંગોળીઓ સર્જી કલરફૂલ રંગોનો કસબ પાથર્યો હતો, અવનવી રંગોળી દોરવામાં આવી હતી જેમાં દીવડા વાળી, કુંભ વાળી, અનાજ-કઠોળની રંગોળી, છોટા ભીમ, મિકી માઉસ, તથા મોર સહિતની કલરફુલ રંગોળી દોરી હતી, જેમાં ચાર વર્ષથી ૫૨ વર્ષ સુધીના લોકોએ ભાગ લીધો હતો.



(તસવીરઃ વિપુલ હિરાણી)

દિવાળી પર્વને લઈ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુહતું, જેમાં અવનવી ડીઝાઇનની રંગોળી બનાવવામાં આવી હતી, જેમાં સ્પર્ધકો દ્વારા બેટી બચાવોની થીમ, ફૂલોની, માળો, મોરની, મિકી માઉસ, ફુલોમાં ગરબી, મોતીઓની અવનવી ડિઝાઈનની રંગોળી બનાવી હતી. આ સ્પર્ધા ને નિહાળવા કલાપ્રેમી ભાવનગરીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં, આ ઈવેન્ટમાં ઉમદા કૃતિ રજુ કરનાર કમ્બિઓને પુરસ્કારથી સન્માનિત કરી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## ગુજરાતમાં નવા વર્ષે નવી ૨૦ સ્લીપર, ૨૬ ડીલક્ષ એસટી બસનું લોકાપર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા વધુ ૪૭ જેટલી એસ.ટી.બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તમામ બસમાં ઈમરજન્સી ડોર, ઈમરજન્સી વિન્ડો, એસ્કેપ હેચ બે જેવી ઇમરજન્સી સુવિધા ઊભી કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા વધુ ૪૭ જેટલી એસ.ટી.બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ સ્લીપર તેમજ ૨૬ ડીલક્ષ બસનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. આ તમામ બસમાં ઈમરજન્સી ડોર, ઈમરજન્સી વિન્ડો, એસ્કેપ હેચ ૨ જેવી ઇમરજન્સી સુવિધા ઉપરાંત બસમાં સલામતી અનુલક્ષીને ડ્રાઇવરની કેબિનમાં તથા પેસેન્જર સલૂનમાં ૨ જગ્યાએ ફાયરની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ તમામ બસો પાર્કિંગ સેન્સર, ઈમરજન્સી સમયમાં પોલીસની સહાય મેળવી શકાય તે માટે તમામ બસની અંદર વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્ય અને આંતર રાજ્ય જેવા કે રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં પણ ગુજરાત એસટી બસ સંચાલન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા છેલ્લા ૧૫ દિવસમાં ૧૪૭ નવી બસ તહેવારના સમયે દોડતી કરવામાં આવી છે.

## અમદાવાદમાં સીજીએસટી ઈન્સ્પેકટર ₹ દોઢ લાખની લાંચ લેતો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સીજીએસટી વિભાગના અધિકારી લાંચ લેતા રંગેહાથ ઝડપાયો હતો. વર્ગ-૨ના કર્મચારીને રૂ. દોઢ લાખની લાંચ માંગી હોવાની જાણ થતા એસીબીએ છટકું ગોઠવી ઝડપી લીધા હતા. જેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ ફરીયાદી કલાયન્ટને વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં સર્વિસ ટેક્ષ નહી ભર્યા હોવા અંગેની ચાલુ વર્ષે ઓગષ્ટ મહીનામાં બે નોટીસ મળી હતી. જેથી તેમના વતી આ કામના ફરિયાદી આંબાવાડી ખાતે આવેલા સીજીએસટી કચેરીના વિભાગ ખાતે હીયરીંગમાં હાજર રહ્યા હતા અને પોતાના ક્લાયન્ટને કોઇ ટેક્ષ ભરવાનો થતો ન હોવા અંગે લેખીતમાં જવાબ પણ કરેલ હતો. તેમ છતાં સીજીએસટી વિભાગના ઈન્સ્પેક્ટર અરવિંદકુમાર લખેન્દ્રસીંહ દ્વારા તેમને રૂ.૧૫,૦૦,૦૦૦ ટેક્ષ ભરવાનો થતો હોવાનું જણાવેલ અને ન ભરવો હોય તો ૧૦ ટકા લેખે ૧,૫૦,૦૦ ની માગણી કરી હતી પરંતુ ફરીયાદી લાંચની રકમ આપવા ન માંગતા તેમણે એ.સી.બીનો સંપર્ક કરતાં ફરીયાદીની ફરીયાદ આધારે લાચનું છટકું ગોઠવવામાં આવ્યુ હતુ જેમાં આરોપી અરવિંદકુમાર લખેન્દ્રસીંહે પોતાની ઓફીસમાં ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણાં રૂ. દોઢ લાખ સ્વીકાર કર્યા હતા. દરમિયાન આ વહીવટ પૂર્ણ થતાની સાથે જ તુરંત જ એસીબીની અમદાવાદ ગ્રામ્ય પો.સ્ટેના ટ્રેપીંગ ટીમ ત્રાટકી હતી. જેઓએ અધિકારી અરવિંદકુમાર લખેન્દ્રસીંહને લાંચની રકમ સાથે રંગેહાથ ઝડપી લીધા હતા.

## ગુજરાત હાઈકોર્ટમાં ૧૩મી નવેમ્બરથી ૨૪મી નવેમ્બર સત્તાવાર વેકેશન

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટ અને લોઅર કોર્ટમાં ૧૨ દિવસના દિવાળી વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. જે મુજબ ગુજરાત હાઈકોર્ટમાં ૧૩મી નવેમ્બરથી ૨૪મી નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે.

૧૧ નવેમ્બરે બીજો શનિવાર હોવાથી અને ત્યારબાદ ૧૨ નવેમ્બરે રવિવાર હોવાથી ૧૧મી નવેમ્બરથી જ કોર્ટમાં રજાઓ શરૂ થઈ જશે. જ્યારે ૨૫મી નવેમ્બરે ચોથો શનિવાર અને ત્યારબાદ અનુક્રમે રવિવાર અને સોમવારે ગુરુ નાનક જયંતિ આવતી હોવાથી હાઈકોર્ટ હવે ૨૮મી નવેમ્બરને મંગળવારે ખુલશે. આમ હાઈકોર્ટમાં કુલ ૧૭ દિવસ રજાઓ રહેશે. જ્યારે લોઅર કોર્ટમાં પણ બીજા શનિવાર ૧૧મી નવેમ્બરથી રજાઓની શરૂઆત ગણતા નવ દિવસ બાદ ૨૦મી નવેમ્બરે કોર્ટ ખુલશે. આ સમયગાળા દરમિયાન તાત્કાલિક સુનાવણીની જરૂરિયાત હોય તેવા કેસ માટે હાઈકોર્ટ અને લોઅર કોર્ટ બન્નેમાં જજની ફાળવણી કરવામાં આવી છે.

## રાજકોટ સેન્ટ્રલ જેલના ૪૩ કેદીઓને પેરોલ પર મુક્ત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની સેન્ટ્રલ જેલમાં વર્ષોથી સજા કાપી રહેલા ૪૩ કેદીને દિવાળી ફળી છે. સરકાર દ્વારા રાજકોટ સેન્ટ્રલ જેલમાં રહેલા પાકા કામના ૨૬ જેટલા પુરુષ અને ૧૭ જેટલી મહિલાઓ સહિત ૪૩ કેદીઓને પેરોલ મુક્ત કરવામાં આવ્યા છે. પેરોલમુક્ત થતા કેદીઓ અને તેના પરિવારજનોમાં પણ આનંદની લાગણી ફેલાઈ હતી.

આ અંગે રાજકોટ સેન્ટ્રલ જેલના જેલરએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે બધા લોકો પરિવાર સાથે દિવાળીનો તહેવાર મનાવતા હોય છે. જે અંતર્ગત રાજ્ય સરકારે રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ૪૩ પાકા કામના કેદી જેમાં ૨૬ પુરુષો અને ૧૭ મહિલાઓ સામેલ છે, તેને પેરોલ પર છોડવાનો નિર્ણય કર્યો છે. આ કેદીઓને પેરોલ મુક્ત કારવાની સાથે લાડું તેમજ ચવાણું સાથે રાજ્યનાં જેલવડાનો શુભ સંદેશ આપવામાં આવ્યો છે. ૧૪ દિવસ પરિવારની સાથે રહી આ કેદીઓ દિવાળી સારી રીતે ઊજવી શકે તે માટે જેલ કર્મચારીઓ દ્વારા પણ આ તમામ કેદીઓને શુભેચ્છાઓ આપવામાં આવી છે.

## પાટડીમાંથી પકડાયેલા દારૂને ખાનગી વાહનોમાં ભરી લઈ જતાં ચાર પોલીસ કર્મી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાં પાટડીમાંથી પકડાયેલા દારૂને ખાનગી વાહનોમાં ભરી લઇ જતાં ત્રણ પોલીસ કર્મી ઝડપાયા હતાં.

પાટડી તાલુકાની હદમાંથી અલગ-અલગ સમયે પકડેલા વિદેશી દારૂના જથ્થાને નાશ કરવા લઇ જતાં સમયે ત્રણ પોલીસ કર્મી અને એક જીઆરડી જવાન સગેવગે કરતાં હોવાની વોટ્સએપ કોલથી પોલીસ વડાને જાણ કરવામાં આવી હતી. જેના પગલે આ તમામ સામે ગુનો નોધી અટકાયત કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ સુરેન્દ્નનગરના પાટડી, બજાણા, દસાડા અને ઝીંઝુવાડા પોલીસ મથકમાં પોલીસે દરોડા પાડી સીઝ કરેલા દારૂના જથ્થાનો બુલડોઝર ફેરવી નાશ કરવાની કાર્યવાહી કરવાની હતી. ત્યારે કોઈ અજાણ્યા શખ્સે એસપીને વ્હોટ્સએપ કોલ કરી જણાવ્યુ હતુ કે, તમારા પોલીસ સ્ટેશનના ગુનાનો માલ અમુક માણસો પોતાના ત્રણ ખાનગી વાહનોમાં ભરાવી રહ્યાં છે. આથી સુરેન્દ્રનગર એસપીએ તાકીદે દારૂનો જથ્થો નાશ કરવાની કાર્યવાહી અટકાવી પોલીસ તપાસના આદેશ કર્યા હતા. જેમાં તપાસમાં બજાણા પોલીસ મથકના ક્રિપાલસિંહ ચાવડા, ભાવેશ રાવલ અને ગોવિંદ ભરવાડ સહીત જીઆઈડી સભ્ય યોગેશ મેરાણી પોલીસની નજર ચૂકવીને પાટડી પોલીસ લાઈનના કમ્પાઉન્ડમાં રાખેલા ડમ્પર તથા એક ગાડીમાંથી બોટલો નંગ- ૧૧૬ કિંમત રૂ. ૪૩,૨૫૦, બે ગાડીમાં બોટલ નંગ-૩૪ કિંમત રૂ. ૧૩,૬૦૦ અને એક ગાડીમાં બોટલો નંગ- ૫૬ કિંમત રૂ. ૩૯,૬૦૦ મળી કુલ બોટલો નંગ-૨૦૬ કિંમત રૂ. ૯૬,૩૦૦નો મુદામાલ અલગ અલગ વાહનમાં ભરી લઈ જવાની તૈયારી સાથે મળી આવતા પાટડી પોલીસ મથકે ગુનો દાખલ કરી અટકાયત કરી તમામ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

## અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ વડોદરાને ૮૦ સેન્ટરો ફાળવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીમાં જેમ મહોલ્લા ક્લિનિક ચાલુ કરાયા છે તેમ કેન્દ્ર સરકારે પણ રાષ્ટ્રીયસ્તરે વસાહતો અને સ્લમ વિસ્તારો કે જે અર્બન હેલ્થ સેન્ટરોથી દૂર આવેલા છે, તેમને પોતાના વિસ્તારોમાં જ પ્રાથમિક આરોગ્યની સુવિધા મળી રહે તે માટે અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર શરૂ કરવાની યોજના મૂકી છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને આવા ૮૦ સેન્ટર્સ ફાળવવામાં આવ્યા છે. જેમાંથી ઉંડેરા અર્બન હેલ્થ સેન્ટર હેઠળ કરોડિયા ખાતે આવા પ્રથમ સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ ભારત સરકારના ૧૫મા નાણાપંચ અંતર્ગત આરોગ્ય લક્ષી સુવિધાઓનો વ્યાપ વધારીને શહેરીજનોને તેઓના રહેઠાણની નજીક આરોગ્ય સવલતો પૂરી પાડી શકાય તે માટે અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને અમલી બનાવી છે.

વડોદરાના પશ્ચિમ ઝોનમાં સયાજીગંજ બેઠકમાં સમાવિષ્ટ કરોડિયા કે જે હવે કોર્પો.ની હદમાં છે અને ત્યાંના લોકોને કોર્પોરેશનનું અર્બન હેલ્થ સેન્ટર દૂર પડતું હોવાથી સામાન્ય દર્દોની સારવાર માટે પોતાના જ વિસ્તારમાં સવલત મળે તે માટે આ સેન્ટર ચાલુ કર્યું છે. જ્યાંથી તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઉલટી, વગેરેની નિઃશુલ્ક સારવાર મળી શકશે. ભવિષ્યમાં આવા સેન્ટરમાં નવ પ્રકારના પ્રાથમિક ટેસ્ટની સુવિધા શરૂ કરાશે. સવારથી સાંજ સુધી આ સેન્ટર ખુલ્લા રહેશે અને કોર્પો.ના ડોકટરો ઉપસ્થિત રહેશે.

ગ્રામ પંચાયતની જૂની કચેરી જ્યાં હતી, ત્યાં આ સેન્ટર ચાલુ કરાયું છે. અર્બન હેલ્થ સેન્ટર, કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર અને હવે છેવાડાના લોકો માટે અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર વધુ ચાલુ કરવામાં આવશે. ટૂંક જ સમયમાં આવા ૨૦ સેન્ટરોના ઉદઘાટન કરવામાં આવશે.

## ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર મેળવવા ૬૦ વર્ષ જૂના હક્કપત્રકો જોડવાના નિયમનો વિરોધ

અમદાવાદઃ પોરબંદર જિલ્લાના ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર મેળવવા ૬૦-૭૦ વર્ષ જૂના હક્કપત્રકો જોડવાના નિયમનો વિરોધ કરીને વર્ષ ૨૦૧૬ના પ્રમોલગેશનને આખરી માન્યતા આપવાનો હુકમ કરવા માંગણી થઇ છે.

મળતી માહિતી મુજબ મુખ્ય પ્રધાન સમક્ષ કરાયેલી રજૂઆતમાં જણાવ્યું છે કે પોરબંદર જિલ્લાના ખેડૂત ખાતેદારો જે ગામની ખેતીની જમીન ધરાવતા હોય તેવા ખેડૂત ખાતેદારો ગુજરાત રાજ્યના અન્ય કોઇપણ તાલુકા કે જિલ્લામાં ખેતીની જમીનો ખરીદે અને તે અંગેની હક્કપત્રકે નોંધ પડાવવાના સમયે નાયબ કલેક્ટરનું ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર સાથે જોડવાનું ગુજરાત સરકાર દ્વારા ફરજીયાત છે. ખેડૂત ખાતેદાર પાસે જે ગામની જમીન હોય તે જમીનના કોમ્પ્યુટર આધારિત ગામ, નમૂના નં. ૭માં દર્શાવેલી તમામ નોંધો જોડી નાયબ કલેક્ટર કચેરી પોરબંદર તેમજ નાયબ કલેક્ટર કચેરી કુતિયાણામાં ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર મેળવવા ઓનલાઇન અરજી કરે છે ત્યારે આવા પ્રમાણપત્રની માંગણી કરનાર અરજદાર પાસે નાયબ કલેક્ટર કચેરી તરફથી ૬૦થી ૭૦ વર્ષ જૂના એટલે કે બાપદાદાના સમયથી ખેતીની જમીન ધારણ કરતા હોવા અંગેના તેમની પાસે ગામ નમૂના નં. ૬ના ઉતરોતરની હક્કપત્રકની નકલો અરજી સાથે ઓનલાઇન અરજીમાં અપલોડ કરવા જણાવવામાં આવે છે અને આવી ૬૦થી ૭૦ વર્ષ જૂના હક્કપત્રકની નોંધો ના મળવાને કારણે આવી અરજીઓ ફાઈલે કરી દેવામાં આવે છે. ખેડૂત ખાતેદારોનું પ્રમાણપત્ર મેળવનાર પાસે ૬૦થી ૭૦ વર્ષ જૂના હક્કપત્રકો હોતા નથી તેમજ જે તે ગામના તલાટી મંત્રી કે મામલતદાર કચેરીમાં તેમના બાપદાદાના વખતના એટલે કે ૬૦થી ૭૦ વર્ષ જૂના હક્કપત્રકોની નોંધો શોધી આપવા માટે અરજદાર અરજી કરે છે ત્યારે આવી નોંધો વરસાદમાં પલળી જવાના કારણે પૂર, હોનારતમાં નાશ પામવાથી કે કાગળોમાં ઉધઇ પડી જવાના કારણે અક્ષરો ઝાંખા અને અવાચ્ય થઇ જવાના કારણે આવી બાપદાદાના વખતની એટલે કે ૬૦થી ૭૦ વર્ષ જૂના હક્કપત્રકની નોંધો મળતી નથી. ગુજરાતના ખેડૂતોના હિતમાં નાયબ કલેક્ટર અને હવે પછી નવી માપણી બાદ મામલતદાર તેમજ નાયબ મામલતદાર દ્વારા જે ખેતીની જમીનના ખાતાની ૧૦૦ ટકા મેળવણું ચકાસણી થયા બાદની સને ૨૦૧૬માં પ્રમોલગેશનની નોંધ પડી ગઇ હોય તેવા ખેડૂતોની નોંધને આખરી નોંધ ગણી ખેડૂત ખાતેદારને તેમની માંગણી અનુસાર ખેડૂત ખાતેદારને નાયબ કલેક્ટર દ્વારા તુરંત પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે તેવો હુકમ કરવા માગણી કરાઇ છે.